श्रीजगदंबिकाप्रसन्नोस्तु.

जगदेकचंद्र-विशालाक्षी नाटक.

चतुर्थांकि.

રચી છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

જંબુપુર નિવાસી.

અંબાશંકર મોતીરામ—ભરૂચી.

તથા

મોહનલાલ અમથાભાઇ—ઉપાધ્યાય.

આવૃત્તિ ૧ લી. (પ્રત ૧૦૦૦)

અમદાવાદ

ટંકશાળમાં "યુનિયન" પ્રિન્ટિંગ પ્રેસ.

વિક્રમાર્ક ૧૯૫૦. સને ૧૮૯૪.

મૂલ્ય આના ૧૨ બાર.

तत्सत्परमात्मनेनमः

उपोद्घात.

આર્યજનો ! કોઇપણ કાર્યમાં પ્રયોજન વિના પ્રવૃત્તિ થવાનો સંભવ રહેતો નથી. અને તે નિયમાનુસાર અમારો મુખ્ય હેતુ સાર્વજનીક અને લોકોપયોગી "ભ્રાતૃ સ્નેહદર્શક" નાટક રચી અમારા જીજ્ઞાસુ આર્ય વર્ગની સેવામાં મુકવું એજછે.

જો કે સામ્પ્રત કાલમાં સરિતા પ્રવાહ માફક અનેક પુસ્તક બહાર પડે છે તદપિ આ તેમાં એક વૃદ્ધિ તરીકેછે એવું માનવું એ સુજ્ઞ વર્ગને અનુચીત્ત છે.

મનુષ્યની અનન્ય કારણોથી પ્રગટ પામતી વિવિધ મનોવૃત્તિઓ તૃપ્ત કરવા વિદ્યામાં પણ નીપુણ રહેલા પુરૂષો સમર્થ થતા નથી, એમ કલ્પના કરી શકાયછે.

આધુનીક સમયમાં મનુષ્યના પ્રસુતી પામતા તર્કોને નાશ પમાડવા સારૂ દ્રષ્ટાંત રૂપ એ અવસ્યકાર્ય સાધકછે.

વાંચક વર્ગ કે જેઓ નાટકરૂપ સૃષ્ટિમાં તદ્દન લિન થઇ ગયા છે તેઓ આ સંસારના રોગ, દરીદ્રતા તથા શોકાદિની વિસ્મૃતિ કરી તેમના મહાન ગંભીર તર્કમાં પોતે નિમગ્ન રહેછે એટલુંજ નહી પરન્તુ અનિતી, અજ્ઞાનતા, અને દુર્વિકારનો નીર્મુલ પરિત્યાગ કરી પોતે પવિત્ર અને સદ્દગુણની ચાદર ઓઢેછે.

સજ્જનો ? અથઇતિ મનન કરવાથી મુખ્ય હેતુ શું છે તે ત્વરાથી વાંચક વર્ગના ખ્યાલમાં આવશે.

અમે કાંઈ સ્વસ્તુતિ તથા પર નિંદા કરવા જરા પણ ઈચ્છતા નથી; એક અનુભવ રહીત અને સામાન્ય બુદ્ધિના માણસ છીએ અર્થાત્ વિદ્વાન ગ્રંથ કર્તાની પદ્દિમાં બેસવાની ખાલી તૃષ્ણા રાખતા નથી. અમે અમારી અલ્પ શક્ત્યાનુસાર આ લઘુ પુસ્તક રચી આર્ય જનોની સેવામાં મુક્યુંછે.

હવે અમારે આ સ્થળે ભુલી જવું ના જોઇએ કે રા. રા. **મગનલાલ મોતીરામ** તથા **નાગેશ્વર અમથાભાઈ** કે જેમણે અમારા તરફ વિશેષ પ્રેમ દર્શાવી પુસ્તક પ્રસિદ્ધ કરવામાં ઉત્તેજન આપ્યું છે. તેથી તેમને અમારી સુદ્ધાંતઃકર્ણથી નમ્ર પ્રાર્થનાછે.

તેમજ મી. સુર્યરામ ભાઉભાઈ દેશાઈ શ્રી **આર્ય ધર્મોત્તેજક વિદ્યા પ્રસારક સભાના** પ્રમુખ, જેમણે આ કાર્યમાં અમારા ઉત્સાહને સારો રંગીત કર્યોછે.

તેમજ છેવટે આશ્રય નોંધમાં નોંધેલા દરેક સદ્દગૃહસ્થોને અમારી વિજ્ઞાપનાછે.

લી.

"શ્રી" કર્ત્તા.

પાત્રજન.

જગદેકચંદ્ર	...	...	...	નૃપતિ
કુસુમરાય	...	...	...	તેનો ભાઇ
પ્રમતીસેન	...	...	...	જગદેકચંદ્રનો પ્રધાન,
નીતિભાનુ	...	...	...	બ્રહ્મકુમાર
મોહુમિશ્રરાય	...	...	...	માંડલીક રાજા
સંગ્રામસિંહ	...	...	...	એક રજપૂત
રૂપસિંહ, વનવીર	...	...	...	બંને ભ્રાતને જગદેકચંદ્રના વનના સાથીઓ.
ઉદયાસૈલ	...	...	...	વિશાલાક્ષીનો પીતા
વિશાલાક્ષી	...	...	...	તેના પુત્રી ને જગદેકચંદ્રની સ્ત્રી
સાત્વીકી	...	...	...	કુસુમરાયની સ્ત્રી
સ્નેહલતા, મલ્લિકા	...	...	...	સહચરીયો
વેત્રધારી	...	...	...	છડીદાર
તરંગદાશ	...	...	...	માલી

શિવાય—સૂત્રધાર, પ્રતિહાર, પુરોહીત, પ્રધાન, વિદુષક, યોગી, શીષ્યો, શેઠ, શેઠાણી, ઇત્યાદી.

શાર્દુલવિક્રીડીત મંગળાચરણ.

આરાધુ જગદિશ્વરા મન થકી, તારો સદા આસરો,
વિઘ્નો દૂર કરો તમે વિભૂવરા, સ્તુતિ રૂદેમાં ધરો,
વંદુ દેવ કૃપાળુ આજ તમને, શાન્તિ ઉરે ધારજો,
બુદ્ધિ નિર્મળ આપીને જગત્‌માં, કષ્ટો કૂડાં કાપજો. ૨
બ્રહ્માડાધિપતિ નમુ વિનયથી, સંતાપ સર્વે હરો,
ભક્તિ પ્રેમ થકી રહે તમપરે, દૃષ્ટિ દયાની કરો,
વિદ્યા જ્ઞાન વિવેક દીન ગણીને, દેજો તમે સર્વથી,
ત્રાતા હે જગના પતિ નમિ નમિ, ઝાઝું કહું શું કથી. ૩
જેણે સૃષ્ટિ વિષે વિચિત્ર કૃતિથી, કાર્યો કર્યા છે ઘણાં,
તેવા નાથને હું નમું સરવદા, જેમાં નહિ રે'મણા;
જેનો પાર ન પામતા મુનીવરો, વાચા થકી શું કહું,
સ્વામિ વ્યાપી રહ્યા તમે જગત્‌માં, છાનું શું રાખી શકું. ૩
વંદુ હું પર બ્રહ્મને વિનયથી, વંદુ સદા ઇશને,
વંદુ છું જગદેવ દેવ ગણીને, વંદુ હું વિશ્વેષને,
દેવાધી વીભુ શર્ણ છું સુખકરા, દોષો ન વિચારશો,
જાણી બાળ કનિષ્ટ આ તમતણો, સંસારથી તારશો. ૪
સાષ્ટાંગે નમું નાથ, નાથ, તમને, આપો મને સુમતી,
રાખું છું વિશ્વાસ પૂર્ણ મનમાં, ટાળો સદા કૂમતિ,
ભકિત આપ તણી સદા મન વિષે, ભાખું અરે નાથજી,
ધારેલું શુભ કાર્ય પુરણ કરી, આપો મને સદ્‌ગતિ. ૫
લજ્જાછે તમ હાથ નાથ બધીએ, લાગુ હું પાયે સદા,

પાપો માફ કરો તમે શિશુ ગણી, દેજો તમારી કૃપા,
સત્તા આપ તણી અનંત જગમાં, પ્રીતી દયા છે ઘણી,
આવે સુર્ય શશી ગૃહાદિ ધરણી, વસ્તુ બનાવિ બધી. ૬
શાન્તિ શાન્તિ કરો અરે વિભૂ વરા, **શાન્તિ**જ આપો અતિ,
શાન્તિ બાળ ગણી તમે ખુબ કરો, **શાન્તિ**ની દેજો મતિ;
શાન્તિ છે સુભ **શાન્તિ** આ અવનિમાં, **શાન્તિ**જ **શાન્તિ** સદા,
શાન્તિ દો ખૂબ **શાન્તિ**દો મુખ થકી, માગુ છું વિશ્વેશ્વરા. ૭

રંગભૂમી.

નાટકાચાર્ય—(સભા તરફ જોઇ) અહો પ્રેક્ષીતજજનો, વિદ્વજ્જનો સુહૃદ્જજનો, આજ અત્યાનંદથી તે રસોત્કર્ષથી તમારી સમક્ષ,

"શ્રી જંબુપુર નિવાસી જુના શ્રીગૌડ માળવી પ્રથીત"

"જગદેકચંદ્ર" નાટક ભજવી બતાવવાનું છે. તે એકાગ્ર ચિત્તે આદ્યંત શ્રવણ કરશો; એવી મારી નમ્ર પ્રાર્થના છે. (પડદા તરફ જોઇ)

મારિષકુમારિષ-(પ્રવેશં કરીને) ભાવ. શી આજ્ઞાછે?

નાટકાચાર્ય—શું એટલામાં તને વિસ્મૃતિ થઇ ગઈ.?

મારિષ—ત્યારે આપે શું કહ્યું હતું?

નાટકાચાર્ય—આજ આર્ય સભા સમક્ષ એક નવિન નાટક ભજવવાનું છે.

મારિષ—હા, હા, હવે મને સ્મરણ આવ્યું.

નટી—(પ્રવેશ કરી)

(ચેષ્ટા) પ્રાચિન બહુધા નાટકથી આપની મનોવૃત્તિ શાંત થઈ હશે નહી વારૂ ?

નાટકાચાર્ય—પ્રીયા! એ ત્હારૂં બોલવું વીરસછે; એની રસજ્ઞતાની તો પરિસિમા. અધુના સુહ્રદને સાક્ષી ભૂત? "ભ્રાતૃ સ્નેહ," અને રસાળં-કાર લોક પ્રીય થઈ પડે એમછે.

નટી—પ્રાણનાથ ! ! જો એમ હોય તો ઘણીજ ખુશી ! સત્વર કરો !

નાટકાચાર્ય—ભાવ સંગીત શાળા હજી કેમ સુન્ય દિશેછે. ?

મારિષ— એ તે મને શું પુછો છો ? સર્વે પાત્રો તૈયારછે; જો આજ્ઞા હોય તો બોલાવું ?

નાટકાચાર્ય—એમને ત્વરીત બોલાવો.

મારિષ—પાત્ર જનો ! આજ ત્રેલોક્ય રક્ષક, દૈત્યનાશિનિ, સ્થિતિ, ઉત્પત્તિ, પુષ્ટી, અને લય કરનાર જગદંબીકાનું સ્તવન કરો કે તેથી નાટક નિર્વિધ્ને સંપૂર્ણ થાય.

સર્વે પાત્રો (રાગ) નાટકી કલ્યાણ.

જય આરા સુરી, તું વિઘ્ન લે હરી,
કાપ પાપ ભક્ત જાણી, હે સુરેશ્વરી, જય આરા.
રક્ત બીજને માર્યો દેવી, કીધો તેં ચકચૂર,
ચંડ મુંડને રણમાં રોળ્યા, માર્યો મહિષા સૂર, જય આરા.
ગિરિ નંદિની બ્રહ્મવાદિનિ, આયુદ્ધ તું ધરનાર,
અસુર મારી સૂર રખવાળી, દેવી તુ કરનાર, જય આરા.

સર્વ શક્તિમાં શ્રેષ્ટ દિસોછો, માજી નમીયે પાય,
કૃપા કરો આ સેવક ઉપર, દુઃખજ પ્રલય થાય, જય આરા.
વિનતિ ઉર ધરીને અમારી, આપોને સુખ શાન્ત,
ભર્ત ભૂમીના બન્ધુ ઉપર, દયા કરો હે માત, જય આરા.
સુરવર મુનીવર ધ્યાન સમાધિ, ધરે અહોનીશ સાર.
દુઃખ દારિદ્ર હરજો સર્વે, નમિએ વારંવાર, જય આરા.
તિમિર સરવે વ્યાપિ રહ્યુંછે, કરજો તેનો નાશ,
કહીએ હવે ભાવધરીને, પુરજો મનની આશ, જય આરા.
નવિન નાટક આજ ભજવવા, હૈયામાં ધરી હામ,
વિધ્ન ન આવે આ નાટકમાં, કરજો પુરણ કામ, જય આરા.

(સંપૂર્ણ.)

जगदेकचंद्र અને विशालाक्षी
नाटक.

અંક ૧ લો.
પ્રવેશ ૧ લો.

સ્થળ—(ચંદ્રભાગા)

સ્નેહલતા—હે અજર ! અમર ! અવીનાશિ ! આટલું બધું કરવા છતાં, અમારા જેવી રંક સ્ત્રીયોના પ્રારબ્ધ, તેં પ્રતિકુળ કેમ ઘડયાં ? કે જેથી અમારી દીર્ઘકાળ સૂધી પહોચતી સુભ આશાનું ખંડન થવું હવે નિકટ આવ્યુંછે. અરેરે ! ! મહા પ્રતાપિ વિરત્વ ધારી મહાન રાજા જેણે ન્યાય, ધર્મ, દીન, શિળતા,નો કદિ પણ ત્યાગ કર્યો નથી, એવા સૂરા ઉપર દુઃખ રૂપી વરસાદ હવે તેં વરસાવવા ધાર્યા છે ? ?

મલ્લિકા (પ્રવેશ કરેછે)—સખી ? સાવધ રહે ! સાવધ રહે ! આવા કઠિણ સમયમાં અનર્થ કલ્પનાઓ કરવી એ યોગ્ય છે નહિ, ધારેલી મનવાંચ્છના પૂર્ણ થવી એ દૈવાધિનછે.

સ્નેહલતા—સખી ! ત્હારૂં કહેવું સ્તુતિ પાત્રછે, પરન્તુ મારા કોમળ હૃદયમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક થઇ મન જરા પણ શાન્ત થતું નથી.

મલ્લિકા—લે ત્યારે શ્રવણ કર આજ હું એક શુભ સૂચક ખબર લાવીછું?

સ્નેહલતા—બ્હેન! એવું હોય તો મને તે ત્વરીત કહે, જેથી અદ્યાપિ સુધી પ્રગટ પામતા વિચારો જલદી નાશ પામે.

મલ્લિકા—રાણિ, અનેક પ્રકારના યજ્ઞ વૃત્તાદિકથી સગર્ભા થયેલાંછે, તેથી હું તને અત્રે શુભ સમાચાર કહેવા આવીછું.

સ્નેહલતા—અત્યાનંદ! અત્યાનંદ! હે પરમાત્મા, રાણિને સંતતિ પ્રાપ્ત જલદી થાઓ.

મલ્લિકા—સખી! સાંભળ કાંઇ ધ્વની આવતો હોય એમ માલમ પડેછે.

સ્નેહલતા—અત્રે તો કોઈ નથી (નેપથ્યાભીમુખે જોઇને) સખી! એતો સાત્વીકી આવતા હોય એમ માલમ પડેછે. (પ્રવેશકરેછે.)

સાત્વીકી—તમે અહીં શા તર્કવિતર્ક કરોછો? ચાલો? ચાલો? રાણિને પ્રસવ સમય સમિપ આવ્યો છે.

સ્નેહલતા (સહર્ષ)—સખી મલ્લિકા!! જેને વિષે આપણ બંને વચે સંવાદ ઉત્પન્ન થયો હતો તે, મનકામના પૂર્ણ થવાના શુભ સમાચાર મળી આવ્યા, ચાલો! (જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—અંતઃપુર.

(સુખાસના રૂઢ) **રાણી**—અરે આજ વપૂની અંદર મને જરા પણ ચેન પડતું નથી, મારૂ શરીર આ દુઃખાદિથી ઘણુંજ ક્ષીણ થઇ ગયુંછે,

આ કરતાં હું મરણાધિન થઉં તો અતિ ઉત્તમછે, મારૂં અંગોઅંગ શિથિલ થઇ ગયું, મારૂં દક્ષિણ ચક્ષુ પણ આજ ફરકવા લાગ્યુંછે, મને કંઇ પણ વસ્તુ આજ પ્રિય લાગે એમ નથી. (નીશ્વાસ નાખી)

दैवोदुर्वलघातकः એ કહેવતાનુસાર મારે આજ થયું. મારા સૌભાગ્ય સુચક તે પણ આ સમયે મારા ચક્ષુ સાન્નિધ્ય નથી, મારી પ્રિય પુત્રી સાત્વીકી જેને મેં દાશીઓને બોલાવવા મોકલીછે તે પણ હજુ સુધી મારી પાસે આવી નહીં. (એટલામાં ત્રણે પ્રવેશ કરેછે.)

સ્નેહલતા—પ્રીય મલ્લિકા? આતો ગૃહણ વખતે સાપ નીકળે એમ થયું? આપણે તો ઘણા હર્ષમાં હતાં પણ દૈવેતો વિપરિત કીધું.

રાણી—(સરોષ) નહિ તમને કહ્યું હતું કે ત્વરાથી આવજો! પરન્તુ આતો ઘણો વિલંબ થયો.

મલ્લિકા—માજી, ક્ષમા ?? ક્ષમા ?? અમો રંક કિંકરીઓ તમારી પાસે ક્ષમા માગીએ છીએ ? હમો જરા વિચારમાં પડયાં તેનેજ લીધે વિલંબ થયો.

રાણી—(અચાનક) અરેરે મારો કંઠ આજ રૂંધાઇ ગયો. પરમાત્મા આ રંક પૂત્રીયે તે એવડાં શાં પાપ કર્યા હશે ? ? (પ્રથ્વીપર મૂર્છા ખાઇને પડેછે ને સ્નેહલતા મલ્લિકા તેની પાસે આવે છે).

સ્નેહલતા—માજી, અચાનક આ શું ! અમને અશુભ સ્થિતિ !

રાણી—હે પુત્રી તુલ્ય ! હવે તમે કંઈ પણ શોચ ન કરો ! લખ્યો લેખ કદિ મટતો નથી. દૈવે ધાર્યું હોય એમ થયાજ કરેછે.

સ્નેહલતા—આપનું કહેવું યથાર્થ છે? પરન્તુ આપનો પ્રેમપાશ તજવો એ અમને દુઃખ દાયક છે.

રાણી—તમે જાણો છો કે જ્યારથી આ આપત્તિ આવી પડી, ત્યારથીજ મારી સ્થિતી દુર્બળ થઇછે, અને હું નક્કિ જાણુતી હતી કે હવે આ દુનિઆમાં દીર્ઘકાળ સૂધી મારૂં અસ્તિત્વ રહે એમ નથી.

મલ્લિકા—હાં, હાં, એવું દુઃખદ વેણ ન વદો!

રાણી—હવે મારે તમને મરણાન્તે કહેવાનું કે વિશાલાક્ષી જે હમણાં ઘણી નાની વયમાં છે તેનું રક્ષણ કરી ક્ષત્રાણિના ધર્મ, વિષે કેળવણિ શીખવી પુખ્ત વયે કોઇ વિરત્વ ધારી ક્ષત્રી બાળ સાથે લગ્ન કરજો!

સ્નેહલતા—(નમન કરી) તમારૂં સવિસ્તર કહેવું સર્વોત્કૃષ્ટ છે.

રાણી—સ્વયંભુ પરમાત્મા! તમારૂં કલ્યાણ કરો.

સાત્વીકી—(સખેદ) માજી! મને તેમજ આ નાની વયની વિશાલાક્ષીને તજી જશો !!!

રાણી—(મસ્તક ઉપર હાથ મૂકી) પુત્રી અધિરી મા થા? અનિવાર્ય મર્ણ કોઇને મુકતુ નથી, આ મારી દુઃખીઆરી દેહ હવે મર્ણાધિન થાય છે. (એટલામાં એકદમ પડી જાયછે ને પડદો પડેછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—"વિદ્યાચલભુવન."

ઉદયાશેલ—નગ્રનું દ્વાર ચક્ષુ શાનિધ્ય થતાં કાંઇ અશુભ થયું હોય, એમ મને દિશવા લાગ્યું. ના, ના, મન એવા ખોટા તર્ક ના કર! એવો તે મેં દૈવ્યનો શો અપરાધ કીધોછે! કે પીપિલીકા ઉપર કટક ચડાવે!! અરે આ શું? ચારે દિશાએથી અપવિત્ર ધ્વનીનું શ્રવણ થવું, દરેક વસ્તુનું નિસ્તેજ થવું, મારા પ્રેમાગ્નિનું મંદ થવું, ઇત્યાદિ

અનેક પ્રકારના અપસુકન થાયછે ? (એટલામાં એક દૂત પ્રવેસ કરેછે) કૃપાનિધાન ? અનિવાર્ય દૂષ્ટ મર્ણે આપની પ્રીય પત્નિનું હર્ણ કીધુંછે. (એટલામાં રાજા મૂર્છા ખાઇ પડેછે) રે પ્રભુ !! મારા જેવા રંકને આ શું કીધું??

દૂત—હે નરાધિપ ? આપના જેવા સુજ્ઞને આવો શોચ કરવો અનુચિત્તછે. જે થવાનું હોય તે દૈવાધિક થયાજ કરેછે, (જરા આ-સ્વાસન કરેછે એટલે શુદ્ધિમાં આવેછે) ખેર, યોગમાં પૂર્ણ મહંત પુ-રૂષો પ્રારબ્ધને તૃણવત્ ગણીને પુરૂષાર્થને પ્રાધાન્ય માને, તથાપિ મારે સ્વાનુભવ સિદ્ધાન્ત કયે પ્રકારે અનર્થ માનવો? અરે,રે, પ્રિયા તારા સકોમળ મુખનું હવે હું પુનરપિ દર્શન કયારે કરીશ ! અરે, તારા મધુથી મિષ્ટ શબ્દો હવે હું કયારે શાંભળીશ? હવે ત્હારા અધરા મૃતનું પાન પુનઃ આ ભવમાં હું કયારે કરીશ? અરેરે, ત્હારા દયાલુ નાથની તને જરા પણ દયા ન આવી ? રસિલી મને વિયોગી કરી જવું એ તને યોગ્ય નહતું.

વસંતતિલકા વૃત.

આહો હતી ઘટીક કેમ, પ્રીયા જવાની,
તારા સમી નહી મળે, મુજને રસિલી;
નીભાગ્યને તજી અરે, કેમ આવું કીધું,
હા, હા, પ્રિયા વિપુળ દુઃખ મનેજ દીધું.

અપિચ—આ તાહરો પ્રીય પતિજ, વિયોગ પામી,
બેઠો અરે ક્ષીણ થઇ, ક્ષણું હું વિરામી;
નારી રસિલી મદ, ઘેલી ગઇ હવે તું,
સરવે રીછે દુઃખદ, પ્રાપ્ત થયું મને શું.

લલીત છંદ.

સુખદ દેણુ તું કયાં ગઇ અરે, અવતીમાં કર્યો એકલો ખરે;
નવ નવી કતી માણુતાં પ્રિયા, સુખદ ટાળીયું શું કરૂં કિયા.
ભટકતો કર્યો નાથને અહીં, જગત્ છોડીને સ્વર્ગમાં રહી;
વિનયથી પ્રિયા સઘ બોળતી, અરરર હર્ષથી કંઠ લાગતી.
ભવતણાં દુઃખોં આપણાં થયાં, વિવિધ પાય આ કયાં પ્રભુ કર્યાં;
કયમ થશે હવે રે પ્રભુ મને, દિવસ દોહ્યલા રે દિસે કને.
અરરર હે પ્રભુ કયાં જઇ ઠરૂં, કરમ શું કર્યું કર્મ તાહરૂં;
સ્ત્રજલ તેત્રથી નાથ આ રૂવે, દિવસ દુઃખના આવીયા હવે.
નિકટ સ્નેહતો સાંભલે બહું, તુજ વિયોગથી આંહી ના રહું;
મુજ શરીરમા લાહ્ય થાયરે, તજી મને ગઇ હાય હાયરે.

અરે, રે શું મારૂ બોલવું આ સ્વપ્રમાં થાય છે કે શું ? જે પ્રિયાને હું ઘાડા પ્રેમથી આલીંગન દેતો હતો, તે આ અસાર સંસારમાં વિયોગી કરી ગઇ ? રે જેનું મુખ ચંદ્ર કરતાં પણ વિશેષ તેજોમય હતું ને જે મધુર હાસ્યથી રસ અને ગાનાદિવડે આનંદ આપતી તે આસ્વપ્ન વત્ સંસારમાં અદ્રશ્ય થઇ ગઇ ? હવેજ મને માલુમ પડયું કે આ નાશવંત સંસારમાં, અનેક પ્રકારના દુઃખાદિનો સમાવેશ થયેલોછે. રે ? હવે મારે રહેવાને અતિ રમ્ય મંદિર હોય તેમજ શાંભળવાને યોગ્ય, ગાયનાદિ પ્રકાર હોય; તથપિ મારી પ્રિતી તેનાપર હવે પુનરપિ થાય એમ નથી મારો સઘલો મોહ, હવે ક્ષીણ થઇ ગયોછે ? પતંગવત્ આ દેહ, ભૂમીની સાથે કોઈ દિવસ મળી જશે તો પછી આ રાજ્યપાટાદિ શા કામનું ? કહ્યું છે કે—

‡ भिक्षाकामदुघाधेनुः कन्याशीतनिवारिणी
अचलातुशिवेभक्तिर्विभवैः किंप्रयोजनम् ॥

માટે ચાળ જીવ ? ? હવે અત્રે લાંબા લખત સૂધી રહેવું, એ જરાપણ ઉચિત નથી. (એમ કરી જવા માંડેછે) (પાછો ફરીને) અરે આ ખાળી તૃષ્ણા મને હજી છોડતી નથી. મારી પ્યારી પુત્રી વિશાલાક્ષી, તેમજ મારૂં રાજ્ય મને યાદ આવ્યું તેથી તત્કાળ જ્ઞાની પ્રધાનને બોલાવી તેને હસ્તગત કરવું એ યોગ્ય છે. (એટલામાં પ્રધાન પ્રવેશ કરેછે) અહો ! જેને માટે હુ શોચના કરતો હતો, તે પણ સત્વર આવી પહોચ્યા.

પ્રધાન—(નમનકરી) પૃથ્વીનાથ ? મને બોલાવવાનું શુ પ્રયોજન હતું ? ?

રાજા—પ્રધાનજી ! ! મારી આજ્ઞાનુસાર વર્તવાને કબુલ કરતા હોયતો સાંભળો.

પ્રધાન—કૃપા નિધાન ! ! એવું તે આપણા રંકદાશને કહેવાનું શું છે?

ઉદયાસૈળ—મારે હવે આ ભૂમીનું પુનઃદર્શન કરવું નથી, તેમજ રાજ્ય પાટાદિનો ઉપભોગ ફરીથી કરવો નથી ને મારી પ્રિય પુત્રીની સંભાળ લેવાને હું તમને આજ્ઞા કરૂંછું, (એમ કહી જવા માડે છે).

પ્રધાન—રે, રે, આવું દુઃખદ વેણ ન વદો ! મારે આ રાજ્યપાટ કાંઈ કામનું નથી, કિન્તુ તમારી ભક્તિમાં આરૂઢ થવું, એ મને અતિ ફળદાયક છે; મહારાજા ! પ્રથમતો આપણી મનોવૃતિઓ એકજ

‡ ટીકા—કામ દુધા ગાય જેવી ભિક્ષાછે, ટાઢને વારનારી કંથાછે અને શિવ ઉપર અચળ ભક્તિછે તો વૈભવનું શું પ્રયોજન છે?

હતી, પરંતુ અધુના આપના શબ્દોચ્ચારથી જાણે ભિન્નતા પામી ગઈ ન હોય? એમ માલમ પડેછે.

રાજા—પ્રધાનજી આપનું કહેવું યથાર્થ છે. કારણકે—

*** यूयं वयं वयं यूव मित्यासीन्मति रावयोः ।**
किंजात मधुना मित्र यूयं यूयं वयं वयंम् ॥

(એમ કહી રાજા જંગલમાં જવા માંડેછે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ઉદ્યાન.

સ્નેહલતા—પ્રિય સખી!! જો, જો, આરમ્ય ઉપવનમાં વિવિધપ્રકારના વૃક્ષો કેવાં અનુપમ શોભા આપી રહ્યાં છે?? અત્રે ગુંજાર કરતા ભ્રમરો નવીન સુગંધમય કુસુમરસ લેવા અહીં તહીં ભમ્યા કરેછે; (વાયુ આવ્યા જેવો અભીનય કરી) સખી આ અલૌકિક પરીમળ મંદમંદ વાયુ કયાંથી આવ્યો! આ હા! હા!

નારંગી નવમાલીકા, વડજાુઈ, સીતાફળી, શું ફુલી,
કેસુ ચંપક આમલીજ કદલી કોરંગીને કેતકી,
પારીજાતક લીમડી ફણુસ. છે દેખાવ આ બીજડી,
ચંબેલી ગુલબાસ રામફલી ને બીજોરી ને બાવળી,

---

* ટીકા—હે, મીત્ર તમે તે અમેજ અને અમે તે તમેજ એમ પ્રથમ આપણી મતી હતી, હાલતો તમે તે તમે અને અમે તે અમેજ એમ થયું છે. (તુ તે તુ ને હું તે હું)

બીલી ખેર અખોડને ગુલબસો સેવંત્રીને એખરો,
જાઈ ડોલર ને અશોક અરીઠી ગુલાબ નેવીકલો,
ચંપો, સીસમ સાગ પીપલ વળી પાલાશને બાવળ,
આંબા રાયણ કેસુડા અડુસીછે પ્રીતે જૂઓ પીપળ.

મલ્લિકા—બ્હેન? ત્હારૂં કેવું યથાર્થ છે, પરન્તુ આ સુગંધ મય ગુલાબ, મોગરો, ચંબેલી, જાઇ આદિના પુષ્પો સીતોપચારાર્થે લેઈ હવે સત્વર ચાલો. (એમ કહી પુષ્પ લેછે)

સ્નેહલતા—બેન આ સુગંધમય પુષ્પવડે સુકુમાર અને કોમળ વપુવાળી વિશાળાક્ષીને સુખશાતા થશે એ નિઃસંશયછે.

મલ્લિકા—પ્રિયસખી!! કેવું સ્તુતિપાત્ર છે! કારણ કે હવે નવ યૌવનમાં, ભગવાન કુસુમાયુદ્ધના પાપી પવનમાં ફસવા એનો વખત નિકટ આવતો જાયછે.

સ્નેહલતા—આહા!! વિરહોન્મતની દશાતો એવીજ છે, પ્રિય! પ્રિય! ચાલ, ચાલ, તે આપણે માટે રાહ જોતાં હશે!!

(જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કન્યાન્તઃપુર

વિશાલાક્ષિ—હે જગદિશ્વરા! હું આ રમ્યસ્થલ નીરખીને હમેશાં અત્યાનંદ પામું છું, પરન્તુ ફક્ત એકજ બાબત શોચનિય છે. તેતો તું જાણે છે (મદન વ્યથા) અરે હું કોણ? અને મારી આ શી

દશા ? મારા માતપીતા કોણ હશે ? તે અદ્યાપિ સૂધી હું જાણતી નથી. અરે દુઃષ્ટ વિધાતા, અહોનીશ જગતૂમાં પ્રાણીમાત્રને દુઃખ આપવાને, તને સૃજવામાં આવી છે કે શું ! અરે, રે, ! **शंकरा,** હવે હું શું કરૂં તું તારી અનાથ પુત્રીની સંભાળ લે, આ દુઃખાદિથી મારૂં કોમળ હૃદય હરનિશ પ્રજ્વલીત થયા કરેછે, અરેરે ! ! હું દૈવનો શું દોષ કાઢું, વિધિ લેખ કદિ પણ મટતો નથી, જયાં જયશું ત્યાં ભાવી આગળનું આગળજ, **यद्भाग्यंविधीनाललाटलखीतं दैवस्यकीं दूषण,** હવે હું કેવો પ્રયત્ન કરૂ ? ! કે મારૂં ઇચ્છેલું અભીષ્ટ ફળ મ્હોને ત્વરાથી, પ્રાપ્ત થાય. મારા અતિ અઘોરકર્મ આ ભવની અંદર હવે પ્રગટ થવા માંડયાંછે, અરે, રે !! હવે હું યત્ન કરૂં તે નિરર્થક.

કહ્યું છે કે—

नैवाकृतिः फलतिनैवकुलंनशीलं
विद्याऽपिनैवनचयत्नकृताऽपिसेवा ॥
भाग्यानिपूर्णतपसाखलुसंचितानि
कालेफलन्तिपुरुषस्ययथैववृक्षाः ॥*

(એટલામાં સહચરીયો પ્રવેશ કરે છે).

સ્નેહલતા—બ્હેન આવો નિરર્થક શોક કરી આપના કોમળ

---

*ટીકા—(આકૃતિ, કુલ, સ્વભાવ, વિદ્યા, અને યત્નથી કરેલી શેવા, કોઈ પણ પુરુષને ફલ આપતુ નથી, માત્ર પ્રથમ કરેલાં તપથી, મેળવેલું ભાગ્ય વૃક્ષની પેઠે પુરૂષને વખતો વખત ફલ આપે છે માટે ભાગ્યજ ફલ આપનાર છે. બીજુ કોઈ નથી.)

હૃદયને અતિ દુઃખી શા માટે કરો છો ? જરા શાન્તિ રાખો ? શાન્તિનાં ફળ હમેશાં સારાં છે, ઈશ્વર ઈચ્છાનુકુળ થવાનું છે, એમાં આપણું કાંઇ પણ ચાલવાનું નથી.

મલ્લિકા—હાં, હાં, બ્હેન ? તમે જાણોજ છોનેકે-માણસને જે ફળ મળવાનું છે તે નશીબ પ્રમાણે મળ્યાજ કરે છે. (જવનીકાંત ગંતમાં ધ્વની થાય છે). **भिक्षानदेहि.**

વીશાલાક્ષી—બ્હેન એ શેનો ધ્વની સંભળાય છે.

સ્નેહલતા—(નેપથ્યાભીમૂખે જોઈ) સખી એતો કોઇ બ્રહ્મકુમાર આવતો જણાય છે.

નીતિભાનું—(પ્રવેશ કરી)

जयजय, मनकामनासिद्धिरस्तु !!

વિશાલાક્ષી—ભૂદેવ ! પધારવાનું પ્રયોજન હું રંકને કૃપા કરી કહેશો ?

નીતિભાનું—પુત્રી ? માત્ર ભીક્ષાર્થેજ—

વિશાલાક્ષી—પ્રિય મલ્લિકા, ત્વરીત દ્વીજ શ્રેષ્ટ માટે ભીક્ષા લાવ?

મલ્લિકા—આજ્ઞાનુંસાર ગમન કરવા ઉત્કંઠીત છું. (જાય છે)

નીતિભાનું—(સ્વગતૂ) આહા ! એની બોલવાની વાક ચાતુર્યતાથી તથા એની વિચિક્ષણતાથી તથા લાવણ્યતાદિ અનેક ગુણોથી એ કોઇ મહાન નૃપપતિ હોય એમ માલૂમ પડે છે, લાવ? એને હું કાંઈ પૂછી જોઉં, દેખાવપરથી તો કાંઇ દૂઃખ સમુદ્રમાં ડુબતી હોય એમ દૃષ્ય થાય છે.

વિશાલાક્ષી—ભૂદેવ ! આપ અત્રે શું વિચાર ગ્રસ્ત થયા છો?

નીતિભાનું—(સ્વગત) હવે તર્કઉઘાડો કરવો એજ સારૂં છે (પ્રકાશ) પુત્રી ? ત્હારા વદનામ્બુજપર ગ્લાનીનું આચ્છાદન થતું હોય એમ કેમ દેખાય છે ?

વિશાલાક્ષી—નીતિ મહોદધિમાં મથનાર ? આપ સુજ્ઞછો એટલે કાંઇ ગુપ્ત નથી, પરંતુ ગ્લાનીનું મુખ્ય કારણ, આ દ્વીતીયા શ્રમ, તેમ, ચંદ્ર વિના રજની.

નીતિભાનું—હાં, હાં, આ માર્મિક વાક્ય મારા હૃદયમાં ઉતરી ગયું. (એટલામાં મલ્લિકા પ્રવેશ કરેછે) **મલ્લિકા**—ભૂદેવ! લ્યો ભિક્ષા ? (આપેછે ને લેછે)

નીતિભાનું—(સ્વગત) ખરે આ રાજ્યતનયા પોતે પતિહીન હોવાથી ચિંતવન કરી દુઃખાગ્નિમાં અત્રે દીન નિર્ગમન કરે છે, એ સુશીલને માટે મારાથી બનતો પ્રયાસ કરી એનું કલ્યાણ થાય તેમ કરૂં (જવા માંડેછે)

વિશાલાક્ષી—દ્વીજદેવ નમસ્કાર કરૂંછું.

નીતિભાનું—**भद्रंभव** (જાયછે)

સ્નેહુલતા—સહચરી ? સૂર્યાસ્ત થવા આવ્યો છે, માટે ભોજનાલયમાં જવું ઉચીત્ છે.

વિશાલાક્ષી—હાં, તમે જાઓ હું સત્વર આવુંછું (બંને જાયછે) અરે, પરમાત્મા હવે અનંગ રિપુના પાપી પ્રચંડ બાણથી અતિ પીડાઉંછું. મારા દુઃખાદિનો કાંઈ પણ પાર રહ્યો નથી ખરે આ શોકાગ્નિમાં નિમજ્જિત કાયાને એક ક્ષણ કાઢવી એ અતિ દુર્ઘટ

થઈ પડી છે, ધારેલી મનકામના અલ્પ સમયમાં જો પરિપૂર્ણ નહીં થાયતો આ શરીર ક્ષણીક દુનિઆમાં દીર્ઘકાલ સુધી અસ્તિત્વ રાખે તેમ નથી, હે ભગવાન ગિરિસુતાપતિ ? હારી રંક પુત્રીનું રક્ષણ કર ?

ધનાશ્રી.

રહાય કરો આવાર, ઉમાપતિ, રહાય કરો આ વાર,
પુત્રીની વાણી, ઉરમાં ધરીને, મેહેર કરો આવાર. ઉમા,
પાણી જોડી, નામુ તમને, કૃપા કરો હોનાથ, ઉમા,
વિનતી મારી, આપ સુણીને. ચડજો મારી વાર. ઉમા,

શિખરણી.

નમુ ગંગાધારી. શરણુ તમ આવું મન કરી,
કરૂં સ્તુતિ આજે, વચન શુભ ધારો પ્રિયગણી.
ખરે પુત્રી નામે, કથન મુજ લેજો દુ:ખહરી,
રહો એકાંતેને, શિવ શિવ જપુ હું હરઘડી,

હે નિયંતા મારે હવે તારા વિના બીજુ કોઇજ નથી, ચાલ જીવ, હવે મારી સહચરીયો રાહ જોતી હશે? (જાયછે)

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ--વનમાર્ગ.

નીતિભાનુ—હે અવિનાશી ! આ કાર્યમાં હારી રહાય વિના હું કોઇપણ રીતે ફતેહમંદ થાઉં એવું છેજ નહીં. કૃપાનિધાન ? એ વિષેની સર્વ લજ્જા તારાજ હસ્તમાંછે. એક બીજાપર દંપતિ પ્રેમ જોડાવવો,

એ કાંઈ રહેલી વાત નથી, તેમજ એ રાજ્ય તનયા હોવાથી કોઈ મહાન વીરત્વ ધારી નૃપ સાથે એનો પ્રેમ જોડાય તો સારૂં. કેમકે દંપતિ પ્રેમ ગૃહણુ જ્યારે ન્યુનાધિકપણામાં હોય ત્યારે તેમાંથી કાંઇપણ સારાં ફળ ઉત્પન્ન થતાં નથી. જો કે તેમનો મેળાપ થવો, દૈવાધિન છે, તદ્યપિ સંયોગ કર્તા પુરૂષે પૂર્ણ વિચાર કરી કાર્ય કરવું યથેષ્ટછે. રાજ્ય તનયાનું પાનું કોઈ નૃપતિ સાથે પડે તો સારૂં. માટે,—

* कुलंचशीलंचसनाथताच,
विद्याचवित्तंचवपुर्वयश्च;
एतान्गुणान्सप्तविचिन्त्यदेया,
कन्याबुधैः शेषमचिन्तनीयम् ॥

આહા, હા, આવા સપ્ત ગુણથી વ્યાપ્ત પુરૂષ મલી આવે તો અત્યાનંદ. ! !

ગીતિ.

ક્ષત્રી તનયા નીઆ, દૈવ્ય દશા શી કીધી અરે આવી,
મળજો શૂરો ક્ષત્રી, લગ્ન પ્રસંગી વખત જજો ફાવી.

ચાલ દૈવ ! ! હવે ઘણો વખત થઈ ગયોછે, (વિચાર કરી) મધ્યાનકાળ થવાથી હવેતો ક્ષુધા પણ વિશેષ પીડેછે. મારાથી આસ્થળ

---

* વિષ્ણુશર્મા ટીકા—બુદ્ધીમાન પુરૂષોએ, કુલ, વર્તણુક, ઓથ, વદ્યા, ધન, શરીર, તથા અવસ્થા, એ વરના સાત ગુણ જોઇ કન્યા દેવી, બાકી ખાતે વિચાર કરવો નહીં.

છોડી, આગળ પ્રયાણુ થાય, ને નગ્ર સમિપ જવાયતો સારૂં. (નેપથ્યાભિ મૂખે) અરે અત્રે કોઇ આવતો હોય એમ દિશે છે? લાવ એ કોણુ છે, ને શા કાર્યાર્થે અહીં ભ્રમણા કરેછે, તે પૂછું? જો એ મારો સહ ભાગી થાય તો પછી નગ્રમાં પ્રવેશ કરતાં જરાપણુ વાર નહીં લાગે.

વિદુષક (પ્રવેશ કરી) કેમ મહારાજ અત્રે ભમો છો?

નીતિભાનું—ભાઈ નિરર્થકતો નહિ ભ્રમણુ કરતા હોઇએ?? કાંઇ કાર્યાર્થેંરતો?

વિદુષક—તમે કયાંથી આવોછો?

નીતિભાનું—ગમનતો મહારાજ "ઉદયાશૈળની" નગરીમાંથી થાયછે ને પશ્ચિમાભિમુખે જવા નિર્ણય કર્યોછે.

વિદુષક—કયાં મહારાજા ધિરાજ "જગદેકચંદ્ર"ના રાજયમાં જવા માગો છો?

નિતિભાનુ—ભાઇ! તે કોણુછે, ને હમણા તે કયાંછે?

વિદુષક—તે એક નૃપતિ છે; ને અધુનાતો પાસેના અરણ્યમાં શીકારાર્થે રહેછે;

નીતિભાનુ—(સ્વગત) જયારે ધારેલી મનવાંચ્છના પરીપૂર્ણ થવાની હોયછે, ત્યારે સર્વ વસ્તુ સુલભ થઇ પડેછે, આહા, હું કોઈ નૃપતિને ખોળવા સારૂ અતિશય વિચાર કરતો હતો, તે હવે પૂર્ણ થયો. અલભ્ય વસ્તુ જયારે ભાગ્યોદયથી પ્રાપ્ત થવાની હોયછે ત્યારેજ તે વસ્તુ સત્વર સાનિધ્ય થાયછે, એમાં જરા પણુ સંશય નથી.

વિદુષક—કેમ મહારાજ વિચારગ્રસ્ત થયાછો?

નીતિભાનુ—ભાઈ કાંઇજ નહીં, માત્ર તમને વિનવી પૂછવાનું

કે નરાધિપને મળવા સારૂં મારે શો ઉપાય કરવો ?

વિદુષક—(સહર્ષ) મહારાજ ગૌબ્રાહ્મણ પ્રતિપાળને મળવા સારૂ કાંઇ પણ કરવાનું નથી, માત્ર હું દ્વીજ છું આટલુંજ કહેશો તો તે તમને સત્વર મળવા બોલાવશે.

નીતિભાનુ—(સહર્ષ) બહુ સારૂં ત્યારે તો ? હવે ઘણો વખત થયો માટે રજા લઉછું. (જાયછે).

પ્રવેશ ૭ મો.

સ્થલ—છાવણી.

જગદેકચંદ્ર—હે ભૂધર ! ! મારા જેવા રંક ક્ષત્રી પૂત્રે, તે તારો એટલો શું દીર્ઘાપરાધ કીધોછે કે, મુજ યોગ્ય અદ્યપિ પર્યંત એક પણ ચિત્તાકર્ષક હરિણાક્ષી, નાજુક નવોઢા તેં ઘડી નહિ ?

વિરહાગ્નિમાં રજની સમયે બાળકુમુદને શાન્તિ આપનાર ભગવાન વિવેક ચૂડામણી, જ્યારે પ્રગટ થાય છે, ત્યારે તે મારા વપૂને તદન કષ્ટવત્ કરી નાખે છે, ભગવાન કંદર્પ પોતે દુષ્ટ ચેષ્ટાથી, દુઃખાગ્નિમાં બળતા મારા જેવા કર્મહીણ પુરૂષના હૃદયમાં નિરાશાની દુઃસહ વેદના રૂપી ધૃત હોમી મને વિશેષ પ્રજ્વલીત કરે છે.

અરે ! પ્રફુલ્લિત પામેલા કમલના જેવા શુશોભીત મુખચંદ્રનું નિર્વિઘ્ને પૂર્ણ દર્શન કરવા માટે મારા જેવા રંકને અદ્યપિ પર્યંત શુભ વખત આપ્યોજ નથી. શું !

વેત્રધારી—(પ્રવેશ કરી) કૃપાનિધાન ! અત્રે કોઈ બ્રહ્મદેવ આવવા માગે છે.

જગદેકચંદ્ર—સત્વર પ્રવેશ કરાવ!

વેત્રધારી—જેવી કૃપાનાથની આજ્ઞા?

જગદેકચંદ્ર—(સ્વગત) આવા શુભ કર્મ ઘણું કરીને બ્રહ્મના હાથમાંજ હોય છે.

નીતિભાનુ—(પ્રવેશ કરી) **जयजय नारायणतु हरे (२) मनकामना सीद्धिरस्तु.**

જગદેકચંદ્ર—ભૂદેવ, નમન કરૂછું.

નીતિભાનુ—ભગવાન ગિરિ સુતાપતિ કલ્યાણ કરો.

જગદેકચંદ્ર—વિપ્રર્ષિ; આપ ક્યાંથી આવો છો?

નીતિભાનુ—ભૂપતિ; ગમન તો, નૃપતિ ઉદયાશીલની નગરીમાંથી થાય છે.

જગદેકચંદ્ર—હાં, હાં, જે થોડા વખતપર કાન્તા વિયોગથી કષ્ટ પામી, રાજ્ય પાટાદિનો ત્યાગ કરી, વૈરાગ્ય પદ ગ્રહી, વનવાસી થયા છે તે? ત્યારે બ્રહ્મદેવ, એ રાજ્યકારભાર કોના હસ્તમાં છે.

નીતિભાનુ—હમણા તો તેની ચિત્તાકર્ષક; પ્રેમાળ નયની; હૃદયા લ્હાદક પુત્રી; વિશાલાક્ષીને નામે તેનો નીતિ, નિપૂણ પ્રધાન રાજ્યકારભાર ચલાવે છે.

જગદેકચંદ્ર—ભૂદેવ! ત્યારે તે દુહિતાનું લગ્ન હજુ સુધી કોઈ સાથે કીધું છે કે નહિ?

નીતિભાનું—ના, ના, કીધું નથી! કારણ કે અદ્યપિ પર્યંત તેને યોગ્ય પતિ મળ્યો જ નથી.

જગદેકચંદ્ર—(મનમાં) હવે સર્વે બાબત ધીમે ધીમે પૂછી જોઉં, પણ અરે, હાલમાં હું પણ જે સ્થીતિ ભોગવુંછું તેવીજ સ્થીતિમાં તે બીચારી પણ હશે ! !

નીતિભાનું—હે ભૂપતિ! આપ શું વિચારમાં પડયા છો ? તં; મેં જાણ્યું. કારણ કે મારા ધારવા પ્રમાણે, તે પુત્રીનાં લગ્ન, તમ સાથે થાય તો અત્યુત્તમ. કારણ કે—

વસંતતિલકા—

કાન્તિ અરે નીજ તણી, નથી લેષ ખામી,
બાળા ફરે ઉર વિષે, ખુબ હર્ષ પામી;
આહા! રતિ સમ દીસે, વળી એ દુહિતા,
જો ભાગ્ય હોય પુરવેનું, થશે વનિતા.

જગદેકચંદ્ર—શું ભૂદેવ! આપે તેને દષ્ટીથી બાળી છે ?

નીતિભાનું—હા, નરાધિપ હું ત્યાંથીજ આવું છું ને સર્વ બાબતથી વિદીત છું.

જગદેકચંદ્ર—ત્યારે શું ? તે સ્મરની પ્રિયાની પણ સમાન થાય તેમ છે ?

નીતિભાનું—અરે, તે તે શું, જ્યારે અંબીકાનું પૂજન કરી પાછી આવતી હતી તે વખતે જાણે સચી પતિએ મોકલેલી ઉર્વશી ન હોય! એમ દીસતી હતી.

જગદેકચંદ્ર—(સ્વગત) આહા! એવી મહિલાગ્રગણ્ય, લલના તાને હૃદયાલિંગન કર્યું હોય તો, આ ભવમાં પછી બાકી શું

રહ્યું ? (પ્રકાશ) ભૂદેવ ! હવે એ લલિત લલનાનું સત્વર દર્શન કરૂંતો સારૂં,

નીતિભાનું—ભૂપતિ ! પૂર્ણ ભાગ્યોદયનો પૂર્ણ ચંદ્ર તપતો હોય, તો જ શ્રવણ કરો.

માઢ (નાટકી)

કહું વાત હું સારી, ઉર વિચારી, ચાખો સુધારસ રાય !
દેશ વિદેશ ફરી હું આવ્યો, એવી જોઈ નહીં નાર;
આહા પ્રભુ રૂપ ઘડયું શું એનું, બીજો શશી નિરધાર,
ખરી આ ખુબી ધારી, થાશેજ યારી, દુઃખ વિદારી. ચાખોસુ.
રંભાજ રૂડી ગૌર નવોઢા, કલ્યાણિ રૂમઝુમ પ્યાર,
મહેલ શોહાવે પ્રેમદા એવી, ચંપક વરણી નાર;
એવી રૂમઝુમ નારી, છે સુખકારી, ઉર વિચારી. ચાખોસુ.

જગદેકચંદ્ર—દ્વીજ શ્રેષ્ટ ! હવે વિશેષ વર્ણન માં કરો કારણ કે હું શ્રવણ કરી અતિ પીડાઉં છું.

નીતિભાનુ—(આસપાસ જોઇ) ભૂપતિ? વખત ઘણો થયોછે, માટે હું રજા લઉછું. (જાયછે)

જગદેકચંદ્ર—આહા ! બ્રહ્મદેવની કરેલી પ્રસંશાથી તો, મારી પ્રીતિ તે મનહર છબીમાં લુબ્ધ થઇ જવા લાગીછે, એવી ત્રિયાથી મધુર ગાયન, રસજ્ઞતા, ને પૂર્ણાનંદ આ અવનીમાં મળે, તો પછી સ્વર્ગમાં વિશેષ શું પ્રાપ્ત થવાનું છે ? (એટલામાં કુસુમ આવેછે)

કુસુમરાય—વડીલ ભ્રાતા ! ! નમન કરૂં છું.

જગદેકચંદ્ર—વીરા ! તારે માટે અદ્યપિ સુધી તર્કવિતર્ક થતા

હતા; પરંતુ એટલામાં તું આવ્યો તો સારૂં થયું.

કુસુમરાય—વડીલ ભ્રાત ! જ્યાં સુધી આપ શિરછત્રછો, ત્યાં સુધી કોઈપણ પ્રકારના તર્ક કરવાનું પ્રયોજન નથી.

જગદેકચંદ્ર—મારે તને એક વાત કહેવાનીછે, તે શ્રવણ કર.

કુસુમરાય—આપના લઘુરંક ભ્રાતને શું આજ્ઞાછે !

જગદેકચંદ્ર—વીરા ! મારે અત્રેથી સુભ કાર્યાર્થે જવુંછે.

કુસુમરાય—ભ્રાત ! આવું શોકજનક વાક્ય માં વદો !

જગદેકચંદ્ર— **રાગ બનઝારો.**

પ્રીય ભ્રાત કહું ધીરધારી, તમે અત્રે રહોને વિચારી.
પ્રજા તણું તો રક્ષણ કરજો, વિઘ્નો આવે તો વીરા હરજો જી,
નવ ગભરાશો ભ્રાત ભારી, તમે અત્રે.

કુસુમરાય—જેવી રામલક્ષ્મણની પ્રીતી, છે તેવીજ બન્ધુ રીતી જી
નવ વેણ વદો દુ:ખકારી,
જગદેકચંદ્ર—તમે અત્રે રહોને વિચારી.
જગદેકચંદ્ર—ભ્રાત આવું વદો નહીં મારા,
કુસુમરાય—નહી થાશો તમે તો ન્યારા જી,
જગદેકચંદ્ર—એવું કાર્ય તદા પરવારી, તમે અત્રે રહોને વિચારી.

જગદેકચદ્ર—ભ્રાત ! આમ શોચ ના કર, તું નીતિજ્ઞ છે ? હું સત્વર આવીશ. (જવા માંડેછે)

માલિની વૃત.

કુસુમ—જય જય જય થાજો, સર્વદા બન્ધુ મારા,
વિજય વિજય પામો, કાર્યો સર્વે તમારાં;
કુસુમ મુખ થકી તો, ભાખતો પ્રેમ આણી,

ગમન ઝટ સ્વદેશે, ધારજો હર્ષ આણી.

દૂત—(પ્રવેશ કરી) કૃપાનિધાન ! મૃગયા રમવા જવા સારૂ વખત થયોછે.

કુસુમરાય—હાં, ચાલો. (જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ભાગોળ.

સ્નેહલતા—પ્રિય સખી, આ સુગંધીમય ચંપક પુષ્પની ગુંથેલી માળા આપણી પ્રિય સખીને હૃદય ઉપર ધારણ કરવાનેજ યોગ્યછે !

મલ્લિકા—હાં, ત્હારૂં કહેવું સ્તુતિ પાત્રછે. કારણ કે, પ્રબળ મદન શરથી ત્રાસતી, પ્રિય સખીને શાતા થશે.

વિશાલાક્ષી—(સરોષ) બેસ, બેસ, આવું નીતિ વિરૂદ્ધ વાકય વદતાં તારી રસના કેમ ઉપડેછે ? મારે કયાં ધારણ કરી, મારા સૌભાગ્ય સૂચકને બતાવવી છે; કે જેથી કરી તારો કરેલો શ્રમ સફલ થાય. ! !

સ્નેહલતા—બેન ! આવું માં વદો; એવો વખત પણ હવે નિટકછે.

(જગદેકચંદ્ર છુપી રીતે પ્રવેશ કરેછે)

શાર્દુલ વિક્રીડીત.

રે, રે, અંગ અનંગ આ પ્રગટીને, શાંન્તિ તજાવિ મને,
ચિંતા ચીત્ત વિષે રહી અતિ ઘણી, બાળે સદા તનને;
જો કે ચર્ણ તજ્યા અને કર વળી, તોએ રહે મ્હાલતો,
આહા ! સાર્થ પરાક્રમી અતિ દીશે, સર્વે સ્થળે ગાજતો.

માલીની.

કર શર ધિર ધારી, સત્રુને હું નમાવું,
અતિશય દુઃખ હોયે, તો નહીં મનલાવું;
શિવ નયન થકી જે, આવીઓ છુટી પાસે,
મકર મદન જેના, નામથી લોક ત્રાસે.

(જગદેકચંદ્ર દુર વૃક્ષતળે બેસેછે ને સંભાષણ સાંભળી પોતે બોલેછે)

રાગ ગજલ.

જગદેકચંદ્ર—ઉઠી ચીંતા મનમાં મારા, ઓ પ્રભુ આ શું થશે!
આવી નારી જે કો પામે, ભાગ્યોદય તેનું ભજ્યું.
આથી બીજું સ્વર્ગે શું છે, આહા! પ્રભુ શું કર્યું, ઉઠી.
રૂમ ઝુમ કરતી આવી રંભા, મુખ ચંદ્ર શોભે અતિ;
કયારે હું એ રંગ ભોવનમાં, માણું સાથે રે રતિ, ઉઠી.

માલિની.

મધુર મધુર તાંરી, વાણી આ સ્નેહ વાળી,
કમળ નયન તારાં, સુખદાઇ, રસિલી;
લલિત શુભ નવોઢા, વેણી શું શિર છાજે,
રજનિ સમય તુને, ચંદ્રમા દેખી લાજે.

મલ્લિકા—(ધ્વની શ્રવણ કર્યો હોય એવો અભિનય કરી) સહચરી! આ ધ્વનિ ક્યાંથી આવેછે?

સ્નેહલતા—(ચોગરદમ જોઇ) સખી; જો! (સર્વે તે બાજુએ જુએછે) મુખમુદ્રા ઉપરથી તો કોઇ નૃપતિ હોય; ને ચાલી ચાલી શ્રમ લાગંવાથી, અત્રે વિશ્રાંમ લેવા બેઠા હોય, એમ માલુમ પડે

છે. (જરા વિચારીને) વળી દેખાવ ઉપરથી તો શાન્તિમાં જાણે ચંદ્રમા ન હોય; ને સાંભળેલા ધ્વનિથી તો ચાતુર્યતામાં નિપુણ ન હોય, એમ ભાસે છે. ઉડતી રજોથી તો તેની મુખમુદ્રા ઉપર આચ્છાદન થયું છે. તદપિ "ભાગ્ય છુપેન ભછુત લગાયો" ! !

મલ્લિકા—સખી ચાલો ત્યારે એમને પુછીએ કે એ કોણ છે?

વિશાલાક્ષી—(જગદેકચંદ્ર તરફ પ્રેમમયદ્રષ્ટિ ફેરવી) (સરોપ) બેસો, બેસો, અન્ય પુરૂષની સાથે, સ્ત્રીજાતે સંભાષણ કરવાનું શું પ્રયોજન છે ?

મલ્લિકા—આપ નીતિજ્ઞ થઇ આમ શું વદોછો? અન્યપુરૂષની આગતા સ્વાગતા કરવી; એજ આપણો ધર્મછે.

વિશાલાક્ષી—નહીં ! નહીં ! હું કાંઇપણ વાત માન્ય કરવાની નથી.

જગદેકચંદ્ર—(મનમાં) આહા ! વાકચાતુર્યતા કેવી મનને આનંદ ઉપજાવેછે; આવી હરિણાક્ષિના, મધુરાધરોષ્ઠનું પાન હું કયારે કરીશ ?

મલ્લિકા—સખી ! આપણે પુછીને પાછાં આવતાં કાંઈ પણ વિઘ્ન નડે તેમ નથી.

વિશાલાક્ષી—(ક્રોધાવેશે) તમે મારાં આત્મહીતેચ્છુ થઇને; આમ કરવું યોગ્ય નથી. પછી ભલે, જવું હોય તો જાવ. હુંતો મારે ગૃહ તરફ જઈશ; (જતાં જગદેકચંદ્ર તરફ એક દૃષ્ટિથી જોતી જાયછે.)

મલ્લિકા—સખી ! આપણે ચાલો. (પાસે જાયછે ને પૂછેછે) આપ કોણછો ?

જગદેકચંદ્ર—પ્રેમદાઓ ! હું દેશાધિપતિછું;પરંતુ આપ કોણછો?

મલ્લિકા— અમે નરેન્દ્ર ઉદયાશૈલની દાશીઓ છીએ.

સ્નેહલતા—(મલ્લિકાના કાનમાં) સખે! આપણી પ્રિય સખીનું પાનું એમની સાથે પડે તો અત્યુત્તમ ?

મલ્લિકા—ત્હારૂં કહેવું યથાર્થછે; પરંતુ નગ્રમાં પધારે તો ધારેલી મનકામના સત્વર પુર્ણ થાય! (રાજા ઉદાશ વૃત્તિએ બેઠોછે)

સ્નેહુલતા— **શાર્દુલવિક્રિડીત.**

શા માટે મન આ ઉદાશ કરીને, બેઠા તમે આ સ્થળે,
રાખો હામ નિ:શંક આપ થઇને, ઇચ્છીત વસ્તુ ફળે;
અદ્યાપિ રઝળી પતિ વિણ સખી; શોકાગ્નિમાં તે રહી,
અત્રે આપ પધારીયા મનવડે, નગ્રે પધારો સહી.

(જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થલ—કન્યાન્ત:પુર,

વિશાલાક્ષી—સખી ! સ્નેહલતા ! મલ્લિકા ! શું અત્રે કોઈ નથી ? અદ્યાપિ પર્યંત તેઓ આવી નથી કે શું ! અરે પરમાત્મા તેં આ શું કર્યું ? મારી આ સ્થીતિ ? ખરે રાજ્યવંશીનું પ્રથમ દર્શન જે અમૃતના અંજનની માફક મારા નયનને અત્યંત આનંદ આપનાર થયું છે. તે, લોહચુંબક મણી માફક, લોહ ધાતુમય મ્હારા હ્રદયને ચલીત કરવા લાગ્યું છે. હું શું કરૂં ? પ્રેમમુર્તિનું દર્શન મને અત્યંત ખેદરૂપ થઇ પડયુંછે. પરમાત્મા ! મારા જેવી ઇચ્છાવર વરનારી બાળાઓને તારે આટલું બધું દુઃખ દેવું તને યોગ્ય નથી. ખરેખર અલ્પ સંસર્ગથી પ્રગટ થયેલો પ્રેમ મારા અંતઃકરણમાં સર્વે સ્થળે વ્યાપિ રહ્યો છે.

વસંતતિલકા.

દેખું અરે અહીં તહીંને પછાડી એને,
જાણે પૂઠે રઝરતો મુજ સર્વ ઠામે;
એ પ્રાણ! મારૂં સઘળું ચિત્ત ચોરી જાય,
આહા! વિયોગ મુજથી નહી રે ખમાય.

(જવનીકાંતર્ગતમાં ધ્વની થાયછે) "સાવધથા, સાવધથા, દુઃખરૂપી સમુદ્રમાંથી વિમુક્ત થવાનો સમય નિકટ આવ્યો છે.

વિશાલાક્ષી—આહા, આ શું હું સ્વપ્નાધિન છું, કે જાગૃતાવસ્થા ભોગવુંછું? સખી મલ્લિકા! આ ધ્વનિ સેનો સંભળાય છે.

મલ્લિકા—(પ્રવેશકરી) બ્હેન! એનો કાંઇ શુભસૂચક ધ્વનિ થયો હોય એમ સંભળાયો.

વિશાલાક્ષી—મારા જેવી હતૃભાગ્યને તે એવો ધ્વનિ ક્યાંથી સંભળાય, દૈવ જાણે! દૈવે શું દુઃખ દેવા આવું કરવા માંડયું હશે?

મલ્લિકા—બ્હેન! આવા નિરર્થક સંકલ્પ વિકલ્પ શા સારૂં કરો છો, પરમાત્મા સૌ સારાં વાનાં કરશે. અરે જ્યારે આપ સુકુમાર મુર્તિને દ્રસ્ય કરશો ત્યારે તર્ક વિતર્ક રૂપી મોજા શાન્ત પામશે.

વિશાલાક્ષી—(વળગીને) મારી પ્રિય સખીઓ! જો આવી વખતે તમારા જેવી મને બોધ આપનારી બક્ષિશ કરી ન હોત તો કોણ જાણે મ્હારી કેવીએ સ્થીતિ થાત! સખી સ્નેહલતા કયાં છે?

મલ્લિકા—હમણાં તે રાજબીજ સહ પધારશે. (સ્નેહલતા જગદેકચંદ્ર સહ પ્રવેશ કરેછે)

સ્નેહલતા—બ્હેન! દીર્ઘ પ્રયત્ને આપનો સત્વર અભ્યુદય થાય

એવા હેતુથી અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિ કરી મહારાજા જગદેકચંદ્રને આપની સમિપ તેડી લાવીછું, હવે તેઓની યોગ્યતા પ્રમાણે આપણા કર્તવ્ય કર્મમાં લેશ પણ ખામી ન આવે તેવી રીતે તેમનો આદર સત્કાર કરવો જોઇએ.

મલ્લિકા—બ્હેન! ત્હારૂં કહેવું યોગ્યછે. ખરે આજ આપણા સદ્‌ભાગ્યનો ઉદય થયો.

વિશાલાક્ષી—(મનમાં) પ્રેમની લતીકા કેવીછે? એને કોણ રોપેછે! કોણ સાચવેછે! કોણ વારિ સીંચેછે! છતાં એ તે કેવી નિરંકુશ પ્રસરેછે? હે હૃદય! હવે તું નાહક તર્ક ના કર? તને શાન્તિ આપનાર તારા સાંનિધ્યછે (પ્રકાશ) હે દીર્ઘ દ્રષ્ટીવાન શૂર પુરૂષ! (લજ્જીત થઇ જાયછે)

ગીતિ.

જગદેકચંદ્ર—સિદ્ધિ તેની થાશે, દ્રઢ મનમાંહી વિચાર જે તા'રો,
ચિંતા છોડી ખોટી, ફરી સમો નહીં મળે તુને આવો
શૂરો ક્ષત્રી જાણો, સુભ સુખદાઇ મળ્યો તુને આંહી,
ચાહું તન, મન, ધનથી, ગરવ ઘેલી તું તજી દેને આંહી;

સ્નેહલતા—સખી! આ વિશાલ ખંડમાં સુવર્ણ મેરૂ ઉપર દિપતા ભગવાન અદિત્ય જેવા પ્રજાપ્રિય નરેન્દ્ર મહારાજ જગદેકચંદ્ર સાથે તારી મનોવૃત્તિઓ શાન્ત પમાડવી તેમાં તારે કાંઇ પણ તર્ક કરવાની જરૂર નથી.

વિશાલાક્ષી—બ્હેન! ત્હારૂં કહેવું યથાર્થછે. એવી કોણ હતભાગ્ય હશે કે બકુલ પુષ્પનો પરિત્યાગ કરી કૌવચ જેવી નીચ વસ્તુને

પરિગૃહણ કરશે (જરા ખસેછે.)

જગદેકચંદ્ર—(જરા દૂર ખસી) હે વિશાળ હૃદયવાળી સ્ત્રી અધિરી માં થા? જરા ધૈર્ય ધાર ? મને તારાંપર અલ્પ વિશ્વાશ છે, કેમકે પૂર્ણ ખાત્રી કર્યા સિવાય જન્માંત સૂધી તારી સાથે પ્રેમ બાંધવો એ વિચારવાનું કલ્પ છે.

ગીતિ.

વિશાલાક્ષી— ક્ષત્રી બાળા હું છું લગન કર્યું મેં નથી હજુ નીશ્ચે
વરવા ક્ષત્રી ઇચ્છું પુરણ પ્રતાપિ મહારાજ કોને.

વિશાલાક્ષી—હે વીર નર ! આપ આવાં વાકયશર વડે મારા હૃદયને કાં ભેદોછો ? હું આવા કઠણ શર સહન કરવા જરા પણ શક્તિમાન નથી. જ્યારથી મારી આત્મ હીતેચ્છું સહચરિયો આપને તેડી લાવી, ત્યારથીજ તમે મારા સૈભાગ્ય સૂચક થઈચુકયા છો ?

જગદેકચંદ્ર—હે, સદ્ બુદ્ધી વાળી સ્ત્રી ? તારો આવો કઠીણ સંકલ્પ જોઇને મારા ચિત્તમાં—

વિશાલાક્ષી—હે શુર પુરૂષ "ચિતમાં" આ શબ્દનો પરિત્યાગ કરી મારી મનકામના પૂર્ણ કરશો ?

સ્નેહલતા—બ્હેન ? વિશેષ શું જોયા કરે છે, આવો શુભ વખત પુનઃ પ્રાપ્ત થવાનો નથી, (વિશાલાક્ષી માલા આરોપે છે ને દંપતિ વર્ગ બેસે છે)

સ્નેહલતા
મલ્લિકા } આશાગોડી.

ધન્ય છે જોડી તમારી, આહા બેની ધન્ય છે જોડી તમારી,
ક્ષત્રીજ કુળની ટેકજ જાણી, રીતી બધી સુભ ધારી, આંહા.

કૃત્યજ કીધું રૂડું તમે તો, કુલનો ધર્મ વિચારી, આહા.
શંભુ કરોને સ્હાય તમોને, દેજોને દુઃખ વિદારી, આહા.
કીર્તિ વધોને પ્રેમીજ રે'જો, આશીષ એ છે હમારી, આહા.

(એટલામાં બે દ્વીજ તથા અમાત્ય પ્રવેશ કરે છે.)

મંગલા ચરણ, શાર્દુલ વિક્રીડીત,

ક્ષત્રી રીતી વધારજો (વભૂવરા, શાંતિ સદા આપજો;
અન્યો અન્ય પ્રીતી વધો જગતમાં, વિઘ્નો તમે ટાળજો.
થાજો ઇચ્છીત કામના પૂરણતો, આયુષ્ય વાધો અતિ;
પામો સુખ અનેક હે પુરપતિ, સુખી રહો દંપતિ, **શાન્તિ,**
શાન્તિ, શાન્તિ. (બ્રાહ્મણ દક્ષણા લેઇ જાયછે)

અમાત્ય—બ્હેન ! તમારાં દંપતિ દર્શનથી હું અત્યંત ખુશી થ-યોછું, ને પરમાત્મા તમારી જોડી કુશળ રાખે.

સ્રગ્ધરાવૃત.

પ્રેમી જોડું તમારૂં, જગત મહીજ આ, સુખનું બીજ ચાખો,
કૃત્યો રૂડાં કરીને, સમરી પ્રભુ અને, ઇષ્ટને રાજી રાખો,
પાળો રૂડી પ્રજાને, હરખ થકી સદા, માનવંતા ગણાજો,
કીર્તિવાધો તમારી, અતિશય જગમાં, વિઘ્ન સૌ દૂર થાજો.

(જાયછે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—ઉદ્યાન.

જગદેકચંદ્ર—આહા, પ્રેમદાના કટાક્ષમાં વીંધાઇ ગયેલા એ અપૂર્ણતા દરશાવનારી ઈચ્છાથી ત્રિયા પાશમાં પડી રહી, ઘણો કાળ

ક્ષેપ કર્યો; તદ્યપિ રાજ્યની, ને ભ્રાતાની, શી સ્થિતિ છે, તે વિષે મેં કંઇ પણ વિચાર ન કર્યો. અરે ધીક્કારછે મને કે સ્ત્રી પાશમાં લુબ્ધ થઇને મારો લઘુ ભ્રાત કે જે અનેક પ્રકારના દુખાદી મુજ કાજે સહન કરે છે તેને પણ હું ભૂલ્યો ? મોહ પાશ શું પ્રબળ સત્તા ભોગવે છે. કહ્યું છે કે,—

*विश्वामित्रपराशरप्रभ्रतयोवातांबुपर्णाशना,
स्तेपिस्त्रीमुखपंकजंसुललितंदृष्ट्वैवमोहंगताः;
शाल्यन्नंसघृतंपयोदधियुतंभुंजंतियेमानवा,
स्तेषामिंद्रियनिग्रहोयदिभवेत्‌विंध्यस्तरेत्सागरे ॥

માટે હે પરમાત્મા આ કામાન્ધ પુરૂષને મોહ પાશમાંથી મૂક્ત કર ? (વિશાલાક્ષી પ્રવેશ કરે છે)

વિશાલાક્ષી—પ્રાણનાથ; આપ શું વિચાર કરો છો ?

જગદેકચંદ્ર—પ્રીય ! અન્ય વિચાર કાંઇ નથી. હવે તું મને રજા આપ કે જેથી કરી હું મારા વિયોગી ભ્રાતને મળું.

વિશાલાક્ષી—પ્રિય પતિ, આજ્ઞાનુસાર વર્તનાર દાશી આપની સહ આવવા તૈયાર છે ?

---

*ટીકા—ભતૃહરિશતક-વિશ્વામિત્ર તથા પરાશરાદિ જે વાયુ, પાણી, અને પાંદડાં, ખાનાર રૂષિઓ હતા, તે પણ સ્ત્રીનું મનોહર મુખ કમલ જોતાં મોહ પામ્યા; તો જે મનુષ્ય, ઘી, દૂધ, વા દહી, સાથે સુગંધી ભાત ખાય છે. તેમની ઈન્દ્રિયો જો વશ્ય રહે, તો સમુદ્રમાં વિંધ્યાચળ પર્વત પણ તરે. અર્થાત્ ઇન્દ્રિયો વશ રહેતીજ નથી.

જગદેકચંદ્ર—નહિ પ્રિયા અત્રે રહેવું હોય તો રહો.

વિશાલાક્ષી—ના, ના, પ્રીયપતિ, એવું "મા" વદો હું આપની સાથેજ આવીશ.

×भर्ताहिपरमंनार्याभूषणंभूषणैर्विना ।
एषाविरहितातेनशोभनापिनशोभना ॥

(સખીયો તથા અમાત્ય પ્રવેશ કરે છે)

વિશાલાક્ષી—બ્હેન ! મલ્લિકા, હવે સર્વે સાહિત્ય તૈયાર કરો?

મલ્લિકા—જેવી આજ્ઞા, (જાય છે.)

વિશાલાક્ષી—(અમાત્યને) પીતા તુલ્ય ? આજ હું મારા પ્રાણનાથ સાથે જવા ઇચ્છું છું.

અમાત્ય—બ્હેન ! આ શું વદોછો તારૂં વાકય સાંભળીને મારા ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ થાય છે, મેં તને લધુ વયે પાળી પોષી મોટી કરી તે આ સમયે શુ પરિત્યાગ કરવા?

વિશાલાક્ષી—શિરછત્ર ! મારા હીતમાં તમે કયાં અહીત કરવા બેઠા છો ? તમે કયાં **નથી** જાણુતા કે, **अर्थोहिकन्यापरकीयएव.**

અમાત્ય—બ્હેન ? ત્હારૂં કહેવું ખરૂં છે (ગદગદ કંઠે) તથપિ તું આજ સાસરે જશે એથી મને દુઃખ થાય છે, કંઠ રૂંધાય છે, અને હ્રદયમાં અગ્નિ પ્રજવલીત થાય છે.

×બ્રાહ્મણુશર્માએ.

ઠ: સ્ત્રિયોને ભૂષણ વિના પણ પતિજ પરમ ભૂષણ છે, કેમકે પતિ વિનાની સ્ત્રી શોભતી હોય, તો પણ શોભતી નથી !!

વિશાલાક્ષી—પીતા તુલ્ય ? આપના સત્યસ્નેહ વર્ણનો પરિત્યાગ કરી મને રજા આપો તો સારૂ.

અમાત્ય—બ્હેન ! તારે જવું હોય તો જા, પણ તારી આટલી બધી હઠીલઇ ?

વિશાલાક્ષી—આમાં મારી શું હઠીલાઇ છે (સખેદ) આપ મંદ બુદ્ધીવાન થઇ આમ શું કરોછો ?

અમાત્ય—બ્હેન ! તારે જવું હોય તો જા, પણ જોજે હોં, એતો સાસરે રહેવું !

વિશાલાક્ષી—કાંઇ ફીકર નહીં મારી તમે જરા પણ ચિંતા ના કરશો.

અમાત્ય—બ્હેન માયાળુ થજે ને કહ્યાગરી મંદોદરી જેવી થજે; ડાહ્યાપણમાં અરૂંધતિ જેવી થજે; સ્નેહમાં લક્ષ્મીજી જેવી થજે; જ્ઞાનમાં ગાર્ગિ જેવી થજે, ને તારા સૌભાગ્ય સૂચક સાથે માયાથી વર્તજે. વલી,

†अभ्युत्थानमुपागतेगृहपतौतद्भाषणेनमृता ।
तत्पादार्पितद्रष्टीरासनविधिस्तस्योपचर्यास्वयं ॥
सुप्तेतत्रशयीनतत्प्रथमतोजह्याच्चशय्यामिति ।
प्राचैःपुत्रिनिवेदितःकुलवधूसिद्धांतधर्मागमः॥

---

†ટીકા—**શારંગધર નીતિશાસ્ત્ર**—સ્ત્રીએ પતિ ઘરમાં આવે ત્યારે ઉઠી ઉભાં થવું, ભાષણ કરવામાં નમૃતા રાખવી, તેના ચરણમાં દ્રષ્ટી રાખી આસન આપવું, સેવામાં પોતે હાજર રહેવું, તેના સુતા પછી સુવું, અને પહેલાં ઉઠવું, હે પુત્રી એ પ્રાચીન પુરૂષોએ કુલવાન પૂત્રીના ધર્મનો સિદ્ધાન્ત કહ્યો છે.

બેન ? એ કુલવાન પુત્રીના ધર્મ કહ્યા છે, વળી—

×भर्तुःसमक्षमपितद्वदनंसमीक्ष्य,
वाच्योनजातुशुभगेपरपूरुषस्ते;
किंवाच्यएवरहसीतितवोपदेश,
शंकावधूपुरुषयोःक्षययेत्विहार्दम् ॥

હે ભાગ્યવાળી પૂત્રી માટે પર પુરૂષ સાથે કદી ભાષણુ ન કરવું, વળી—

*धवेपरोक्षेऽपिकदाचिदेयुर्गहंतदीयाअपिवामकान्ता।
तेपुजनीयाबहुमानपूर्वंनोचिन्नराशाःकुलदाहकाःस्यु:

×શંકરદિગ્વીજયે, સર્ગ ૩ શ્લોક-૭૩

હે સુંદર ભાગ્યવાળી પુત્રી ? સ્વામિના સમક્ષમાં, પણ પરપુરૂષની સાથે તેનું મુખ જોઇને તારે કોઇ વખત બોલવું નહીં તો પછી તારે અન્ય સાથે એકાન્તમાં બોલવું જ કયાંથી, અર્થાત્ બોલવું જ નહીં, એજ અમારી તને શીખામણ છે. (કેમકે તેથી તારાપર સંકા થઈ આવે છે) અને તેવી શંકા પતિ પતિન વચ્ચે સ્નેહનો નાશ કરનારી છે.

*શ્લોક-૭૫ સ્વામિ ઘેર ન હોય ત્યારે કદાચિત તેના ગુરૂ જનાદિ અથવા મિત્ર સગાં આદિ આવે તો તેમને તારે બહુ માન સર આદર સત્કાર કરવો, કેમકે જો તેમને તેવી રીતે આદર કરવામાં ન આવે તો તેઓ નીરાશ થઇને કુલનો નાશ કરનાર થઇ પડે છે.

(મલ્લિકા પ્રવેશ કરે છે) **વિશાલાક્ષી**—બ્હેન! તમને મ્હારા છેલ્લા પ્રણામ છે, હું તમારો કરેલો ઉપકાર કદી પણ ભૂલવાની નથી, અરે મ્હારી વ્હાલી સખીઓ! તમે વારંવાર સદુપદેશ રૂપી વરસાદથી મ્હારા ચલીત થયલા મનને ઘણી ધીરજ આપી તો, આજ આ સમય આવ્યો?

સ્નેહલતા—બેન એમાં અમે શું કર્યું અમે અમારી ફરજ બજાવી છે, થવાનું તે તો ઇશ્વરેચ્છાનુંકુળ થયાજ કરે છે. બ્હેન! જાવ છો તો ખરાં, પણ સાસરે સારી રીતે વર્તજો, કોઇ અન્ય સાથે કે **સ્વસહોદર સાથે ઉંચે સ્વરે બોલતાના, અનર્થરૂપ વાકય વદતાના, અવિવેક, ગાફલતા, દંભ, અદેખાઇનો પરિત્યાગ કરજો તથા દિયેર, જેઠ, વિગેરે ઉપર હેત રાખજો** ને—

સાર્દુલવિક્રીડીત.

રે સેવા કરજે સદા વડીલની, ક્રોધે નહીં બોલતી,
આજ્ઞા માન્ય કરી અરે પ્રીય ગણી, તો કીર્તિ તારી અતિ,
ભર્તા પાસ કદી ન રોષ કરતી, પ્રીતી દયા રાખજે,
નારી ધર્મ બજાવજે પ્રીય સખી, સુખી બધે તું થજે,

સાત્વીકી—(પ્રવેશ કરીને) કેમ બ્હેન! આજ જાયછે કે શું?

વિશાલાક્ષી—હા, મારા હૃદય વલ્લભ સાથે પરિક્રમણ કરવા ઉત્કંઠીતછું, પણ બ્હેન તું અત્રે આપણી સ્હાયભૂત સ્નેહલતા તથા મલ્લિકા સાથે રહેજે, ડાહી થજે, સદૈવ નમ્રતા રાખજે, ગતનો શોચ કરતી નહીં.

સાત્વીકી—(ગદગદકંઠે) રે, રે, બેન, તુ મને તજીને જઇશ ? વ્હાલી મને ક્યાં છોડી જાય છે, ત્હારા વિના વિવિધ પ્રકારના લાડ કોણ લડાવશે! અરે, દૈવ, આ શું કીધું.

(દીધાં છોડી પીતા માતા એ રાહ) (ગજલ.)

તજી આજે મુને વ્હાલી, કરી ન્યારી અરે ચાલી,
વિધાતા વાંકી થઈ બેઠી, અરે ચિંતા ઉરે પેઠી;
નથી માતા નથી પીતા, કીધું આશુ નથી શાતા;
દિનો મ્હારા દુઃખી જાશે, વિના વ્હાલી ન રે'વાશે;
હતિ જે આશ તો સારી, રહી રૂદે અરે મ્હારી;
વિયોગી તું નહીં થાતી, મને મુકી નહીં જાતી;
અરે ઓ દૈવ શું કીધું, લલાટે તેં લખ્યું છે શું;

વિશાલાક્ષી—બ્હેન છાની રહે, આમ શું કરેછે! જરા ધૈર્યધાર.

દૂ:ત—(પ્રવેશકરી) બ્હેન! ચાલો બારણે રથ તૈયાર છે !

વિશાલાક્ષી--હાં ચાલો. (જાયછે)

इति प्रथमान्क समाप्त.

द्वीतीय अंक प्रारंभः॥

પ્રવેશ ૧ લો.

સ્થલ—માર્ગ.

સંગ્રામસિંહ—આટલી બધી યુક્તી પ્રયુક્તી કરી, તદપિ, એ ચિત્તહર છબી મારે હસ્તગત ન થઇ. અરે એ મત્ત કેશીની (સાત્વીકી) ના નયનથી મધુર રસની ધાર રેલાવી આ બકુલ પુષ્પ જેવા દેહને શાન્ત પમાડું તો સારૂં ! ? ભલે ! ! મુજપર રાજ્યની અવ કૃપા થાય. ભલે ! દેહ રીબાય, ભલે ! ! પ્રાણ જાય, ભલે ! ગમે તેમ થાય તોપણ, એકવાર હૃદયા લિંગનતો કરવું ? આહા ! ! એના લઘુ ચીન્હ જોઇને મારે રગેરગ ક્રોધ પ્રસરી ગયો છે. હવે મ્હારે કઇ દયાથી, કઇ ફજેતીથી ભય પામવાનો નથી. આ દગ્ધ થયેલા વપુને શાન્તી પામવાનો ખરો રસ્તો તો એજ છે. હવે મારે યોગ્યાયોગ્ય વિચાર કરવાની જરૂર નથી ! માત્ર ધારેલી મનકામના પૂર્ણ થાય તેમજ કરવાની જરૂર છે. હે પરમેશ કૃપાલુ, ગયે ભવે તો મેં ઘણુંએ પાપ કર્યા હશે, પણ गतं नशोचामि, તદપિ આ સુંદર ગાત્ર વાળીને ખાતર વિરહાગ્નિનો અંત હવે સત્વર આવવા દે. (જાયછે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ઉદ્યાન.

સાત્વીકી—દૈવ ! ! તેં આશું કર્યું ? જેનો મારે પ્રથમાશ્રય હતો તેનો તેં પરિત્યાગ કરાવા આપત્તિમાં નાંખી? અરે ! વિધાતા ! હું તે કેવી ? તારી યુકતીનીતો પરિસીમા ! જેનો પ્રેમ મારાપર અગાધ હતો તેવી બ્હેન પોતાના હિતને માટે તજી ચાલી ગઈ ! ખરે ! સર્વ માણુસ હીતનાજ સગાંછે (સંગ્રામસિંહને પ્રવેશ કરતો જોઈ) અરે આ છાતીસરસા અલંકાર ધારણ કરી કટી સરસી સમશેર ગ્રહી ભરયોવનમાં પવનની ગતિમાફક ત્વરાથી કોણ આવેછે. (જરાજોઇને) અરે, કાળનોકાળ નીચ કૃત્યનો કરનાર સંગ્રામસિંહ પ્રવેશ કરેછે. અરે ! દૈવ ! હવે કયાં જઉં; કયાં નાસું. કયાં સંતાઉ, માર્ગ પણ નથી. અરે આ શું થયું. ? ? ?

સંગ્રામસિંહ—(પ્રવેશકરી) હે, કુલીન કન્યકા ? કેમ મધુરરસની ધાર વરસાવી આ દેહને શાન્ત પમાડેછે કે નહીં ? (સાત્વીકી શાંત થાયછે)

સાર્ત્વીકી—આ શો દુ:ખનો વરસાદ ! શું વિઘ્ન નડયું ! આ પાપી પ્રચંડ કર્મના શા ઝપાટા !

સંગ્રામસિંહ—તું અત્યારે ગમે તેમ બોલ તદપિ તારે, મારે સ્વાધિન થયા સિવાય છૂટકો નથી; હવે ત્હારૂં અત્રે કોણ બેલીછે ? તું કયાં નાશીસ ? (હસ્તપકડેછે) કયાં જઈશ ?

સાત્વીકી—હે શૂર પુરૂષ ? તું મને જવાદે, મને કાંઇ ત્હારી અપેક્ષા નથી.

સંગ્રામસિંહ—તું કેવી મૂર્ખી છું, શું ત્હારે મારી સાથે વૈ-ભવમાં કાંઇ બાકીછે ?

સાત્વીકી—ભલે ત્હારા વૈભવમાં, ત્હારી કિર્તિમાં ત્હારા કાર્ય માં કંઈ પણ ન્યુન ન હોય, તોપણુ મારે તે સઘળું સ્મશાન ઘટ્વત્ તર્જનીય જેવું છે.

સંગ્રામસિંહ—અરેતું આવું વાકય વદીને મારા અનિવાર્ય ક્રોધને શું કરવા પ્રગટ કરાવે છે? મને એકવાર હૃદયાલિંગન કરવા દે.

સાત્વીકી—છટ્! છટ્! આવું વાકય વદતાં તને જરા પણ શરમ આવતી નથી? (એમ કહી નાશવા જાયછે તેવામાં ક્રોધથી એક-દમ ખેંચે છે)

(સાત્વીકી રૂદન કરેછે)—**રાગ (હિંડી)**

પ્રભુ રંકનેછે સ્હાય સદાતારી,
ગણી આપની તું દાશી લે ઉગારી, પ્રભુ.
મૂને મૂકતો નથી તે અહીં આજે;
પરમ તું દયાલ રેજે મારી લાજે, પ્રભુ.
પ્રચંડ પાસમાં ફસાઈ અરે આવા;
મને રોકીને ઉભો ન દેતો જાવા, પ્રભુ.
(સંગ્રામને) કરૂં અર્જ આજ ઉર માંહી સ્થાપો;
રજાતો કૃપા કરીને આપ આપો, પ્રભુ.
નમીને કહું છું આપને પ્રતાપિ;
દયા રાખો ઉર માંહી ક્રોધ કાપી, પ્રભુ.

(પડદો પડેછે)

(જવનિકાંતર્ગતમાં)..............અરે, ધાવરે ધાવ ? આ પાપીના હાથમાંથી છોડવો ! ! કોઈ આ કેળનું રક્ષણ કરો ! આ પરાધિન થએલી સુશીલ બાલાને કુટીલપુરૂષના હાથમાંથી મુક્ત કરો ! ! અણ ચીંતવ્યું આ શું થયું. ધાવ ! ધાવ ! !

પ્રવેશ ૩ જો.

સ્થળ—વનમાર્ગ.

કુસુમરાય—આહા ! જગદિશ્વરા ત્હારી શું અગાધ લીલા છે! આવા સ્થલમાં મનુષ્યના સુખને સારૂં તેં સઘળી વસ્તુઓ ઉત્પન્ન કરી છે. આવા અરણ્યમાં પણ તેં સઘળી સૌંદર્યતા દાખલ કીધીછે. ખરે, ઉભય લોક પણ જયારે પોતાના સ્થળથી કંટાળેછે ત્યારે આવા સ્થળમાં તેઓ આવી દીન નિર્ગમન કરે છે. આ નિર્મળ ગગનમંડળને આ વૃક્ષનો સમૂહ જાણે ટીકા રૂપ થઈ પડયો ન હોય! એમ દેખાય છે. (એવામાં એક હરીણ દેખાયછે) અરે હું અદ્યાપિ પર્યંત શિકારને સારૂં કેટલા દીર્ઘ વિચાર કરતો હતો પણ આ રહ્યું, મૃગ, (બાણ ફેંકેછે, મૃગ નાશી જાયછે)

(વસંત તિલકા)

આ દોડતું હરિણ કેમજ હાથ આવે,
મિથ્યા ગયું શર ખરૂં પણ એ ન ફાવે;
કેણી ગમા ઝડપથી વળી દોડતું એ,
આરે પ્રચંડ શરથી નક્કી મારૂં એને;

(બીજું બાણુ ફેંકેછે ને મૃગ પડેછે) (એટલામાં એક યોગી પ્રવેશ કરેછે) **યોગી**—(સ્વગત્)

અરે ! હું ઘણા દિવસ થયાં વિચાર કરતો હતો કે મારા આશ્રમમાં પાળેલું મૃગ કોણુ જાણે શા સારૂ આવતું નહીં હોય ? પણુ આજ પૂર્ણું ખાત્રી થઇ કે આ પાતકી માર્ગ રોકી બેઠોછે તેથી નહીં આવતું હોય.

કુસુમરાય—(સહર્ષ) આહા ! ધારેલી વસ્તુ અલ્પ યત્ને પ્રાપ્ત થઈ! (જઇને જુએછે) **માલીની.**

સરસ અતિજ એની શી ત્વચા આવી રહીછે,
અરધ ઉઘડી અક્ષી સુખદાઈ ઠરીછે;
મમ સર થકી તો મર્ણુ પામ્યું બીચારૂ;
સુરત લલિત કેવી સર્વથા પ્રેમ વાળું,

યોગી—(મર્ણ પામેલું મૃગ જોઇને દીર્ઘ સ્વરે) ખબડદાર? એ પાપી દુષ્ટ, નિર્લજ, તેં આ સ્થળમાં મોટો જુલમ ગુજાર્યોછે.

કુસુમરાય—યોગીરાજ આપ આમ સુસ્ત થઇ તુચ્છ શબ્દોનું ભાષણુ શું કરોછો !

યોગી—હે નાદાન, જા, જા, અત્રેથી સત્વર પરિક્રમણ કર વિશેષના બોલ.

કુસુમ—કૃપાનિધાન આ લઘુ બાળકે આપનો શું દિર્ઘાપરાધ કીધો છે કે મુજપર આટલો બધો ક્રોધ કરી બોલોછો?

યોગી—અરે દૂષ્ટ મારા નિર્દોષ આ શ્રમમાં ઉછરેલા મૃગના તેં પ્રાણુ લીધા તેથી એ, જેટલું અન્નોદક વગર કષ્ટ પામ્યું છે તેટલું તું પામ ને તારાપર પ્રેમ રાખનાર કષ્ટ પામો. (એમ કહીને શ્રાપ દે છે)[1]

૧ આવો શ્રાપ દેવાનું કારણ:—મૃગ જેટલું દુઃખ પામ્યું તેટલું

(કુસુમ મુર્છા પામેછે ને યોગી જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ગુમાલય.

(રાગ સીતાજીના સ્હિના.)

સાત્વીકી—(રૂદન કરતી)

દિનાનાથ દયાલું કૃપાળ; પ્રભુ તમે શું કર્યું;
મુને કીધી તેં દુઃખી અપાર, સરવ સુખ તેં હર્યું. ૧
હું છું બાળક બુદ્ધિ વિહીન, દયા ઉરે લાવજો;
કરી પાપ તણીરે ક્ષમાય, વિઘ્નો સદા ટાળજો. ૨
હું તો પાપી પ્રચંડીને હાથ, આવી હવે શું કરૂં;
મારૂં અબળાનું શું છે જોર, ઝુરી ઝુરીને મરૂં. ૩
જ્યારે દેવુંતું દુઃખ અપાર, કોમળ અંગ શું કર્યું;
પ્રથમ દીધુંતું સુખનું દાન, આવું કષ્ટ કયાં પડયું. ૪
નીલકંઠ પ્રણુત પ્રતિ પાળ, તારો સદા આશરો;
મુને ઉગારો વિશ્વાધાર, સ્હાય તમે તો કરો. ૫

અરે ભલા દૈવ! આ શું કરવા બેઠો છે! શું તું મને પરાધિન કરવામાં વિશેષ સંતોષ માનેછે? અરે સહોદરથી પણ વિયોગી કરી આવી આપત્તિમાં નાખી? અરે રે, ભૂંડા દૈવ! ત્હારે જ્યારે આવું કરવું

તું દુઃખ પામ, કારણ કે તેં એના પ્રાણ લીધા, ને તારાપર પ્રેમ રાખનાર કષ્ટ પામો તેનું કારણ એટલુંજ જેમ હું મૃગપર પ્રેમ રાખનાર મૃગના મર્ણથી કષ્ટ પામું છું તેટલુંજ તારાપર પ્રેમ રાખનાર પામો.

હતું ત્યારે પ્રથમથી દુઃખરૂપી વર્ષાદની ધારા વર્ષાવી કેમ નહીં ? અરે પાપીને કહેલી મુદત પણ, પૂર્ણ થવા આવીછે. પ્રભુ ! માહા પાપી દુષ્ટ ને અઘોરના હાથમાં ફસાયલી, અનાથ અબળાનું, રક્ષણ કર ! (એવામાં કુસુમરાય આવેછે)

કુસુમરાય—આહા ! કમળ જેવું વદન, બકુલ જેવા દંત, કોકીલ જેવો કંઠ, પોતાના ઈષ્ટને વિનવતી સ્ત્રી, આવા એકાન્ત સ્થળમાં કયાંથી ? (પાસે જઇ)

સાત્વીકી—હે પથિક ! તમે આ સ્થળમાં કયાંથી ? અત્રેથી તમે પરીક્રમણ કરો ! કેમકે મહા દુષ્ટ ને અઘોર કૃત્યનો કરનાર જો આવશે, તો તમારો પ્રાણાન્ત સત્વર જશે, તો પછી દૈવ જાણે ! કેવીએ રતિ સમાન સ્ત્રીયો ઝુર્યા કરશે.

કુસુમરાય—(આર્તસ્વરે)

(ત્રીભંગી વૃત.)

તમ કેમ દીસો અહીં શોક સહી,
જનકોઇ નથી તમ વાસ મહીં;
વસતું કેમ આપ તણુંજ અહીં,
તમ નાથ ગયા પરદેશ મહીં;
સાત્વીકી—ક્રુર પાપિજ હાથ ફસાઇ અરે,
વનમાહીં વસું કહું શુંજ ખરે;
મૂજ દુઃખ તણો વળી પાર નથી,
ચિત્તમાંહી ચિંતા પ્રગટેજ નકી.

કુસુમરાય—એવો ક્રુર તે કોણ છે ?

સાત્વીકી—બળ્યું જવા દ્યોને રડયાનું નામ ? તમને હું વિનવીને કહું છું કે, તમે આ દ્વારેથી સંચરો તો સારૂં ! હું તો મારૂં લાગ્યું ભોગવીશ (સંગ્રામસિંહ પોકાર કરેછે)

સંગ્રામસિંહ—દ્વાર ઉઘાડ !!

સાત્વીકી—(કુસુમને) મમ કાજ તમે શા સારૂં જીવ વિપત્તિમાં નાખો છો ? એ પાપી મૂકવાનો નથી. માટે તમે જાઓ ! (વિનવી બીજે દ્વારે કહાડેછે ને દ્વાર ઉઘાડેછે. સંગ્રામસિંહ કુસુમને જતો દેખેછે તેથી)

સંગ્રામસિંહ—(સક્રોધ) રે દુષ્ટ આવા એકાન્ત સ્થળમાં તું કોની સાથે સંભાષણ કરતી હતી? શું નાશી બાશી જવા વિચાર કીધો છે કે શું ?

સાત્વીકી—હે મદોન્મત પુરૂષ ! આવા નિરર્થક તર્ક કરી શા માટે ક્રોધથી વદોછો ?

(વસંતતિલકા.)

શો ક્રોધ આપ કરીને મૂખથી વદોછો,
નિર્દોષ આ જીવપરે અતિ શું કરોછો;
જે ક્રોધ ધારણ કર્યો મનથી તજીને,
તે, મે'ર આપ કરજો વળી રંકનેરે.

સંગ્રામસિંહ—હે પાપીણી ! જવાદે બધી તારી લવરી ! એ સઘળી વાત હું જાણુંછું ? એ પાપી કુસુમ ત્હારી પાસે સંભાષણ કરવા આવ્યો હતો, પણ સ્મૃતિ રાખ ! અનેક યુક્તિ કરી એના પ્રાણ સ-

ત્વર લઈશ, કેમ ! ચાલ ત્હારી મુદત પણ પૂર્ણ થવા આવી ! હવે ધારેલી મનકામના પૂર્ણ કરેછે કે નહીં?

સાત્વીકી—હે ઉગ્રસ્વભાવી પુરૂષ ! જરા શાન્તિ રાખો ! આમ શું કરો છો ?

સંગ્રામસિંહ—ચાલ; જવાદે બધી ત્હારી ડાહી ડાહી વાત ! હું કાંઈ પણ માન્ય કરતો નથી. (એમ કહી ધક્કો મારેછે)

સાત્વીકી—હે સૂર્ય ભાસ્કર દીનમણી; ભગવાન આદિત્ય ! શું આ સમયે ત્હારો અસ્ત થયોછે ! આ તું કેમ જોયા કરેછે ! ત્હારા સહસ્ત્ર રશ્મિથી મને બાળી ભસ્મ કર.

સંગ્રામસિંહ—(ક્રોધાવેશ) ચાલ રાંડ અભાગણી દૂરથા, ત્હારૂં કાળુ કર, (દૂર ખસેડેછે) આહા ! મારા આટલા બધા પુરૂષાર્થને એણે તૃણવત્ ગણી કાઢ્યું ?

અરે સ્ત્રી હઠ શું થોડીછે ! જ્યારની એ મારા પાશમાં આવી છે ત્યારનીજ પ્રાણાન્ત સાનિધ્યછે એમ ધારી અન્નોદક અને નિદ્રાનો પરિત્યાગ કરી બેઠીછે. વળી તેમાં મારો પૂરો શત્રુ કુસુમ ઉત્પન્ન થયો; અરે મેં જ્યારનો એને દીઠોછે ત્યારનોજ જેમ પ્રાત:કાળમાં ભગવાન સપ્ત લોક ચક્ષુ પ્રગટ થઇ ધીમે ધીમે વૃદ્ધિ પામેછે તેમ મારા હૃદયમાં શનૈઃ શનૈઃ ક્રોધ વ્યાપ્ત થવા માંડયો છે. અરે જ્યારે એને જમપ્રાહુણું કરૂં તો જ શાન્તિ વળે. હવે જેમ બને તેમ યુક્તિ પ્રયુક્તિ કરી એને મારી સમશેરને સ્વાધિન કરૂં તોજ નીરાંત ? (જાયછે) (સાત્વીકી આગળ આવીને)

સાત્વીકી—ખરે, પાપીની બુદ્ધિ વિપરિત દશાને પ્રાપ્ત થવા બેઠીછે, જ્યારે મનુષ્યને વિપરિત દશા થવા બેસેછે ત્યારે તેને દંભ, ગર્વ ઈત્યાદિ અનેક અવગુણો આવી મળેછે ને તેને કાંઇ પણ સુઝતું નથી. ખરે એ પણ પાણીના વમળ જેવુંછે. અનેક પ્રકારની યુક્તિ કરી પાણી જેમ મનુષ્યને અંદર લેઈ લેછે તેમ વિપરિત દશા પણ કરેછે. ખરૂં દૃશ્યછે, છતાં અદૃશ્ય થઇ જાયછે, ચક્ષુ છતાં પણ દેખતો નથી, વિચારવંત છતાં પણ વિચાર કરતો નથી, સુજ્ઞ છતાં પણ નીતિથી વિરસ રહેછે; ખરે વિપરિત દશા! ત્હારી તો અદ્ભૂત કૃતિછે. કારણ કેઃ—

†असंभवेहेममयस्यजंतो,
स्तथापिरामोलुलुभेमृगाय ॥
प्रायःसमासन्नपराभवाणां,
धियोविपर्यस्ततराभवंति ॥

હે દૈવ! હવે તો તું કરે તેજ ખરૂં. કારણ કે "બહુ રૂણીઆને રૂણ નહીં ને બહુ દુઃખીઆને દુઃખ નહીં" પરમાત્મા! આ દુષ્ટનો અંત જે આણે તેની સાથે મ્હારૂં પાનું પડજો, ચાલ જીવ! પાપી ગયો; હવે હું ચંદ્રભાગામાં જાઉં (જાયછે)

†ટીકા—શ્રી મહાભારતાંતર્ગત સભાપર્વ, અધ્યાય, ૭૬

સૃષ્ટિમાં સુવર્ણમય પ્રાણીનો અસંભવ છતાં પણ રામ મૃગને સુવર્ણમય માની તેમાં લોભાયા, કારણ ઘણું કરી પડતી જેની પાસે આવીછે. એવા પુરૂષોની બુદ્ધિ વિપરિત થઇ જાયછે.

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ્ય સભા

પ્રતિહાર—અખંડ પ્રૌઢ પ્રતાપિ પ્રજાપ્રીય નરેન્દ્ર જગદેક-ચંદ્ર રાયને ઘણી ખમા !!!

વિદુષક—અલ્યા પ્રતિહાર ! શું તું મહારાજ વિદુષકની નકી પોકારવાની ભૂલી ગયો ? લે ચાલ ! ત્યારે મારો પ્રતિહાર હું જાતે બનું (દીર્ઘસ્વરે) મહારાજાધિરાજ ચેષ્ટાધિ પતિને ઘણી ખમા. !!

જગદેકચંદ્ર—અલ્યા આતે શું બકેછે ?

વિદુષક—મહારાજ અમનેજ ધન્યછે કે આ નાશવંત્ સં-સારમાં અવતાર લઈ વિવિધ પ્રકારના સુખાદિનો ઉપભોગ કરીએછીએ !

જગદેકચંદ્ર—પ્રધાનજી ! આપણા રાજ્યમાં પ્રજા અહોનીશ કેમ વર્તેછે ?

અમાત્ય—કૃપાનિધાન ! આપણા ન્યાયી રાજયમાં પ્રજા અહો-નિશ સુખ શાન્તિ ભોગવેછે, અને તેઓ કળાકૌશલ્યતામાં હમેશ પ્ર-વિણ રહેછે, તેમજ સઘળી વાતે આપણા રાજયમાં સુખ શાન્તિછે.

જગદેકચંદ્ર—પ્રધાનજી ! તમે જાણોછો કે રાજયનીતિ એક પ્રકારની થતી નથી, કીન્તુ અનેક પ્રકારની થાયછે. તેમજ રાજયવંશી ઓમાં હમેશ ખટ ગુણ હોવા જોઇએ.

×आज्ञाकीर्तिःपालनंब्राह्मणानां,
दानंभोगोमित्रसंरक्षणंच ॥

येषामेतेषड्गुणानप्रवृत्ता,

कोऽर्थस्तेषांपार्थिवोपाश्रयेण ॥

પ્રધાન—પૃથ્વીનાથ ! આપનું કહેવું સ્તુતીપાત્ર છે. જો આવા ગુણુથી રાજા વ્યાપ્ત ન હોય તો રાજ્યનીતિ ક્યાંથી ચાલે ? તેમજ તેમનામાં પૃથ્વી પાલન કરવાની શક્તિ ન હોય ને નીતિ માર્ગ પણ ન હોય તો પછી રાજાની તુલનામાં ગણવાનું શું પ્રયોજન? કારણ કેઃ—

***नृपस्यपरमोधर्मःप्रजानाम्परिपालनं ।**

दुष्टनिग्रहणंनित्यंननीत्यातेविनाह्युभे ॥

વળી—**अतःसदानीतिशास्त्रमभ्यसेद्यत्नतोनृपः ।**

यद्विज्ञानान्नृपाद्याश्चशत्रुजिल्लोकरंजकाः ॥

×**ભર્તૃહરી—ટીકા**—આજ્ઞા, કીર્તિ, બ્રાહ્મણનું પાલન, સત્પાત્રને દાન. ભોગ, આપત્તિ વખતે મિત્રનું સંરક્ષણ, એટલા છ પ્રકારના ગુણ જે રાજામાં હોતા નથી તેને રાજાની તુલ્યમાં ગણવાનું શું પ્રયોજન છે? અર્થાત છ ગુણ હોવાજ જોઇએ.

*ટીકા.—સુકનીતિ અધ્યાય. ૧

નિરંતર પ્રજાનું પાલન કરવું તથા દુષ્ટને દંડ દેવો એ રાજાનો પરમ ધર્મ છે, જે બન્ને નીતિ વિના બની શકતાં નથી.

માટે રાજાએ સદા યત્નથી નીતિશાસ્ત્રનો અભ્યાસ કરવો. કેમકે જેના જ્ઞાનથી રાજાદિ સર્વ, શત્રુને જીતનાર તથા લોકને રંજન કરનારથાયછે.

વેત્રધારી—(પ્રવેશ કરીને) કૃપાનિધાન, અત્રે કોઈ બ્રહ્મદેવ આવવા માગેછે.

જગદેકચંદ્ર—ત્વરીત પ્રવેશ કરાવ, (સંગ્રામસિંહ બ્રાહ્મણરૂપે પ્રવેશ કરે છે).

સંગ્રામસિંહ—મહારાજાધિરાજ! વિનંતિ! વિનંતિ હમારૂં રક્ષણ કરો! રક્ષણ કરો!

જગદેકચંદ્ર—એટલું બધું તે શું છે?

બ્રહ્મ—હે નરેન્દ્ર? મહા કષ્ટદાયક સ્થીતિ પ્રાપ્ત થઇ? જંગલના ક્રુર પ્રાણીઓ અતિ પિડે છે.

જગદેકચંદ્ર—શું આટલું બધું કરવા છતાં પણ એ ક્રુર ધ્વની બ્રહ્મના કર્ણથી વિમૂક્ત ન થયો, હવે એમનું નીરંકુશ મૂળ કાઢી નાખી બ્રહ્મ દેવને સુખી કરીશ. (**પ્રતિહાર**! કુસુમરાયને બોલાવો? (જાયછે ને બોલાવી આવે છે).

રાગ (**ધનાશ્રી**.)

કુસુમરાય—બોલાવીયો, શું કામ, પ્યારા બન્ધુ, બોલાવીયો શું કામ.
શાને કાજે આ રાજ્ય સભામાં પડયું મારૂં છે શું કામ, પ્યારા.
કૃપા કરીને આજ્ઞા આપો, હુકમ હોય જે ભ્રાત. પ્યારા.
માન્ય કરૂં નહીં વાકય તમારૂં, નીશ્ચે હું લૂણ હરામ, પ્યારા.
પાળી પોષી મોટો કીધો, વિદ્યા ભણાવી તમામ, પ્યારા.
આભાર મોટો માનું તમારો, આજ્ઞા હવે મુજ ભ્રાત, પ્યારા.

જગદેકચંદ્ર—વીરા! આજ તને વિનયપૂર્વક સુચવવાનું છે કે, આ બ્રહ્મ દેવ સાથે જઇ જંગલના ક્રુર પ્રાણીઓનો સંહાર કરી અત્રે સત્વર આવ?

કુસુમરાય—(નમનકરી) જેવી ભ્રાતની આજ્ઞા?

જગદેકચંદ્ર—જો જે હો વીરા! ક્ષત્રાણી જનનીનું પયઃ પાન, કરેલું મિથ્થા જવા ન દેનો! એમનું જડમૂળ કાઢી પૂર્ણાનંદ વર્તાવ કે જેથી કરી પુનઃ વિઘ્નદાયક થઈ ન પડે.

કુસુમ———ત્રુટકબનઝારો.

જાવુંવને (૨) અસિકરધારી દ્વીજ લોક કરૂં સુખ ભારી.
હું અહીથી સત્વર જાઉ, પુરપાટ અશ્વ દોડાવું,
અરે આ વાર, કરી સંહાર, આવું હું સાર, ઉર વિચારી. દ્વીજ.
હું ઉરમાં ઉલટ ધારૂં, ક્રુર પક્ષીઓને મારૂં,
કરૂં દ્વીજ કાજ, જઇને આજ, રાખીને દાઝ, ઉરસ્વીકારી. દ્વીજ.
હું ક્ષત્રી ધર્મ બજાવું, સમશેર કટી લટકાવું,
નથી કાંઇ બ્હીક, વાતછે ઠીક. લઇને શીખ, કરૂ તૈયારી, દ્વીજ. (જાયછે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—અંતઃપુર,

વિશાલાક્ષી—દાશી! અદ્યાપિ સુધી પ્રાણનાથ કેમ પધાર્યા નહીં હોય? દરરોજના કરતાં આજ વિશેષ વિલંબ થયો જણાયછે.

દાશી—બાઈ સાહેબ! આવો આપ નિરર્થક શોચ ન કરો, શાન્તિ રાખો, થોડા વખતમાં હમણાં આપના પૂર્ણ પ્રતાપિ ચંદ્ર પધારશે.

વિશાલાક્ષી—દાશી મારો આત્મા આ સમે જરાપણ શાન્તિ પામતો નથી, અરે એમના વિયોગનો સમય નિર્ગમન કરવો એ અતિ દુઃખદાયી થઇ પડેલોછે, ખરે! એમના દર્શનરૂપી અમૃત વૃષ્ટિ આ બલતા વપુ ઉપર પડશે, ત્યારે અંતરાગ્નિ પ્રદીપ્ત ન થતાં શાન્તિ પામશે.

દાશી—બા સાહેબ! જરા ધૈર્ય ધરો, રાજ્યકાર્યમાંથી વિમુક્ત થઇ આપના પ્રાણનાથ (આવતા જોઇ) આવ્યા. (પ્રવેશ કરેછે).

જગદેકચંદ્ર—કેમ પ્રીયા! આજ ત્હારૂં મુખકમળ નિસ્તેજ થયેલું માલમ પડેછે! દરરોજ જ્યારે હું રાજ્ય સભામાંથી આવતો કે ત્હારાથી તું વીનયવડે મારી સાથે સંભાષણ કરતી, પણ આજ તે સર્વનો પરિત્યાગ કરી ઉદાશ વૃતિરૂપી ચાદર ઓઢેલી હોય એમ દેખાયછે.

વિશાલાક્ષી—પ્રાણનાથ! (સખેદ) આપના વિના એક ક્ષણ જવી એ વર્ષ તુલ્ય થઇ પડે છે. ને અલ્પ વિલંબ થાય છે કે મારૂં હૃદય બહુજ ગભરાયછે.

જગદેકચંદ્ર—હે કૃશોદરી! ત્હારે તો એવે સમયે ધૈર્યતા રાખવી એજ પરમ ભૂષણછે.

વિશાલાક્ષી—પ્રાણનાથ, હજુ સુધી આપના લઘુ બ્રાત "કુસુમ" કેમ ના આવ્યા?

જગદેકચંદ્ર—હે સુવદને! તે મ્હારી આજ્ઞાનુંસાર ક્રુર પ્રાણીઓના સંહારાર્થે ગયોછે.

વિશાલાક્ષી—(એકદમ) હેં, હેં, આ શું કહોછો!

જગદેકચંદ્ર—હા, પણ તે સત્વર આવશે.

વિશાલાક્ષી—છટ્ છટ્, રીતિ તમારી? શું તમે આવી રીતે, તમારા બ્રાતનો પરિત્યાગ કરવા ઉત્કંઠીત છો? અરે આભ્યંતર ગુણોથી વિદિત ન થતાં, બાહ્ય ચિન્હથી દરેક કૃત્ય કરોછો?

જગદેકચંદ્ર—હે કુસાગ્રબુદ્ધે! આપણે આભ્યંતર ગુણુંથી વિ-

દીત થવાની જરૂર નથી, કારણ કે ધર્માવતાર જે બ્રાહ્મણ તેમનું રક્ષણ કરવું એજ આપણો પરમ ધર્મ છે.

વિશાલાક્ષી—હે ચંદ્રસમ! આપનું કહેવું યથાર્થ છે તદપિ (સક્રોધ) તમે આ કૃત્યમાં જરાપણ વિચાર કીધો નથી. દૈવે તમને આ બુદ્ધિ કયાં સુઝાડી, આવું કાર્ય કરવામાં મતિ કયાં દોરાઈ. (પૂર્ણા વેશમાં)

ફટ્ ફટ્ રીતિ આ નઠારી, નથી મુને ગમનારી,
નર્કમાં નખાવનારી, વંશને બગાડનારી;
કુળ ભાનને વિસારી, કર્યું છેક દુરાચારી, ફટ્ ફટ્.
ભાઇ જેવો ભાઇ તજી, આવ્યા અહીં શુંરે લઇ;
કયાંથી આવી રીતિ શીખી, ભાન બધું છોડી દઇ,
દયા કાંઇ નારે લાવી, પ્રપંચ કયાંથી ઉઠાવી;
કુરે નીતિ કયાંથી ભાવી, લોક મુખ શું બતાવી, ફટ્ ફટ્.
ધાટ ઉંડો સમજીને, જ્ઞાન ઉર મહી ધરી;
ન્યાયને તપાસી જોઇ, ભ્રાત હેત ખૂબ લઇ.
પાપનું આ કામ કર્યું, સુખ બધું તમે હર્યું;
હીત મન નવ લહ્યું, ફુરી તે તમામ ભર્યું, ફટ્ ફટ્.
પાપીનો પ્રપંચ ભેદ, સમજો ન ઝટ લઇ;
જાણી રીતિ બીતી નહીં, ન્યાય કરો ફટદઇ,

જગદેકચંદ્ર—પ્રીયા, પ્રીયા, પ્રાણાધાર, ધૈર્ય ધરને લગાર.
કુળટેકને વિચાર, આમાં નથી કાંઇ સાર;
એના હાથમાં કટાર, વાત પ્રીયા તું વિચાર, ફટ્ ફટ્.

જગદેકચંદ્ર—હવે એ વિષે તું કાંઇ પણ ના બોલ, ભાવિ હતું તે

થયું, જયાં સુધી એના કમલવત્ હસ્ત ઉપર વિજળીવત્ "કૃપાણ" બીરાજેછે ત્યાં સુધી કાંઇપણ ચિંતા કરવાનું પ્રયોજન નથી.

વિશાલાક્ષી—પ્રાણેશ્વર ! આતો તમે તદન અઘટીત કીધું, આવું કરી કયાં આવ્યા ? આપના લઘુ ભ્રાત કે જેને હું નયનથી જરાએ દૂર કરવા ઇચ્છતી નહોતી, તેને તમે આજ તજયો ! (ગદગદ કંઠે)

શાર્દુલ.

આવું કાર્ય અનર્થ રૂપ કરીને, આવ્યા તમે રે પતિ,
હિતાદિ ન વિચારીયું ઉર વિષે, આવી કરી કયાં કૃતિ,
એવી કોણ અભાગ્યણી વળી હશે, દેવ્રજને તે તજી,
માણેછે સુખભોગ શુભ સઘળો, વસ્ત્રાદિ સારાંસજી,
આતો હીત મહીં અહીત થઇને, આવી પડયું સર્વથી;
આહા ભ્રાત તજી અને દુઃખ કર્યું, ઝાઝું કહું શું કથી,
શાણા પૂર્ણ પ્રતાપિ આ જગતમાં, બન્ધુ તમારા ખરા,
શંભુ સ્હાય કરો તમે હર નિશા, છે મ્હારી એ પ્રાર્થના;

(એક દાશી પ્રવેશ કરેછે) **દાશી**—બા સાહેબ ! દેવિ પૂજનનો સમય થયોછે ને સર્વ સાહીત્ય તૈયાર છે ?

વિશાલાક્ષી—ત્યારે ચાલો (જાયછે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—ગુપ્તાલય.

સાત્વીકી—હે, દયા સાગર, સર્વ વ્યાપક પરમાત્મા ! મારા જેવી નિર્દોષ પૂત્રી ઉપર મેઘ વૃષ્ટિ તુલ્ય દુઃખ નાખવું એ તને જરાપણ ઉ-

ચીત નથી. તુ દીન વત્સલ થઈ આમ છેક કુરતા, અને નિર્દયતા શું વાપરેછે; મેં મ્હારી વ્હાલી સ્હાય ભૂત સહચરીયો તથા "અમાત્ય" નું પુનઃ દર્શન કીધું નથી. (એટલામાં સંગ્રામસિંહ બૂમ પાડેછે)

સંગ્રામસિંહ—દ્વાર ઉઘાડ ! !

સાત્વીકી—અરે શું કરૂં ! ખરે આ અર્ધ દગ્ધ વપૂને પૂર્ણ બાળનાર ને, મદન શસ્ત્રથી મરાવશો, તથા નીચ કર્મનો કરનાર પાપી પુરૂષ આવ્યો, લાવ હવે હું દ્વાર ઉઘાડું, (જોઇને) ખરે એની સાથે "કુસુમ" પણ હોય એમ માલમ પડેછે, અરે ! મહા પાપી પુરૂષ એને કોણ જાણે શી યુક્તિ પ્રયુકિત કરી લાવ્યો હશે ? ભલાદૈવ ! એને ઉગારવો એ ત્હારાજ હસ્તમાં છે. હવે એ દુષ્ટાત્માનો જે પ્રાણાન્ત લે તેની સાથેજ મ્હારૂં પાનું પાડજે (દ્વાર ઉઘાડેછે ને સંગ્રામસિંહ તથા કુસુમરાય પ્રવેશ કરેછે).

કુસુમરાય—ભૂદેવ ! તમે અત્રે કયાં લાવ્યા ?

સંગ્રામસિંહ—ચાલ, બેસ ! બેસ ! ભૂદેવ કોને કહે છે ? (સંગ્રામસિંહ પોતાનો વેશ ઉતારી નાંખેછે).

કુસુમરાય—અરે દ્વીજ દેવ ! તમે આમ અસત્ય શું બોલોછો?

સંગ્રામસિંહ—(જરા ક્રોધમાં) ચાલ, ન હોય અમે દ્વીજ ? દુષ્ટ ! હું ત્હારાં કાળાં કૃત્યની શિક્ષા આપનાર છું.

કુસુમરાય—શું તમારો જીવ કાંઈ ભ્રમીત થયો છે કે કેમ ? નમ્ર વાકયનો ત્યાગ કરી આવાં ક્રોધ યુક્ત વાકય કેમ વદોછો ?

સંગ્રામસિંહ—અરે દુષ્ટાત્મા ? શું ત્હારૂં મર્ણ ભમે છે કે કેમ? પાપી તુંજ મારા કાર્યમાં વિઘ્નકર્તા છું, પણ સ્મૃતિ રાખ ! કે હવે

તને અલ્પ કાળમાં યમદ્વાર પોહોચાડું ?

કુસુમરાય—આવાં તીવ્ર વાક્ય વદવાનું પ્રયોજન ?

સંગ્રામસિંહ—વર્ણશંકર? માત્ર ત્હારા કર્તવ્ય કર્મનુંજ ફલ આપવા ! હું કાંઇ દ્વીજ નથી ? જો હું કેવી યુક્તિથી તને અત્રે તેડી લાવ્યો છું? હવે તું છેલ્લીવાર ઇશ્વરોપાસના કરી લે ?

કુસુમરાય—અરે ભલા પુરૂષ ? બ્હારથી તેં કોમલતા બતાવી ને ત્હારા હૃદયમાં તો કઠીણતા છે.

સંગ્રામસિંહ—ચાલ ! ચાલ ! જવા દે બધું ત્હારૂં બોલવું (ધક્કો મારેછે) ચંડાળ ? શું તું આવું બોલી ત્હારા કર્તવ્ય કર્મની મારી માગે છે ? તને હવે મારી શમશેરથી હમણાંજ જગદિશ્વરને શરણે મોકલું છું. (મારવા જાયછે).

કુસુમરાય—(સ્વગત) ખરે હવે તો આ પાપી માનવાનો નથી, એને મ્હારૂં ખરૂં તાત્પર્ય જો ના બતાવું તો જરાએ પણ શાંતિ પામશે નહીં ! ચાલ જીવ ! હવે શીર પર આવી પડી ત્યાં કાંઇ જોવાનું નથી. દયાનો પરિત્યાગ કર્યા વિના છુટકો નથી. (પ્રકાશ)

રાહ (છો ભલે આવતો એ બહુ જોસથી)

શું સુખે બોલતો જોસથી આ સમે, હું નથી ધારતો અલ્પએમાં;
વાદ મિથ્યા કરી જોર જણાવેછે, સાર શું દેખીને આજ એમાં. ૧
હસ્ત દીઠો નથી જ્યાં સૂધી માહરો, ત્યાં લગી બોલ તું મન આવ્યું;
ચુર અસ્થી કરી આજ હું તાહરાં, હર્ષથી પક્ષીને રકતપાઉ. ૨
સંગ્રામ—ઓ અલ્યા અંધ ? તું બોલી શા કારણે, ફાવીયો કાળ કરમાં પિડાવા

દુઃષ્ટ દૂર્બુદ્ધિના માનવી ઇચ્છતો, યમ તણે મંદિરે માર ખાવા. ૩
સ્વર્ગના નાથની પાસ હું મોકલું, જાણજે સર્વથા શત્રુ ત્હારો;
આજ તું આવીયો ફંદમાં માહરા, ઉગરવા છે નહિ અન્ય આરો. ૪
કુસુમ—પારકી પ્રેમદા પાસમાં તું લઇ, ભોગવે ભોગ શું એમ ભારી;
પૃથ્વીપર પાડીને ભોંય ભેગો કરૂં, ભાળ દુષ્મન અરે આ કટારી. ૫
મર્ણ સમિપછે એમ તું ધારજે, ધારેલી ધારણા અહીંજ રહેશે;
છેડી તું મુજને સાર શું પામશે, રક્ત ત્હારૂં પશુ પક્ષી પીશે. ૬
ભૂમીપર ભારછે એમ તું માનજે, ભ્રષ્ટ ! આ પાપી તું નહી જ જીવે;
તર્ત આધિનથા ખડ્ગને માહરે, પ્રાણ રાખું નહીં આમ બીવે. ૭
(દ્વંદયુદ્ધ થાયછે સંગ્રામસિંહ ઘાયલ થાયછે).

સંગ્રામસિંહ—(પૃથ્વીપર પડી સુતો સુતો) હાય ! સાત્વીકી ! આમાં મહારો જરા પણ દોષ ન ગણીશ. ભાવી હતું તેજ થયું (દીર્ઘસ્વરે) **આર્યજનો ? આવું કાર્ય કોઇ પણ કદી ન કરશો ! આ નીંદીત્ કાર્યથી કેવાં ફળ થાય છે તે મેં ચાખ્યાં, આખરે અવદશા પ્રાપ્ત થઇ! જેને દુનિઆમાં દીર્ઘકાળ સુધી જીવવાની ઇચ્છા હોય, તેને આવા નીચ કાર્યનો પરિત્યાગ કરવો? જુઓ**—

*परिहरतु परांगना तुरंगं
इदमति जीवित मस्ति वल्लभंचेत्
हरिहरिहरिणी दशो निमित्तं
दश दशकंधर मौलयो लुठन्ति

વળી—**रक्षःपतिर्जनकजाहरणेनवाली,**

तारापहारविधिनासचकीचकोऽपि ॥

पांचालिकाप्रमथनान्निधनंजगाम,

तस्मात्कदापिपरदाररतिंनकुर्यात् ॥+

(મર્ણ પામેછે),

સાત્વીકી—શાબાશ છે વીરનર! તમને કે આ અનાથ અ. બળાને આવા દુઃમાંથી છોડવી હવે મારે તમને વિનયપૂર્વક કહેવાનું કે મારો ધારેલો સંકલ્પ પૂર્ણ કરો.

કુસુમરાય—ત્હારી સંકલ્પ સિદ્ધિ થવી એ ઈશ્વર ઈચ્છાનું ફુલછે.

સાત્વીકી—ત્યારે શું રાજહંસિણી મોતી ચારો તજી માંસાહાર કરશે! શું આવું સાચું રત્ન કાગડો ચુકશે! શું આવી પવિત્ર મનની ક્ષત્રીબાળા, અન્યનિર્દય પુરૂષને પ્રાણનાથ કહેશે! ઓ સત્ય, શૌર્ય, ગુણ ગુણાલંકૃત પુરૂષ! આપ જરા વિચાર કરો? એવું કદી બનવાનું નથી? આ અનાથ દાસીપર જરા કૃપા કરો?

---

*ટીકા—વળી જેને ઘણું જીવવાની ઇચ્છા હોય, તેણે પારકી સ્ત્રીનો સંગ ત્યાગ કરવો. કારણ આહા! હરિણી સરખાં નેત્રવાળી સીતા નિમિત્ત રાવણના દશ માથાં પણ રખડયાં.

+ટિકા—સીતાનું હરણ કરવાથી રાવણ, તારાને; હરી લેવાથી વાળી, અને દ્રૌપદીની છેડ કરવાથી કીચક મરણ પામ્યો; તેથી કોઇ કાલે પણ પરસ્ત્રીમાં પ્રીતિ કરવી નહિ.

કુસુમ—હે કુશાગ્રબુધે ? તારા ભરયૌવનના આવિર્ભાવથી તથા મદનોત્સવથી, આવી છેક અંધ બની ના જા ? તું જરા શુદ્ધાન્તઃકર્ણથી વિચાર કર!

સાત્વીકી—ભલે ગમે તેમ હોય પણ આ જીવિત સહિત દેહ ઉપર હવે તમારિ પૂર્ણ સત્તાછે ?

કુસુમરાય—હે પ્રસન્ન વદનવાળી મુગ્ધા? આ તને બોલવું અનુચિત્ છે, હું ત્હારી સાથે પ્રેમ પાસ બાંધવા જરા પણ ઈચ્છતો નથી. હે મકરકેતુના શસ્ત્રથી ભેદાયલી નવોઢા ? તું જરા વિચાર કર; આપ્તવર્ગના મતવિના આ કાર્ય કરવું એ જરા વિચારવાનું કૃત્યછે ?

સાત્વીકી—હે પ્રાણરમણ? આવું આપનું બોલવું એ, મને જરાએ પ્રીય લાગતું નથી, એકજ સ્થંભના પ્રાસાદમાં વસનારી **ઓખા** એ પોતાના મનમાનીતા પુરૂષ સાથે પ્રેમ પાસ બાંધ્યો તેમાં કયાં **કોભાન્ડ** અને **બાણાસુરને** જણાવ્યું હતું ? છપ્પનકોટી **યાદવોની** દેખરેખ છતાંએ **સુભદ્રાએ** અર્જુન સાથે કેવો પ્રેમ પાસ બાંધ્યો ? આશ્રમમાં ઉછરેલી **શકુન્તલાએ** દુષ્યન્ત સાથે ગાંધર્વ વિવાહ કર્યો તેમાં રૂષિની કયાં રાહ જોઇ હતી ? માટે પ્રાણેશ્વર ? એ સર્વ બોલવું છોડીદ્યો.

કુસુમરાય—પ્રીયા ! સ્નેહનું કામ તો હમેશાં એવુંજ છે, ખરે સ્નેહતો એક શાન્તિનું સ્થાન છે. સ્નેહ શું ન કરે ? એની તો અગાધ શકિત; આ ભવાબ્ધીમાં સ્નેહતો એક નાવિકા રૂપેજ છે; જો **સતિ શિરોમણી દ્રૌપદીને** તેના પતિ વચ્ચેનો પ્રેમ ? **સત્યભામા** ને કૃષ્ણ વચ્ચેનો પ્રેમ ? માટે હે હૃદયાલ્હાદિની સ્નેહતો અપરમિતજ છે.

સાત્વીકી—પ્રાણનાથ ? આપ સર્વ બાબતથી વિદીત્ છો ? ત્યારે

આ રંક દાશીને નિષ્ફલ દુઃખી સીદ કરોછો; ખરેખર હું આપને સર્વ પ્રકાશીત સૂર્ય સમક્ષ કહુંછું કે તમેજ મ્હારો પ્રાણ રમણ્ય થઇ ચુકયા છો ? ને હવે અત્રે વિલંબ ન કરતાં "ચંદ્ર ભાગામાં" પધારો. (જાયછે).

પ્રવેશ ૮ મો.

સ્થળ—શયનગૃહ.

(જગદેકચંદ્ર "વિશાલાક્ષી" સહ સુખાસના રૂઢ થએલોછે; ને "જવનીકાંતર્ગતમાં" ધ્વની થાયછે)

"રે ધીક્કાર છે તને ? કે લઘુભ્રાતનો પરિત્યાગ કરી અત્રે સુખમાં વાસ કીધોછે"

વિશાલાક્ષી—(આશ્ચર્ય) અહો, આવો રાત્રીને સમયે ભયંકર ધ્વની કયાંથી આવ્યો?(ચોગરદમ જોઇને) અરે અત્રે કોઇપણ જણાતું તો નથી. અરે જીવ ? તું શામાટે ગભરાયછે ? તારી ઈચ્છીત વસ્તુ પૂર્ણ કરનાર મહારાજ તારી સાનિધ્યછે. તો પછી ત્હારે ગભરાવવાનુ શું પ્રયોજન છે ? આહા ! પ્રાણનાથ પણ ભર નિંદ્રાવશ થયેલાછે. અરે ! એમને જગાડવાનું મારે શું પ્રયોજનછે ! ખરે ! એતો કંઈ સ્વપ્ન હશે ? લાવ ! જીવ ! ત્યારે હું જરા નિંદ્રાધિન થઉં (જરાવાર સૂવેછે, ને પુનઃ એવોજ ધ્વની થાયછે)

"રે ધીક્કારછે તને ? કે લઘુ ભ્રાતનો પરિત્યાગ કરી અત્રે સુખમાં વાસ કીધોછે." આહા ! પુનઃ વળી એવોજ ધ્વની થયો ? ખરે ! એ તો કંઇ સ્વપ્ન નથી પણ કંઈ અન્ય છે, માટે મારે પ્રાણનાથને જગાડવા

વિના છૂટકો નથી (પાસે જઈ જગાડે છે ને કહેછે) ઉઠો ? ઉઠો ? પ્રાણનાથ ? જુઓ જુઓ ? આ ગેબી ધ્વની કયાંથી આવ્યો (જગદેકચંદ્ર જાગૃત થઈ અચાનક)

જગદેક—પ્રીયા ? એતો કંઈ નહીં, માત્ર તને કંઇ સ્વપ્ન આવ્યું. અથવા તો અન્ય તર્ક તારા હૃદયમાં ઉત્પન્ન થતા હશે, તેને લીધે તને આમ લાગેછે.

વિશાલાક્ષી—પ્રાણનાથ ? મારા હૃદયમાં કોઇ પણ પ્રકારના તર્ક નથી, કીન્તુ આતો કંઈ અન્યછે. જો આપ સાંભળવા ઇચ્છા રાખતા હોય તો શાંત થઈ બેશો (શાંત થઈ બેસેછે. પુનઃ પણ એવોજ ધ્વની થાયછે)

વિશાલાક્ષી—કૃપાનાથ ? આપે સવિસ્તર થયેલો ધ્વની શ્રવણ કર્યો ?

જગદેક—પ્રીયા ? તારૂં કહેવું યથાર્થ છે. પરંતુ તે શું છે, તેની આપણે તપાસ કરવી જોઇએ (ચોપાસ જુએછે) અત્રે તો કંઈપણ માલૂમ પડતું નથી.

વિશાલાક્ષી—પ્રાણાધાર ? ધ્વનીતો કંઇ અલૌકીક તથા સૂચક જણાયછે ? તથા ધ્વનીનો ભાવાર્થ પણ આપના લઘુભ્રાત ઉપર જણાયછે.

જગદેક—(વિચારીને) પ્રીયા ! ત્હારૂં કહેવું યોગ્ય છે. ખરે કહેલી મુદત પણ પૂર્ણ થવા આવી તો પણ હજુ સુધી કુસુમરાય આવ્યો નહીં.

વિશાલાક્ષી—ત્યારે શું પ્રાણનાથ ? એ કંઈ ગહન કાર્યમાં રોકાયા હશે કે કેમ ?

જગદેક—પ્રીયા ! તે તો દૈવજાણે શું એ થયું હશે? પણ હવે તો

આતની શોધમાં જવા ઈચ્છુંછું. અરે! મેં અંતઃ વિચાર કર્યા વગર આ કાર્ય કીધું તેનાં ફલ મારે ચાખવાં પડશે!

વિશા—ભલે આપને જવું હોય તો જાવ, પણ આપની રંક દાશી આપનીસાહ લેતા જાવ ?

જગદેક—પ્રીયા! આમ શું બોલેછે. આવે સમે તારે આવી હઠ કરવી યોગ્ય નથી.

વિશાલાક્ષી—પ્રાણનાથ! આપના વિયોગમાં એક ક્ષણ નિર્ગમન કરવી એ એક વર્ષ તુલ્ય થઇ પડેછે.

જગદેક—હે રત્નકલા! ત્હારે મારીસહ આવી વનના અતિ ભયંકર દુઃખ વેઠવાં એ તને અતિ દોહલાં છે.

વિશાલાક્ષી—પ્રાણનાથ! જ્યારે તમને દુઃખ, ત્યારે મને સુખ ક્યાંથી? તમારે દુઃખે દુઃખી ને સુખે સુખી! કારણકે હું પણ આપની અર્ધાંગનાછું વળી—

[1]पतिर्हिदेवोनारीणांपतिर्बन्धु-पतिर्गति-,
पत्यासमागतिर्नास्तिदैवतंवायथापति-॥

[2]વળી-**भर्तादेवोगुरुर्भर्ताधर्मतीर्थव्रतानिच,**
तस्मात्सर्वंपरित्यज्यपतिमेकंभजेत्सती ॥

---

૧ સ્ત્રીઓને પતિજ દેવ, સ્નેહી તથા ગતી છે. ને તેના સમાન બીજી કોઇ ગતી નથી તથા દૈવત નથી.

૨ સ્ત્રીઓને પતિજ દેવ, ગુરૂ, પોષણ કરનાર, ધર્મ, તીર્થ, તથા વ્રત, રૂપ છે. માટે સર્વ છોડીને પતિનીજ સેવા કરવી.

જગદ્દેક—હે ચંદ્ર વદની ? ત્હારૂં કહેવું યથાથ છે. તદપિ હવે લાંબા વખત સુધી ત્હારે હઠ કરવી ઘટે નહીં. પ્રીયા ? તને મ્હારે શું કહેવું તું મને સત્વર રજા આપ ?

રાગ બનઝારો.

જગદ્દેક—મુને રજા આપો દીલદારી,
વિશા—એતો વાત ગમે નહીં સારી,
જગદ્દેક—પ્રિયા! અત્રે ત્વરાથી હું આવું
વિશા—નાથ વિયોગે અન્ન ન ખાવુંજી—
આ દીન કરો દુઃખીયારી, એતો વાત ગમે નહી સારી
જગદ્દેક—આજ હઠ છોડો મમપ્યારી
વિશા—આપે વાત વિચારી ન સારીજી
સાલે વિયોગનું દુઃખ ભારી, એતો વાત ગમે નહી સારી
જગદ્દેક—પ્રિયા! શાંત જરા મન રાખો
વિશા—એમાં નિતિ તમે શું દાખોજી.
હવે માનો તમે શીખ મારી, એતો વાત ગમે નહી સારી.

જગદ્દેક—હે કોમળાંગિ! સર્વ હઠનો ત્યાગ કરી અત્રે તું નિઃશંકપણે રહે હું ત્વરાથી આવીશ!

વિશાલાક્ષી—હે ચંદ્ર સમ! આપ "જાવ" આ શબ્દ કે'તાં મારી રસના જરાપણ ઉપડતી નથી. પણ ભલે આપને જવું હોયતો આપની સમશેરથી મારી પંચ ભૂતી સ્થૂલ દેહને ભિન્નતા પમાડો ?

જગદ્દેક—હે કુશાગ્રબુધે! આવે સમે તારે ધૈર્યતા રાખવી એજ પરંમ ભૂષણ છે.

વિશા—પ્રાણનાથ! અધુના તો હું કંઈ પણ વાત માન્ય કરવાની નથી; **ભલે** મુજપર દુઃખરૂપી વરસાદ પડે? **ભલે** અન્નોદક વિણ મમ પ્રાણ ટળવળે? **ભલે** કંટક પાદમાં વાગે? **ભલે** સહસ્ત્ર રશ્મિથી મારૂં વપું બળે? **તદપિ** તે જો આપના ચર્ણકમળ સમીપ થાય! તો તે સહન કરવાં યોગ્ય છે. કીન્તુ આપના વિયોગમાં વસ્ત્રાલંકારાદિ ધારણ કરી અંતઃપુરમાં બીરાજવું એ શતકોટી ધિક્કાર યુક્ત છે.

જગદેક—પ્રીયા! તું તારા મહા તીવ્રશરરૂપી વાક્યવડે મારાં હૃદયને કાં ભેદે છે? તું શાંતિ રાખી અત્રે દીન નિર્ગમન કર હું સત્વર આવીશ.

વિશાલાક્ષી—નાના? પ્રાણનાથ આ બોલવું આપનું અનુચિત્ છે. હું પણ આપની સહ આવીશ. હવે સૂર્યોદય થવા આવ્યો છે. **ભગવાન આદિત્યે** પોતાના **સહસ્ત્રરશ્મિરૂપીશરવડે** તીમિરનો નાશ કરી **શનૈઃ શનૈઃ** ઉદયગિરીપર સુવર્ણનું **અમ્બર** પાથરવા માંડયુંછે.

જગદેક—હે કૃશોદરી! તુ જરા વિચિક્ષણ થઇ દીર્ઘદ્રષ્ટીથી વિચાર કર! આમ શું વદે છે.

વિશાલાક્ષી—ભલે! ગમે તેમ હોય તદપિ હું આપની સહ આવ્યાવિના રહેવાની નથી.

જગદેકચંદ્ર--(સ્વગત) આહા, શું પ્રીયાનો ભારે સંકલ્પ છે ખરે મારા અને મારા ભ્રાતને કાજે એને કેટલું બધું દુઃખ સહન કરવાનું કમુદ્ર કીધું? હવે તો ગમેતેમ થાય તદપિ એને સાથે લેવી એજ ઉચીતછે ખરે જે પુરૂષને આવી સ્નેહાવર્ણવાળી સ્ત્રી હશે

તેનેજ આ નાશવંત્ સંસારમાં સુખાદિનું દ્વાર છે (પ્રકાશ) પ્રીયા જેવી ઇચ્છા ? ? (જાયછે)

પ્રવેશ ૯ મો.

સ્થળ—નગ્ર માર્ગ.

પ્રમતિસેન—અરે ! મનના વિચારો મનમાંજ સમાયા ! આ શું ! આ શો ગજબ ! હાયરે ! સઘળુ સ્વપ્નાજ રૂપ ! ! હુવે અત્રે દીર્ઘકાળ સુધી રહેવાની શી જરૂર ? સુખની આશા તો હવે સ્વપ્નમાંજ ! ઓ નિર્દય દૈવ ! આતેં શું કર્યું ? નૃપતિ ને રાજ્ઞીનો વિયોગ ! ઓ દેવી ! તમારેતો જાણે સતી દમયંતી તથા તારામતિનો દ્વીતીયાવતાર ન હોય ! શો દેવીનો અગાધ પ્રેમ ! અરેરે ! નૃપતિ તથા રાજ્ઞીના ગયાથી સર્વથા નગ્રમાં આપત્તિ ! હુવે આ નગ્રમાં અંધકારનો પડદો પડયો ! આ દેશનો ભાનુ આ સમયે અસ્ત થયો ! સઘળું સુખ નષ્ટ થયું ? ગીરીરૂપ દુઃખની સ્વારી આ નગ્ર ઉપર થઇ ! હાય ! હાય ! એ સઘળા કયાં મળશે ? હુવે હું કયાં જાઉ ? ખરે રાજાજી તો પૂર્વાભિ મુખે ગયાછે પણ લાવ હું આ તરફ પરીક્રમણ કરૂં ! કાંઇ શોધ લાગેતો સારૂં ! ! ઓ ! ! કુસુમ ! કુસુમ ! ત્હારે માટે કેટલો બધો શ્રમ વેઠવો પડેછે ! અરે ! દેવીનો દેવ ઉપર કેવો પ્રેમ ! આવી સત્યસ્નેહા વર્ણવાળી મહીલાઓ આ દુનિઆમાં ભાગ્યેજ હશે ! લાવ ! હવે વિશેષ વિચાર કરવાની જરૂર નથી હું સત્વર જાઉં. (જાયછે).

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—ગુપ્તાલય.

કુસુમરાય—સમુદ્રમાં ભરતી સમયે જેમ જળના અનેક તરંગો એક પછી એક આવ્યા કરેછે તેમ મારા મન રૂપી અબ્ધીમાં વારંવાર સંકલ્પ વિકલ્પ થયાંજ કરે છે. હે **કૃપાળુ વિશ્વપિતા?** મુખ્ય કારણ શું છે? તે મ્હારાથી કળી સકાતું નથી?

સાત્વીકી—આમ આવી નિરર્થક કલ્પનાઓ કરી હૃદયને શા માટે દગ્ધ કરેછો?

કુસુમરાય—આજ મ્હારૂં વામ ચક્ષુ ફરકે છે ને તરંગોથી સન્માર્ગ વિસ્મૃતિ થઈ જાય છે. ખરે! કાંઇ પણ અસુભ થયું હોય એમ સુચન થાય છે. (એટલામાં પ્રમતીસેન પ્રવેશ કરે છે) અહો **પ્રમતીસેન** આવો! આવો! તમે આમ કયાંથી ભયભીત થઈ આવો છો! આપનું મુખાર્વિંદ કેમ નિસ્તેજ દેખાય છે?

પ્રમતીસેન—(ગદ ગદ કંઠે) ભાઈ શી વાત કહું?

કુસુમરાય—પ્રમતીસેનજી; એટલું બધું શું છે? તે સત્વર દર્શાવો!

પ્રમતીસેન— **કેરબો.**

સુણો વાત મારી આજ વદુ સાચી વાણી રે,
વદુ સાચી વાણીરે વદુ સાચી વાણી રે, સુણો.
દેવ મણીરૂપ રાજ ગયા છે નગ્ર થયું શુન્યકાર,
શોધ તમારી કરવા પોતે રાખો ઉર વિચાર. સુણો.
રાજ્યનગર આ છોડી રાણા? ગયા વનની માંહ્ય.
ભ્રાત વિના આ જીવ તલપે છે પ્રગટે ઉર ચીંતાય. સુણો.

દેવી સાથે ગયા વનમાં માન્યું નહીં ભૂરાય,
પૂર્વ દીશા સધાવી પોતે હું આવ્યો તે હાંય. શુણો.
શોચ તમારે માટે કરતાં રાણીને વળી રાય,
રાજ્યપાટ આ તુચ્છ ગણીને, મનમાં અતી પસ્તાય. શુણો.

કુસુમરાય—હેં ! હેં ! આશું કહોછો ?

પ્રમતીસેન—હા ! તેઓ તમારે માટે અતી શોકમાં છે.

કુસુમરાય—ચાલ, ! ત્યારે આ સ્થળે હવે વિલંબ કરવો એ અનુચિત છે.

સાત્વીકી—પ્રાણનાથ ! કયાં જવા માગોછો ? આપની રંક દાશીને આમ વીયોગી કરી દીલગીર શીદ કરોછો ?

કુસુમરાય— (**કાના કીંકર ન માર.**) એ રાહ.

પ્યારી દીલગીર ન થા, મારે જાવુંછે સહી. (૨) પ્યારી.
બંધુજી મારો પ્રાણથી પ્યારો, નક્કી મળું હુંતો એને જઈ, પ્યારી.
નીકળ્યો મારે માટે વનેતો, બેસી રહું કેમ પ્રીયા અહીં. પ્યારી.
રજા આપો વારલગાડો નહીં આ, હવે જાઉ વેલો હુંતો તહીં, પ્યારી.
ચિંતા છોડો ખોટી પ્યારી વિચારી, આનંદે રહેજે તુંનો સહી. પ્યારી.

સાત્વીકી— (**નિશ્વાસ યુકત.**)

(**રાગ નર્મદાષ્ટક.**)

ભલે જવુંજ જાવને નથી હું રોકનારરે,
વિયોગથી અપાર દુ:ખ ઠામ સુન્યકારરે.
તમે ગયે દુ:ખી અમે થઈશું પ્રાણનાથરે,
અનાથ મુકી જો જશો તથાપી જીવ સાથરે.

અરે ખરેજ જીવ જાય શીવ ચિત્ ધારજો,
ગુણજ્ઞ આ વધુ મુખી ને આવીને ઉગારજો.
વરી, પરી, ફરી જવું ઘટે ન આપને પતિ,
તજો ન તારૂણીજ રંક આપી દુઃખરે અતી.

કુસુમરાય—પ્રીયા ! તું નીશ્ચીન્તપણે આપણા **સચીવ** "પ્રમતીસેન" સાથે રાજય નગ્રે જા, ને હું સત્વર આવીશ.

સાત્વીકી—પણ પ્રાણનાથ ! તમારા શિવાય હું કોને શરણે રહીશ. શું પ્રેમપાસનો અંત આવી રીતે આણો છો ! નાના !!! હૃદયવલ્લભ ! આવું તમને કદી ન ઘટે ! અલ્પ સંસર્ગથી પ્રસુતી પામતા પ્રેમને આવી રીતે છેદન કરી જવું એ આપના જેવા રાજયવંશી પુરૂષને યોગ્ય નથી.

કુસુમરાય—હે પીયુષ મધુરાધરે ! આવો શોચ ન કર ! જો ઈશ્વર ઇચ્છા પ્રબલ હશે તો પ્રેમામૃતનો ઉભરાઈ જતો ઘટ અતી ત્વરાથી પીશું ? (પ્રમતીસેનને) "પ્રમતીસેન" તમે સત્વર રાજ્ય નગ્રે જાઓ ?

પ્રમતીસેન—ના,ના. હુંતો આપની સહ આવીશ ને અન્નદાતાની સેવામાં આરૂઢ થઈશ ?

કુસુમરાય—તમારા જેવા સુજ્ઞને આવી હઠ કરવી યોગ્ય નથી, કારણ કે સર્વે રાજયકારભાર આ સમયે તમારાજ હસ્તમાં છે.

(જાયછે.)

इती द्वीतीयान्क समाप्त.

श्री त्रतीयान्क प्रारंभः

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ.

કુસુમરાય—(એક આમ્ર વૃક્ષતળે સૂતોછે અને અચાનક આંખ ઉઘડી જવાથી ઉઠીને કહેછે) **અરે! આ શું! હે દૈવ!** આ અઘોરવનમાં આમ તેમ રઝળીને પરિશ્રમ લાગવાથી, આં વૃક્ષ તળે જરા આરામ લેતાં હું નિંદ્રાધિન થયો, **અહો!** ભગવાન દિનકરમણી સાંજનો સમય હોવાથી જાણે સમુદ્રમાં પડતો ન હોય, એમ કેવું દેખાયછે! આ ભયાનક વનમાં વિકાળ જાનવરોના શબ્દો શ્રવણ કરી મારૂં હૃદય બહુ કંપેછે **અરે!** આ વરૂઓના ટોળાં ફાળ મારતાં ચાલ્યાં જાય છે! **ખરે!** આ બાજુએ સિંહની ગર્જના પણ સભળાયછે, **અરે!** આ અઘાડ અરણ્યમાં-સામી બાજુએ એક મોટા પહાડની હાર પણ શોભી રહીછે! કૃષ્ણ પક્ષના પ્રભાવથી અહીંઆં દેખાતા પ્રાણીઓ અદૃસ્ય થઈ ગયાંછે! તિમિરાદિ વખતે પશુ પક્ષીઓના કાન ફોડું ભયાનક વિવિધ પ્રકારના અવાજ, વાઘની સમાન ગાજી રહ્યા છે. **અહો!** હું શોક સાગરમાં ડુબી તર્ક વિતર્ક રૂપી ખડ્ગો સાથે અથડાઈ પડું છું, (ગદ ગદ કંઠે) હાય? હાય? હવે શું કરૂ? માર્ગ પણ સૂજતો નથી; રાત્રીપતિ કૃષ્ણ પક્ષ હોવાથી પોતે પણ ઘેર હાજરીમાં રહયો છે (એટલામાં "નીતિભાનું" પ્રવેશ કરે છે.)

કુસુમરાય—અરે, રે !! આતે શું ? **શીવ ? શીવ ? શીવ ?** આ કોણ આવે છે? વળી આ શા ભોગ લાગ્યા, કે ઘડીવાર દુઃખમાંથી વિશ્રાન્તિ લેવા ઉભો રહ્યો એટલામાં આ કોઇ પુરૂષ આવતો માલુમ પડે છે, **હર ! હર ! શંકરા** ? હવે મ્હારૂ શું થશે ? હે સર્વ ઈશ્વર ! તું મ્હારૂ રક્ષણ કરજે ? પેલો કોઈ અધમ, પાપી, ત્વરાથી સમિપ આવતો જાય છે માટે હવે આ સ્થળનો ત્યાગ કર્યા સિવાય છુટકો નથી, (નાશવા માંડે છે એટલામાં નીતિભાનું તેને જોઈ કહે છે).

નીતિભાનું—સબુર ? સબુર ? સબુર ? તમે શા માટે નાશો છો ? હું કાંઈ લુચ્ચો કે ચોર નથી હું એક દુઃખાદિથી વ્યાપ્ત પુરૂષ છું (જરા પાસે જઈ કહે છે) હે મહાભાગ ! આપ કોણ છો ? ને શા કારણસર આ અઘોર અરણ્યમાં આવ્યા છો ?

કુસુમરાય—(કંપતો) હે ભાઇ હું એક દૂર દેશના રાજા "જગદેકચંદ્ર" નો બન્ધુ છું ને આ ભયાનક વનમાં અતિ કષ્ટ પામતો આમ તેમ ભ્રમણ કરૂં છું.

નીતિભાનું—અહો ! જગદેકચંદ્ર ! ત્યારે તો તેનો અને મ્હારો થોડા વખત પર મેળાપ થયો હતો, અને તે નીતિ રીતિ, સદ્‌ગુણ ને કલાકૌશલ્યતાદિમાં નિપૂણ છે.

"ઇંદ્રવજ્રા"

ચાતુર્યતા બુદ્ધિ, **વિપુલ** ઝીણી,
શાસ્ત્રજ્ઞતા ધૈર્ય, અનુપ વાણી;
એવા ગુણોથી, જનવ્યાપ્ત જેછે,
જાણું હું **તેને, જગચંદ્ર** એછે.

ભાઈ ! આપણે ઉપાય રહીત થયેલાને લાંબાવખત સુધી આ અરણ્યમાં અસ્તીત્વ કરવું એ ઉચિત્ નથી.

કુસુમરાય—(આમ તેમ જોઇ) હે મહા ભાગ ! (આંગળી કરી) આ પણે શું દેખાયછે ! એ કોઇ યોગ્યાશ્રમ હોવો જોઇએ, ચાલો ! આપણે ત્યાં જઇ, જરા વિશ્રાન્તિ લેઈએ. (જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—વનમાર્ગ,,

વિશાલાક્ષી—આહા ! તમારા પ્રેમમાં લૂબ્ધ થયેલી પ્રીયાને વન નીરક્ષણકરવાની ઇચ્છા હવે પૂર્ણ થઈ, શું કહું ! આ સુંદર હવા જંગલમાં કેવી મંદમંદ આવે છે, આહા ! શું પરમેશ્વરે મનુષ્યના હિતાર્થે કેવી અનેક પ્રકારની ચીજો ઉત્પન્ન કરીછે ?

જગદેકચંદ્ર—પ્રીયા ! હારૂં કહેવું યથાર્થ છે, જોજો, આ ચમત્કાર ! આ મૃગ કેવું પ્રફુલ્લિતપણે, દોડતું જાયછે ! આ નિર્મલ ગગન મંડળ કેવું અતિશયોપમા બતાવેછે.

વિશાલાક્ષી—પ્રાણનાથ ! હવે તો અત્રે કોઇ રમણ્ય સ્થલ તથા વૃક્ષાદિ કાંઈ પણ દેખાતું નથી, આહા ! ઇશ્વરી કૃતિનું પૂર્ણ વર્ણન કરતાં કાલાન્તર વ્યતિત થાય, તદપિ યથાતથ્ય વર્ણન કોણ કરી શકેછે ? જ્યાં દ્રષ્ટિગોચર કરીએ ત્યાં સર્વતઃ રમણ્યતા દિશેછે.

જગદેકચંદ્ર—હવે આપણે આ સ્થળનો પરીત્યાગ કરી આગળ પરિક્રમણ કરવું, એ યોગ્યછે,

વિશાલાક્ષી—(અચાનક) હે ચંદ્રાનન, જુઓ, જૂઓ, આ શું દેખાયછે આવા અફાટ અરણ્યમાં **ભગવાન સપ્તલોક ચક્ષુએ મહેશ્વર પદ ગૃહણ કરી** અપાર તેજથી અવલોકન કરવા માંડયું છે; હાય ! આ શો સખ્ત તાપ ? હવે કયાં ગમન કરીએ.

જગદેકચંદ્ર—પ્રીયા ! દુઃખી મા થા ! હું પણ હવે ઉપાય રહીત બનેલો છું; ચાલ ! ચાલ! આગળ પરિક્રમણ કરીયે તો કાંઈ ફલાહાર મેળવીયે.

વિશાલાક્ષી—હવે હું શું કરૂં ! મારામાં ચાલવાની હવે જરા પણ શક્તિ નથી. ક્ષુધા પણ વિશેષ પ્રગટ થઇ છે.

જગદેકચંદ્ર—હે પ્રીય ભાવિણી ! આમ આવો અનર્થ શોચ કરી મારૂં હૃદય શું કરવા પાડે છે ! **"मनस्त्री कार्यार्थी गण यतिन दुःखंनचसुखम्"**

વિશાલાક્ષી—પ્રીય તમ ! હવે હું શું કરૂં ? મારાથી હવે ક્ષુધારૂપી દુઃખને સહન કરી શકાય એમ નથી.

જગદેકચંદ્ર—પ્રીયા ! તું સુજ્ઞ થઇ, આમ શું વદે છે ! આ સ્થલમાં ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય, એમ છે નહી, એમ છતાં, તું અત્રે થોડી વાર બેસ ! હું કાંઈ શોધ કરી સત્વર આવુંછું, (બેસેછે ને જાયછે) (પડદો પડે છે ને પુનઃત્વરીત ઉધડેછે.)

વિશાલાક્ષી—હાય ! દૈવ ! આ તેં શું કીધું ? આ વન ભ્રમણ કરતી એકલી અબળા ઉપર આટલું બધું વીઘ્ન ! અરે ! હવે હું કયાં જાઉ ? ને મ્હરા સૌભાગ્ય સૂચકનો પણ વિયોગ કરાવ્યો ? (ગદગદ કંઠે) આ પશુઓના વીકાળ ઘોરનાદ સાંભળી મ્હારૂં હૃદય જરા

પણ ધૈર્યતા પકડતુ નથી, ભલા દૈવ? વનચર જેવાં કીધાં તદપી તું જરા પણ સંતુષ્ટ ન થયો? અ,રે,રે; "કુસુમનો" તેમજ મારા પ્રાણનાથનો પણ વિયોગ!! એમનો વિયોગ થયે ઘણો વખત વહી ગયો તદપિ હજૂ સૂધી તેઓ આવ્યા નહીં ચાલ દૈવ? હવે બેસી રહેવું યોગ્ય નથી આગળ પરિક્રમણ કરી એમનો મેળાપ થાય તેમ કરૂં. (જાયછે).

પ્રવેશ ૩ જો.

સ્થળ—કટજંગલ.

જગદેકચંદ્ર—અ,રે,રે! ચાલતાં ચાલતાં થાકી ગયો, તથાપિ અદ્યાપિ પર્યંત કાંઈ ફલાહાર પ્રાપ્ત થયો નહીં, તેમ ભાઇ "કુસુમનો" તથા પ્રીયાનો પણ પત્તો હવે લાગતો નથી; ખરે! ચોગરદમ જોતાંતો અનેક વૃક્ષાદિનો સમુહ માલમ પડે છે; તેમજ આ સ્થળમાં કોઈપણ મનુષ્યનો આવર જાવર છેજ નહીં, તેમ માર્ગ પણ નથી, હવે હું ક્યાં જાઉં? ને શું કરૂં? હે જગદિશ્વર! તેં મને આવી અવળીમતી ક્યાં સૂઝાડી? કે પૂર્ણ વિચાર કર્યા સિવાય મેં મ્હારા ભાઇનો પરિત્યાગ કર્યો? અ, રે, રે, પ્રીયા! હવે તુ પણ ક્યાં હોઇશ! અરે ઇશ્વર! હવે એ સર્વ ક્યાં મળશે, મેં આ શું કીધું? (ગદ્દગદકંઠે) આશો ગજબ! પ્રીયા? ક્યાં ગયું ત્હારૂં ડહાપણ, શું તેં મ્હારો પરિત્યાગ કીધો! ક્યાં ગઈ ત્હારી લજ્જા, ક્યાં ગઇ ત્હારી નીતિ રીતિ, રે! રે! ત્હારી આ શી ગતિ, પુષ્પના પણ પગરખાં તને ખુંચતાં હતાં, પણ આ વનકંટક ત્હારા કોમળ પાદદ્વયમાં વાગશે,

ત્યારે શું કરીશ ! કોને કહીશ ! કોણ ત્હારી સહાય કરશે ! કોણ ત્હારૂ રક્ષણ કરશે ! અરે, રે ! શી વલે થશે ! ઓ મારા રણધીર ભ્રાત ! આ હતભાગ્યે તને તજ્યો ?

(રાહ ગજલની.)

ગુમાવ્યો મેં અરે શુરો, હતો જે ગુણમાં પૂરો,
ફર્યો હું વનમાં આંહી, મળ્યો ભ્રાતા નહી કાંઈ,
તજ્યો બન્ધુ અરે પ્યારો, વીના વાંકે કીધો ન્યારો,
અરે ઓ દૈવ શું થાશે, વીના વ્હાલા ન રેં વાશે,
પડ્યો હું પાશમાં ત્હારા, કર્યા બન્ને અરે ન્યારાં,
અરે હું શું કરૂં કીયા, મળે જેથી મુને પ્રીયા.

અરે ! મ્હારી પ્રીય પત્નીનું પણ કહેવું, તે સમયે ખરૂં હતું કે સર્વ વસ્તુ પ્રાપ્ત થઇ શકેછે પરંતુ માનો જણ્યો ભાઇ મળી શકતો નથી, કારણ કે—

શાર્દુલ વિક્રીડીત વૃત.

સ્ત્રીયો દેશ વિદેશમાં મળી શકે, મિત્રો મળેરે ખરા,
ખોયેલું ધન પ્રાપ્ત થાય કદિએ, વિદ્યા વધેરે જરા,
ઉદ્યોગીજન મેળવે ઘણું કરી, પ્રારબ્ધની સ્હાયથી.
એવો દેશ નથી દીઠો અવનિમાં, બન્ધુ મળે જ્યાંયથી.

ખરે ! એ વાતજ સાચીછે બાહ્ય ચીન્હ જોઇ પૂર્ણ વિચાર કર્યા સિવાય, અને અનુભવથી સિદ્ધ કર્યા સિવાય, કંઇપણ કાર્ય કરવું એ કેટલું બધું વિઘ્નદાયક થઇ પડે છે ! નિઃશંશયપણે પ્રેમ કેવોછે ? અરે દયાળુ કોમળ વપુવાલા લક્ષ્મણને પોતાના ભાઇ રામનેજ માટે કેટલું

બધુ દુઃખ અરણ્યમાં સહન કરવું પડયું હતું ? અહો ! ભ્રાતૃ સ્નેહ શું નથી કરતો ? ધર્માત્મા પુરૂષો પણ આવી કૃતિમાં પ્રમાણ ભૂતજ છે, હવે લાંબો વખત ઉભા રહી વિચાર કરે કાંઈ પણ સિદ્ધી થવાની નથી, **उद्योगिनंपुरूषसिंह मुपैतिलक्ष्मीः** ખરે આ વાક્ય આ સમયે પ્રત્યક્ષ સાક્ષીરૂપજ છે. ચાલ જીવ ! અત્રે કોઈ પાસેના નગ્રમાં જઈ શોધ કરૂં. (જાયછે).

પ્રવેશ ૪ થો.

સ્થલ—યોગ્યાશ્રમ.

કુસુમરાય—હે ભાઇ ! આતો કોઇ મહાત્માનો આશ્રમ જણાયછે.

નીતિભાનું—હા, આ ઝોલી, શૃંગી, અને તુમડી પડેલી છે, તે ઉપરથી એમ માલમ પડે છે કે એ કોઇ સંત પુરૂષનું આશ્રય સ્થાન હશે, આ વળી મૃગચર્મ પડેલું છે આ બાજુએ દર્ભ સમિધાદી છે પ્રાતઃકાળ થવાથી તે સર્વ સાહિત્ય તૈયાર કરી સ્નાનાર્થે ગયા હોય એમ માલુમ પડે છે.

કુસુમરાય—પ્રાતઃકાળ થવા આવ્યો છે, અહો અંધકારનો પડદો પણ હવે ઉઘડી ગયો, સર્વ જંગલના વિચીત્ર નાટકીયજનાવરો દ્રષ્ટી મર્યાદામાંથી વિમુખ થઇ શનૈઃ શનૈઃ ઉઘડવા લાગ્યાં છે અહો ? આકાશ તરફ જોતાં માલમ પડે છે કે પ્રભાતનો સુશોભિત પ્રકાશ સર્વે સ્થળે પ્રસરવા માંડયો છે, પૂર્વ દિશાના આકાશ તરફ જોતાં શ્વેત તેજનો પડદો ચડતો દેખાય છે, ને હવે તારાઓ પણ એક પછી એક અદ્રશ્ય થવા માંડયા છે, આખા નભનો રંગ બદલાઇ ગયો

છે, નાના મોટા વિવિધ પ્રકારના વૃક્ષો પ્રકાશીત થનાર ભગવાન સમલોક ચક્ષુની રાહ જોયા કરેછે, પવનની મંદ મંદ લહેરોમાં લીલા પીલા, શ્વેત, અને પ્રફુલ્લીત તરૂણ વયના છોડવા આ સ્થળે કેવા નૃત્ય કરી રહ્યાછે? અત્રેના સંત પુરૂષો પ્રભાતનો સમય હોવાથી ઇશ્વરોપાસના કરતા કરતા પોતાના સ્થાનનો પરિત્યાગ કરી સ્નાનાર્થે ગયેલા છે.

નીતિભાનુ—જૂઓ ! ભાઇ ! કૃષ્ણમય તેજ જવા લાગ્યું, ધરણીના અને વનસ્પતિના અને તારાઓના ઢાંકનાર તેજ વાળા આકાશનો રંગ હવે પ્રદર્શીત થવા બેઠો, સૂર્યોદય થવા આવ્યો ખરે આ અરણ્યમાં વસનાર મહાત્મા પુરૂષ હજૂ સુધી પધાર્યા નથી.

કુસુમરાય—ભાઈ ! ભ્રમર કમળ પુષ્પમાંથી હવે છુટા થયા, ને પૂર્વ દિશારૂપ સ્ત્રીએ સૂર્યરૂપ મોટો પુત્ર જણ્યો, જન સમૂહ પોતપોતાને ઉદ્યમે લાગવા માડયાં (સાશ્ચર્યથી) જૂઓ, જૂઓ, અરિ વર્ગને શાન્ત પમાડનાર બ્રહ્મને અભિવંદન કરતા કરતા કોઇ મહાત્મા આવે છે. (એટલામાં એક ચેલો પ્રવેશ કરેછે).

ચેલો—આ અરણ્યમાં તમે કયાંથી આવ્યા ?

કુસુમરાય—હે તેજમય પુરૂષ ! રજની સમયે માર્ગવિસ્મૃતિ થવાથી અમે અત્રે આવ્યા છીએ.

ચેલો—ભાઇઓ ! આવ્યા તો ભલે ! પણ હવે તમે અત્રેથી પરિક્રમણ કરો, કારણ કે અમારા રૂષિ અતિ ઉગ્ર અને ક્રોધીછે. (જાયછે).

પ્રવેશ ૫ મો.

સ્થળ—"નગ્ર સમિપનો દેખાવ.

વિશાલાક્ષી— (રાગ સહીઅર દુઃખ શું દાખવું)

જાઉ હવે પ્રભુ કયાં અરે, થાઉ મન ઉદાશ,
પાપ પેલે ભવ શાં કર્યાં, જેથી થાઉ નિરાશ. જાઉ હવે.
નગ્ર તજી આવી વન વિષે, દુઃખ દીલમાંહી થાય,
નાથ વિયોગતો શાંભળી, છાતી ફાટીરે જાય. જાઉ હવે.
સત્યના બેલી પ્રભુ તમે, દીશો ગરીબ નીવાજ,
સ્હાય કરો તમે આ સમે, નથી અન્ય ઈલાજ, જાઉ હવે.
એકલી મૂકી નાથતો ગયા, ફળ ફુલને કાજ,
મુકી રઝળતી મને અહી, ઉરે પ્રગટેછે દાઝ, જાઉ હવે.

અરે ભૂડા દૈવ? આ તેં મને ભારે સાલ કર્યું નીઃસંશય પણે મ્હારી દીનદશાને આમ ફેરવી નાંખી ? મ્હારા સુકોમળ અંગને ભારે દશાથી અસહ્ય દુઃખ ઉત્પન્ન કર્યું ? ખરે ! પ્રાણનાથનીજ સ્મૃતિમાં મ્હારો આત્મા તદન લીન થઇ ગયોછે, ને તે વજ્રના લેપથી મ્હારા અંતઃકરણમાં પ્રાણનાથનીજ છબી ચિંતા રૂપી ચિતમાં પ્રસરી રહી છે. (એટલામાં એક દાશી પ્રવેશ કરેછે).

વિશાલાક્ષી—બ્હેન ! તમે કોણુછો ?

દાશી—હું મહારાજા; મોહમિશ્રરાયની અંતઃપુરની દાશી છું ને પુષ્પાદિને માટે અત્રેના ઉદ્યાનમાં આવી છું. પરંતુ તમને જોઇ હું અહી આવી; આપ કોણુછો ?

વિશાલાક્ષી—અરે ! હું અધમ, કર્મહીણ, વિયોગી, અને અતિ દુઃખીછું. (દુઃખાવેશમાં) હાય, પ...પ...પતિ. ત...ત...તમે પણ આમ કર્યું, (જરા મુર્છીત થાયછે).

દાશી—(સ્વગત આશ્વાસન કરતી) હાય ! દૈવ ! આ શું દુઃખ છે, એના ચર્ણ કેવા સુશોભીતછે ! પણ ! ખરે ! જંગલમાં ભ્રમણ કરતાં કેવા થઇ ગયા છે, અરે ! શોક સરિતામાં એ કેવી ડુબી ગઇ છે ! એના ચકચકીત નેત્રો પોતાના પ્રકાશને તજી દઇ કેવાં ઝાંખાં પડી ગયાંછે ! એનું કોમળ અંગ આ કેવું ભુતલ ઉપર સુતું છે ! (પ્રકાશ) હે પ્રતીવૃતા ? આપ આમ માં કરો ! આમ કાંઇ **લજ્જાથી, કાંઈ નિભીતથી**, કાંઈ શોકથી, **અથવા શસ્ત્રથી** પણ બનવાનું નથી; જરા **હીમત રાખો, ધૈર્યતા પકડો** ! બ્હેન ! ચિંતા પરિ કરો ! થોડા દિવસમાં ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત થશે ? હાય ! દૈવ કરે તે માથાપર દૈવેચ્છાનું ફુલ થવાનુંછે.

*अरक्षितंतिष्टतिदैवरक्षितं,
सुरक्षितंदैवहतंविनश्यति ।
जीवत्यनाथोपिवनेविसर्जितः,
कृतप्रयत्नोपिगृहेनजीवति ॥

તો પછી એમાં કાંઇ આપણો જોરજુલમ ચાલે એમ નથી; (એટલામાં ઉઠેછે)બ્હેના **અશ્રુથી નયન માં ભીંજાવો! શોક, ચિંતા,**

---

* વિષ્ણુશર્માયે કહ્યુંછે. **ટીકા**—કે ઈશ્વરેચ્છા જેને અનુકૂલછે તે અરક્ષિત પણ સુરક્ષીત થાયછે, ને જેને અનુકૂલ નથી તે સુરક્ષીત પણ નાશ પામેછે. કેમકે કોઈ સમય વનમાં ત્યાગ કરેલ અનાથ પણ જીવે છે, ને ઘરમાં રાખી પ્રયત્ન કરેલ જીવતો નથી.

ને કરૂણવિલાપનો પરિત્યાગ કરો! ને સહર્ષથી મ્હારી સાથે ચાલો; મારાથી બનતા પ્રયાસે આપનો જેમ અભ્યુદય થશે એમ કરીશ.

વિશાલાક્ષી—બ્હેન? આવા કઠીણ સમયમાં જો, તું ન મલી હોતતો કોણ જાણે શું એ થાત, આ મ્હારૂં દુષ્ટ વપુ કયાંએ રઝલત! હું પતિસ્નેહ રહીત થઇ જાત! ને મારાં પંચતત્વ આ નાશવંત સંસારમાં આત્માને તજી કયાંએ ચાલ્યાં જાત ??

દાશી—+नानित्यंलभ्ततेदुःखं नानित्यंलभतेसुखं ।
शरीरमेवायतनं दुःखस्यचसुखस्यचः ॥

માટે બ્હેન! હું આપને વિનયસહ કહુંછું કે આપ આવું ના કરો, ને મ્હારી સાથે ચાલો? (જાયછે).

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ઉદ્યાન.

વિશાલાક્ષી—હે જગદિશ્વરા! ત્હારી શું અગાધ લીલાછે, ત્હારૂં માયાવીચક્ર ચાલાક કેવુંછે! અહા! મન પ્રફુલ્લિત કરે એવા આ સુંદર બાગમાં; તરૂણાવસ્થા ભોગવતા છોડવાઓ કેવી રમણ્યતા દેખાડે છે! આ જલાશયમાં પ્રફુલ્લિત થયેલા અંબુજ માટે અત્રે મધુકર કેવા ગુંજાર કર્યા કરેછે! અરે આ બકુલ! અને મોગરાદિ પુષ્પો! (સ્પર્સ કરવા જાયછે અને તરંગદાસ ધુરકેછે.)

+. નીરંતર સુખ અથવા દુઃખ હોતુ નથી પરન્તુ સુખ અને દુઃખ એ બેનું એકજ સ્થાન છે.

તરંગદાશ—અરે! એ સ્ત્રી! તું માલીકને પૂછ્યા સિવાય મદોન્મત પણે પ્રવેશ કરી કેમ ફુલ ચુટેછે?

વિશાલાક્ષી—અરે! એ ક્રોધી પુરૂષ! મુજ રંક ઉપર વિચાર રહીત બની આટલા બધા ક્રોધથી કેમ બોલે છે. મેં ત્હારાં પુષ્પને અથવા અન્ય વસ્તુને જરા પણ સ્પર્શ કીધો નથી.

તરંગદાશ—ચાલ! ચાલ! જવા દે બધી ત્હારી લવરી, મેં તને તોડતાં નજરે જોઇછે, ને વળી આવું અસત્ બોલેછે (પાસે જઈ) ચાલ! મ્હારા શેઠ કને. (એટલામાં દાશી પ્રવેશ કરેછે).

દાશી—અરે! એ મુર્ખ! પીટયા! આવું ફાટયું ફાટયું શું બોલે છે! જરા શરમાતોએ નથી, આવો ખોટો લવારો કરવામાંજ સમજેછેને શું! (એટલામાં સ્વર સાંભળી શેઠાણી પ્રવેશ કરેછે).

શેઠાણી—અલ્યા તરંગદાસ! એ શું છો કોની સાથે તકરાર કરેછે,

તરંગદાશ—આ સાહેબ! કાંઇએ નહીં આતો આપણા રાજાની દાશી સાથે કોઈ આવી છે; તે આપણા બાગમાં ફુલો ચુંટતી હતી.

શેઠાણી—મેર રઈડા! આમ તે શું બોલે છે? કોઇને ઓલખતોએ નથી? બલી ત્હારી અક્કલ! (વિશાલાક્ષીને) આવો બા આવો ભલે પધાર્યા, (જોઈ ઘણી ખુબ સુરતી માલમ પડવાથી). તમે અત્રે કયાંથી (આગતા સ્વાગતા કરી બેસાડેછે) અલ્યા! તરંગદાશ! ત્હારે જવું હોય તો જા; (દાશીને) બ્હેન! તમારે પણ પુષ્પાદિ લેઈ જવું હોય તો જાઓ, (જાયછે) બ્હેન! તમે કોણ છો

ને શા કારણુસર અત્રે આવ્યાં છે ?

વિશાલાક્ષી—અરે બ્હેન ! મ્હારા દુ:ખની શી વાત કહું; દૈવે મ્હારા ઉપર અતિ દુ:ખરૂપી વરસાદ વર્શાવ્યોછે, અરેરે ! વિપત્તીમાં કાંઈ બાકી રહ્યું નથી, ખરે ક્ષત્રાણિ છતાં પણુ આપત્ કાલમાં પુરૂષાર્થ; પરિત્યાગ કરી ચાલ્યું ગયું છે, ધૈર્યરૂપી નાવ તે પણુ દુ:ખરૂપી સમુદ્રમાં ડુબી ગયુ છે.

શેઠાણી—બ્હેન ! જે થવાનું હતું તે થયું પણ ચિંતાને પરિ કરો, ને હર્ષથી હવે પછી હું દુ:ખ રહિત છું એમ માની આ સ્થલમાં દિન નીર્ગમન કરો, ને સુખેથી આ મેહલમાં જાઓ? હું સઘલી વ્યવસ્થા કરૂંછું. (મહેલમાં જાયછે).

શેઠાણી—(એકલી) અહો ! હજૂ સુધી રાજાજી કેમ આવ્યા નહીં હોય ! નીરમાણુ કરેલો વખત પણુ જતો રહ્યો, ખરે ! કાંઈ જરૂરના કાર્યમાં રોકાવાથી વિલંબ થયો હશે. (એટલામાં આવતા જોઇ) અરે ! આ આવ્યા ! આયુરદાના તો બલીઆ છે !

મોહમિશ્રરાય—કેમ પ્રીયા ? અત્રે શું તર્કો દધિના તાર્કિય તરંગમાં તરે છે ?

શેઠાણી—કાંઇજ નહીં ! માત્ર આપનેજ માટે વિચાર કરતી હતી.

મોહમિશ્રરાય—એવા તે શા દીર્ઘ વિચારમાં ગરક થઈ હતી?

શેઠાણી—જો હું આજે મ્હારા વિચાર કહીશ ! તો; તમારૂં ચપલ ચિત ચલીત થયા સિવાય રહેનાર નથી ?

મોહમિશ્રરાય—ના, ના, પ્રીયા ! જો એવું હોય તો તેમને

ત્વરાથી કહે, ને હું તૃપા વસ્થામાં છું, તેથી મનમાનીત વસ્તુ કરીશ.

શેઠાણી—(જરા લજ્જીત થઇ) (મનમાં) (જો હું આ વાત રાજાને કહીશ તો મારાપર તેમનો ધાડો પ્રેમ રહેશે) (પ્રકાશ) બળી એ વાત જવાદોને ?

મોહમિશ્રરાય—અરે! એમ તે શું કરેછે! ત્હારે જે જોઇએ તે માગ! પણ શું છે તે મને સત્વર દર્શાવ? (સહર્ષથી કહેછે).

શેઠાણી—લો! સાંભલો ત્યારે? અહીં કોઈ ભ્રમણ કરતી કરતી નવયોવનમાં ખીલેલી કોઈ ક્ષત્રાણી તમ યોગ્ય આવી પહોંચી છે, આહાબ સરદ પુર્ણીમાના ચંદ્રજેવું જેનું વદન, મયુરના પીછ સરખા જેના કેશ પાસ, ને ભગવાન કુસુમાયુદ્ધનાં પ્રાવા સમાન ગણાય એવું જેનું અંગ વર્ણ, મીન જેવાં; જેનાં નેત્ર, કોયલ જેવી મનોહર વાણી, રતાશમય, ચુમ્બન કરવા યોગ્ય જેના કપોલ, મદોન્મત હસ્તીના ગંડસ્થળ જેવા જેના પયોધર, કદલી સમાન જેની જંધા, મંડપની ડાલી જેવા જેના બાહુદ્વય, રકત મય જેના પાદદ્વય—(વચ્ચે બોલી ઉઠે છે).

મોહમિશ્રરાય—હેં, હેં, એ શું કહે છે! એવી તે લલીત લલનાનો મ્હારી સાથે મેળાપ થાય એવું સાધન ત્વરીત બતાવ ?

શેઠાણી—ત્યારે જો તમે મ્હારૂં માન્ય કરતા હોય, તો ફલદાયક રસ્તો એજ છે કે; આપના રાજ્ય ચોકમાં ગરબા ગાવાનું ઠેરવો, ને હું એને સાથે લાવીશ?

મોહમિશ્રરાય—વારૂં પ્રીયા! ઠીક ત્યારે; પણ જોજે હોં એ સર્વ ત્હારા હાથમાં જ છે.

શેઠાણી—કાંઈ ફીકર નહીં! તમે નીશ્ચીન્ત રહો! (રાજા જાય છે ને શેઠાણી વિશાલાક્ષીકને આવી કહે છે) બ્હેન! આજ તમને એક વિનય સહીત વાત કહેવાની છે?

વિશાલાક્ષી—નિઃશંશય પણે કહો, જયારથી પરાધિનતા પામેલી છું ત્યારથી જ સાંભળવાને યોગ્ય છું.

શેઠાણી—બ્હેન! એવું કદું મા વદો? માત્ર મ્હારી સાથે રાજ્યચોકમાં ચાલો, ત્યાં નાના પ્રકારની વિચિત્ર ચીજો જોઇ શોકમાંથી મુક્ત થઇ મન પ્રફુલ્લિત થશે.

વિશાલાક્ષી—એવું રખે વદો! કારણ કહ્યું છેકે—

"*क्रीडाशरीरसंस्कारं समाजोत्सवदर्शनम्।
हास्यंपरगृहेयानं त्यजेत्प्रोषितृभर्तृका"॥

શેઠાણી—તમારૂં કહેવું ખરૂંછે, પણ સમયાનું કુલ વર્ત્યા વગર છુટકોજ નથી.

વિશાલાક્ષી—(સ્વગત) અરે! આ દુષ્ટના કહ્યા પ્રમાણે વર્ત્યા સિવાય ચાલે એમ નથી, જો ન માન્ય કરૂં તો એનું પરિણામ સારૂં નહીં આવે, ઈશ્વરેચ્છા! પરાધિનતામાં નીતિવીરસ રહેવુંજ પડે? (પ્રકાશ) વારૂં બા? તમારી જેવી આજ્ઞા.

---

† **યજ્ઞવલ્કયસ્મૃતિ**-ટીકા—જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તેણે રમત, શરીર શૃંગાર, માણુસના મેલાવડાની ધામધુમ જોવી, અતી હાસ્ય, તથા પારકે ઘેર જવું એટલાંવાનાં ત્યાગ કરવાં.

પ્રવેશ ૭ મો.

સ્થળ—માર્ગ.

જગદેકચંદ્ર—હે પરમાત્મા! આ શો ચમત્કાર? આ શું વિચિત્ર વસ્તુઓ જોવામાં આવેછે, અદ્યપિ પર્યન્ત હું જંગલે જંગલ ને વનોપવન ખોળી વળ્યો, તોએ પણ ભાઇ કુસુમને તેમ પ્રીયાનો કાંઇપણ પત્તો લાગ્યો નહીં, અરેરે! પ્રીયા! ત્હારી શું દશા હશે? આ પાપી કર્મના શા ઝપાટા! અરે! વનકંટકથી પગ પણ સુજી ગયોછે. અરે! ગિરી અને કરાડો ઉતરી ઉતરી થાકી ગયોછું, રે! વૃક્ષો? તમે મને પ્રત્યુતર કેમ કરતાં નથી? **ઓશોકરૂપસરદ્ ૠતુ? ને વસંત?** હવે તું પલાયન કર? મારે દીર્ઘદ્રષ્ટિથી હવે વિચાર કરવાની જરૂર નથી? આ આમ્રવૃક્ષના મૃદુ પાંદડાંનું મ્હારે અવલોકન કરવાથી શું થવાનું છે? એ કયાં મ્હારા બંધુની શોધ બતાવનાર છે! ઓ **આશોપલ્લવ**! ઓ **બકુલ**! ત્હારી સુગંધો લેવાથી શું ફળ! ઓ સુસ્વરગાનારી **મદનસારીકા** ત્હારૂં મધુર ગાયન બંધ કર! ઓ **માલતિ** પુષ્પના પરિમલ વાયુ તુ નષ્ટ થા! અ, રે, રે, બંધુ વિના આ સૌંદર્યતા નિરક્ષણુ કરવાની શી જરૂર? ઓ **ચંદનવૃક્ષ** ઉપર **બેઠેલા મયુર**! તુ કાંઇ મ્હારા ભાઇની સોધ બતાવેછે? ના, ના, અત્રે કોઇપણ પ્રત્યુત્તર કરતુજ નથી. અરે દૈવ્ય! હવે શું કરૂં! હે ભાઇ! **કયાં** ગયું ત્હારૂ ભોળાપણું! **કયાં** ગયો ત્હારો ભ્રાતૃસ્નેહ? **કયાં** ગઇ ત્હારી ધૈર્યતા! અરેરે આ હતૂભાગ્યને શું કહેવાશે! હે દૈવ! હવે તો હું છેક ઉપાય રહીત બનેલોછું, ને ત્હારા ચર્ણમાંજ મ્હારૂં

મસ્તકછે ? (એટલામાં વનવીરને રૂપસિંહ પ્રવેશ કરેછે, ને વનવીર જગદેકચંદ્રને કહેછે.)

વનવીર—ભાઇ! તમે શું વિચાર કરોછો ? ને નિશ્વાસ યુક્ત વાકય કેમ વદોછો ?

જગદેકચંદ્ર—અરે મ્હારા વિશ્વાસુ ભ્રાત!! મને શું પૂછોછો! મ્હારો નયનાનંદ ગયો, તે વિચાર મ્હારા હૃદયમાં હમેશ પ્રગટેછે અને મ્હારી પ્રાણ પ્રીયાનો પણ અરણ્યમાં વિયોગ થયો! અરે સર્વત્રઃ પ્રકાશ પાડનો મ્હારો લઘુભ્રાત "કુસુમ તેમજ મ્હારી પ્રીયા" એઓનું પુનર્દર્શન કીધું નથી. રે! આટલું બધું થતાં દુષ્ટાત્મા આ દેહ તજી જતો નથી.

રૂપસિંહ—અરે, ભાઈ એમછે તોપણ જરા શાન્તિ રાખો સબુરીનાં ફલ હમેશાં મીઠાં છે, માટે અમારી સાથે નગ્રમાં પ્રવેશ કરો! અમો તમારૂં દુઃખ નિવાર્ણાર્થે બનતા પ્રયાશ કરીશું. (જાયછે).

પ્રવેશ ૮ મો.

સ્થળ—રાજયચોક.

રાણી—હજૂ સુધી શેઠાણી કેમ ન આવ્યાં ? મને લાગે છે કે ગૃહકાર્યમાં એઓ કાંઇ રોકાયાં હશે.

દાશી—ના, ના, જુઓ ! તેઓ આવેછે. (જે દાશી પ્રવેશ થતાં નગ્ર સમિપ દેખાવમાં મલી હતી તે).

દાશી—(વિશાલાક્ષીને) બ્હેન ! નમ્રવાકયથી અભીવંદન કરૂં છું; તમે અત્રે પધારી ઘણો ઉપકાર કીધોછે.

વિશાલાક્ષી—બ્હેન ! પુનર્દર્શનથી હું ઘણી ખુશી થઇછું, ને મને

મ્હારી આવી વખતે મોટી ઓથ મળવાથી ઘણી આભારી છું.

દાશી—બ્હેન ! નિઃશંશય પણે રહો ? પ્રભુ સર્વે સારાંવાનાં કરશે ? (સર્વે મળેછે)

રાણી—સહચરી ? હવે પૂર્ણીમાના ચંદ્રોદયમાં એક મનહર ગીત ગાઓ (મોહમિશ્રરાય ખુણામાં બેઠો છુપી રીતે સાંભળેછે).

ગરબો.

ચાલો, ચાલો, બેની તમે આજ, આપણે રમીએરે;
તમે રાખોને ઉર ઉમંગ, રંગમાં ભમીએરે.
પૂર્ણ ચંદ્ર ખીલ્યો અતી, મનહર કરી પ્રકાશ,
પૂષ્પો ખીલ્યાં અતી ઘણાં, બેની ? જૂઓને હારો હાર, આપણે.
ખીલ્યોછે બટ મોગરો, ગુલાબને સેંતુર,
રમ્ય વસંત રૂતુ થકી, બેની ? મન સૌના આતુર, આપણે.
વાયુ આવે અતી ઘણો, શોભાનો નહીં પાર,
કોયલો ટવકી રહી, અહી ભ્રમર કરેરે ગુંજાર, આપણે.

મોહમિશ્રરાય—(સ્વગત) આહા ! શું એનું વપુ મારા મનને વ્યગ્ર કરનારૂંજ છે ! એના મનહર શબ્દો કોના રૂદયને ભેદી નહી શકે? ખરે ભાગ્યવાન પુરૂષ હશે તેનેજ એના કમલમય હસ્તનું પાણી ગ્રહણ કર્યું હશે ! આ અવનીમાં જે મનુષ્ય અવતાર લેઇને આવી મૃગનયનીનું અધરા મૃત પાન ન કર્યું તેને તો ધીક્કારજછે, લાવજીવ ? હવે મારે અત્રે કોનાથી ભય પામવાનું છે ? માત્ર અહીં મારી પ્રીયા અને દાશીઓ સિવાય બીજું કોણછે, (જરા વાર વિચાર કરી નીર્ભયપણે વિશાલાક્ષી પાસે જાયછે ને તેનો હસ્ત પકડેછે).

શિખરણી વૃત્ત.

રાજા—અરે કાન્તિ ત્હારી, કનક સમ કે'તાં વધી પડે,
નથી બુદ્ધિ ભારી, વરણુ તમકે' વા મતીવડે,
અરે તું તો નારી, કમલ વદની સ્ત્રી અહીં દીશે,
નથી જોતાં ભારી, અવરહીત કરતા જગ વિષે.

(દાસી સિવાય સર્વે નાશી જાયછે)

દાશી—(સ્વગત) ખરે ! હવે રાજાની મતી વિપરીત થવા બેઠી છે, અરે ! આ બીચારી ઉપાય રહીત બનેલી અબલાને પોતાના પાસમાં ફસાવેછે. હવે મારે કેમ કરવું ! જો હવે એ પતિવૃતાનો પરીત્યાગ કરી ચાલી જાઉં, તો પછી અહીં એનું બેલી કોણછે? આ સમયે એ બીચારીને મારા સિવાય બીજી કોની ઓથછે, ખરે ! આ પાપીણી શેઠાણીનુંજ આ કર્તવ્ય કર્મછે.

રાજા— **શાર્દુલ વિક્રીડીત વૃત્ત.**

ગુલાબી તુજ આ કપોલ નિરખી, ચક્ષુ રહ્યાંછે ઠરી,
નાભીની કટ પાતલી કટી અરે, કંઠેજ માળા ધરી,
વાણી મંજુલ તન હેમ સરખું, ભુજંગ વેણી વશે,
ચારૂ સર્વાંગી ખરેજ વનીતા, આ ઠામ માંહી દીશે.

મનહર છંદ.

રૂપ ત્હારૂં અનુપમ, પ્રિય હું જોઇને આજ,
શશિ મુખ નારી જોઇ, આનંદે મલકાઉં છું;
હંસ ચાલ, મૃગનેણી, કદલી સમછે જંઘ,
કૂચ તોડા, જેવા જોઈ હૃદયે ફુલાઉં છું;

સખી સાથે ચાલે ઘણી, ચપલતા રાખી પોતે,
હસમુખી નારી દીઠી, હરખે છવાયેલું.

વિશાલાક્ષી—(નીશ્વાસ યુક્ત) ગજલ.

કોણછો પ્રતાપી આપ, શું તમારી જાત,
હસ્ત આપ છોડીને, જરા કરો વિચાર,
શર્મ, ધર્મ, કર્મ, છોડી, શું બતાવો સુર,
પ્રતાપી આપ સુજ્ઞ થઇને, શું ગુમાવો નુર,
સર્વ મારી સાથીઓતો, છોડી ગઇછે દૂર,
હસ્ત આપ છોડોને, હું જાવાને આતુર,
મુખ ચંદ્ર જેવું દીશે. ને કરો શું આમ,
વ્યર્થ કામ આ કરીને, શું બતાવો હામ.

મોહમિશ્રરાય—તું આમ શું કરવા ગભરાયછે, જરા વિલંબ કર; હું કાંઈ તને દુઃખ દેનાર નથી ?

વિશાલાક્ષી—તમે આમ સુજ્ઞ થઇને શું વદોછો ? તમને સાષ્ટાંગ પ્રણામથી કહુંછું કે મારો હાથ મૂકો.

મોહમિશ્રરાય—તું આમ મીથ્યા વાદ શા માટે કરેછે ? મારી અન્ય ભાવનાને શાન્તિ પમાડનાર તુંજ છે !

વિશાલાક્ષી—હે વીરનર ! હું તે કઇ રીતે બરલાવું ? તમારા જેવા ગુણ ગ્રાહીને આ પ્રસંગે અન્ય ભાવના ઉત્પન્ન કરવી યોગ્ય નથી.

મોહમિશ્રરાય—તું આવા નિરાધાર સમયમાં આવું વદી કા-

લક્ષેપ ના કર.

વિશાલાક્ષી—અરે! આપનું બોલવું તદ્દન નીતિ વિરસ છે; ને આ સમયે રજપૂત તન થઈ પરદારા સાથે આ રીતે એકાન્ત સંભાષણ કરવું ઘટે નહીં ? (એમ કહી કંપે છે).

મોહમિશ્રરાય—તું આ નીર્ભય સ્થળમાં શામાટે ગભરાય છે, આ સ્થળે મુજ વિના તને સ્હાય કરનાર કોણ છે?

વિશાલાક્ષી—આ, દયા રહીત અસત્ય ભાષણ બોલતાં આપની રસના જરાપણ અટકતી નથી ?

મોહમિશ્રરાય—તારો નીતિવાદ મિથ્યા છે, તારાજેવું મનહર રત્ન, શું મારા વિના રહી શકશે ?

વિશાલાક્ષી—(સ્વગત) અરે રે, હાય આ દુષ્ટ માણસના ફંદમાં કયાં ફસાઈ. આ સમયે પ્રીય દાશી પણ શાન્ત થઇ રહી છે; અરે એ શું કરે! હવે હું કયાં જાઉ! ને શું કરૂં! આ અઘોર અને કૃતઘ્નપણું કરનાર કદી છોડનાર નથી ? અરે પ્રભુ! તું મારી વિપરિત સ્થીતિ કરવા બેઠો છે કે શું ? પરમાત્મા આ બધી લજ્જા હવે ત્હારાજ હસ્તમાં છે.

દાશી—હે પતિવૃતા! હવે અહી એક પણ શબ્દ ન બોલતાં સત્વર ચાલો. (જવા માડે છે ને રાજા અટકાવે છે)

મોહમિશ્રરાય—મધુરી પ્રીયા! તું કયાં જાય છે? આ નિર્ભય સ્થળ છે ને ?

વિશાલાક્ષી—(સ્વગત) રે આ પાપી માણસ મારો હાથ પકડી ઉભો છે; હવે જો હું લજ્જા રહીત નહી થાઉં તો, મારા

કીર્તિ સ્થંભનું ખંડન થયા સિવાય રહેશે જ નહીં (પ્રકાશ) (હાથ તરછોડતી ને ક્રોધ યુક્ત) રે નિર્લજ ! હું મારા શિયળનો પરિત્યાગ કરી તારી મનકામના કદી પણ પૂર્ણ કરવાની નથી; જો મને પ્રથમથી આવાં તારાં નીચ કર્મની ખબર હોત, તો હું કદી પણ આવો સમય આવવા દેતજ નહીં.

મોહમિશ્રરાય—અરે ? હઠીલઈ લ્હારી છોડ ? ને મારાતરફ પ્રેમમય દ્રષ્ટીથી જો. હું કોણછું ! જો **મારૂ સુખ ! જો મારો વૈભવ ! જો મારો પ્રતાપ !** જે તારો પતિ તને છોડી ચાલ્યો ગયો, એવા વર્ણશંકર સાથે પ્રેમપાસ હવે શું ઇચ્છે છે.

વિશાલાક્ષી—રે, લંપટ ? ? મારા વિયોગી પતિને આમ શું ધીક્કારે છે, જરા શરમ રાખ ? તું તેની તુલ્ય ક્યાં ગણાવાનો હતો. કારણકે:—

†इभतुरगरथैः प्रयांतिमूढा,
धनरहिताविबुधाः प्रयांतिपद्भ्याम् ।
गिरिशिखरगताऽपिकाकपंक्तिः,
पुलिनगतैर्नसमत्वमेतिहंसैः ॥

† સારંધરપદ્ધતિમાં—ટીકા ધન મળી જવાથી મૂઢજન, હાથી, ઘોડા, તથા રથ, ઉપર બેસી જાય, ને ધન ન મલવાથી વિદ્વાનજન પગે ચાલે તોપણ, ગિરી શીખર ઉપર બેઠેલી કાગડાની પંક્તિ નદી કીનારે બેઠેલા હંસ સરખી થતી નથી, અર્થાત, મારા વિયોગી થયેલા પતિ જે હમણાં અરણ્યમાં રઝલેછે તે હંસની બરોબર તું જે કાગડાની પંક્તિમાં ગણાવાને યોગ્ય છે તેની સમ ક્યાં થઈશ.

હરહર? શંકરા?? હવે ત્હારી અનાથ પુત્રીની શી વલે થશે? આ સંસારરૂપી સાગરમાં મારે તરવા શિયળરૂપી નાવને આ દુષ્ટ પાપી પ્રપંચી કયારનો બુડાડવા તૈયાર થઈ રહ્યોછે, અરે! એવું રૂદયભેદક નીષ્ઠુર ભાષણ સાંભળીને ખેદરૂપી ખડ્ગો સાથે અથડાઇને મારા ચિત્ત સાગરનું ધૈર્ય નાવિકા હવે નષ્ટ પામવાનો શંભવ થયોછે.

મોહમિશ્રરાય—અરે હઠીલી??હવે તું ત્હારૂં રૂદન છોડી મારે શરણે થા, વધારેવાર રૂદન કરવાથી કોઇ પ્રકારે ફ્રાયદો નથી.

વિશાલાક્ષી—રે! ક્રૂર! હજુ સુધી તુને જરાએ દયા આવતી નથી? મરતો ભલે? તદપિ તારી સાથે કદીપણ પ્યારમાં ફસાવાની નથી? ક્ષત્રાણી છું! હું કદી મર્ણનો ભય રાખતીજ નથી? જખમની પીડાથી હું જરાપણ બ્હીતી નથી, પ્રાણ કરતાં પ્રતીષ્ટા મને ઘણી વ્હાલી છે, લાવ તારી કટારી, કે જેથી કરી સત્વર મારો પવિત્ર આત્મા જગદિશ્વરને શરણે થાય.

મોહમિશ્રરાય—પ્યારી! આ ત્હારૂં વ્યર્થ બોલવું શઘલું જવાદે?

વિશાલાક્ષી— (ભુજંગી) વૃત્ત

અરે દુષ્ટ તું આવીઓ, આજ સામે, અરે પાપી તું ફ્રાયદો કેમ પામે,
નથી જ્ઞાનને શાન ચોખ્ખો ગધેડો, નથી ઈચ્છતો તરવા નીજ બેડો,
ગૃહી હાથમાં તેં ખુશીથી કટારી, મરૂં તો ભલે ના કરૂં હુજ યારી,
વિચારો વસે આ સમે દીલ મારે, અરે વિશ્વનો નાથ મુને ઉગારે.

મોહમિશ્રરાય—મીયા! હજૂ સુધી તું ત્હારી નજરમાં આવે તેમ બોલ્યા જ કરે છે, ને ત્હારા વજ્ર જેવા શબ્દોથી મ્હારૂં હૃદય ભેદી નાખે છે, પણ સ્મૃતિ રાખ?

ઉપેન્દ્રવજ્રા.

શબ્દો થકી હું, નથી રે બીવાનો,
છોડી તને હું, નથીરે જવાંનો,
નીશ્ચે કટારી, થકી હું લેવાનો,
રે પ્રાણ તારો, ક્ષણ એકમાં તો.

પાપીણી ?? હવે તું મ્હારૂં કહેલું માન્ય નહીં કરે તો દાશીની માફક તારા પણ ભૂંડા હાલ થશે !

વિશાલાક્ષી—ભલે ! જેમ થવાનું હોય તેમ થાઓ પણ હું કદી મારા સંકલ્પનો પરિત્યાગ કરીશ નહીં ?

મોહમિશ્રરાય—લે, જો ત્યારે ? (કટાર લેઇ તેના પર ધસેછે).

વિશાલાક્ષી—(ગદગદ કંઠે) અરે ?? હાય ઓ મારા પ્રાણનાથ ? આ સમે તમે કયાં ગયા ? તમારી રંકદાશીને આ દુષ્ટના હાથમાંથી છોડવી લેઇ જાઓ. મારા હૈયાના હાર ! મારા રૂદય વલ્લભ ! તમેં મને હું સત્વર આવીશ એવું કહી ગયા હતા, તે અદ્યાપિ પર્યન્ત કેમ ના આવ્યા ? હાય! હાય!! શું તમે જાણતા નથી કે તમારી પ્રીયા કોઈ પાપીના હાથમાં ફસાઇ છે. હે પુરપતિ ! તમે પણ ધાઓ ?? ધાઓ ?? આ દુષ્ટનો જીવલ્યો ! રે ઇશ્વર ! તું તારી અનાથ પુત્રીની હવે વારે ચડ ? હું જન્મથીજ મર્ણ કયાં ન પામી! મને જંગલોમાં વિકાળ જનાવરોએ કયાં ન ખાધી ! રે દીનાનાથ?? "શિયલાર્થે" મારા જીવને મેં જરાએ વ્હાલો કર્યો નથી ! અરેરે! મારાપર આ શો કોપ ! હુ અબલાજાતી આ વખતે હવે શું કરૂં ! હવે મારે મરણાધીન થવું સાનીધ્ય છે ! મારા પ્રાણપતિનો ને મારો વિયોગ થશે !

(શાર્દુલ વિક્રીડીત)

મર્ણાધીન થતે વળી પતિ તણો, વિયોગ નક્કી થશે,
નીરૂપાય બનીજ આ વખતમાં, પાપી નહીં છોડશે,
નીર્દોષિ મમ આ વપુ રઝળશે, થાશે પ્રભુ શું અરે,
સ્ત્રીને કોણ ઉગારશે પતિવિના, આવીજ સાનીધ્યરે.

(મૂર્છીત થાયછે ને પડેછે "જવની કાંતગતમાં ધ્વની થાય છે)
(સાવધ, સાવધ, સાવધ, સંકલ્પનો ત્યાગ કરી આ સ્થળેથી ગમનકર ? કારણકે દેવીની સોધમાં સ્નેહાવર્ણુ વાળો, વનવીર પ્રવેશ કરેછે.)

મોહકમિશ્રરાય—અરે ! આ સમયે મારા અંતર સુખમાં વિઘ્ન કર્તા કોણ આવે છે. અદ્યપી પર્યંત મેં કૃપાણ જેવા શબ્દો સાંભળ્યા, પણ શું તે નીષ્ફળરૂપ થઇ પડયા ! હવે જો આ સ્થળનો પરિત્યાગ કરી નહીં જાઉંતો મારાપર મહાન અપવાદ આવશે ! પ્રેમદા તરફના પૂર્ણાનંદની પ્રાપ્તિ નિકટ હતી, એટલામાં અધવચ વરત કાપવામાં ચતુર્યતાવાળો "વનવીર" પ્રવેશ કરેછે હવેતો એના ચર્ણના ધબકારા પણ સંભળાય છે, નિરાશાનો અંધકાર પડદો મારાપર છવાવા લાગ્યો (એટલામાં વનવીર અસિસહ પ્રવેશ કરેછે ને તેને જોઇ નાશી જાયછે).

વનવીર—શીવ ? શીવ ? શીવ ? દુઃખરૂપી સમુદ્રમાં બુડેલી પ્રસન્ન બદનવાળી મુગ્ધા ! કેવી પડેલીછે, એના મેષોન્મેષ પણ કેવા સ્તબ્ધ થઇ ગયા છે, એની સ્વભાવીક રમણ્યતા બાહ્ય સુંદરતાને કેવી તજી ગઇછે, એના શ્વેતામ્બરનો છેડો કેવો અવ્યવસ્થામાં પડેલોછે, તેમજ એના કંઠ આગલનો ભાગ પણ કેવો ફીક્કો દેખાયછે, તેમજ

એના પાદદ્વય પણ રક્તમય હોવા છતાં કેવા નિસ્તેજ થઇ ગયા છે, સર્વ સૌન્દર્યતા ચાલી ગઇ છે, લાવ હવે હું પુછું ? એ કોણ છે, ને જો ઇચ્છીત હોયતો પછી વિશેષ પરિશ્રમ કરવાનું પ્રયોજન ના રહે.

વનવીર—ઓ અવ્યવસ્થા રૂપ પડેલી સ્ત્રી, તું કોણ છે ?

વિશાલાક્ષી—(પૂર્ણ દુખાવેશમાં) હે પૂર્ણ બ્રહ્મ મહેશ ! તેં સાકારણુસર આ સૃષ્ટીમાં મારૂં ઉત્પતિ સ્થાન બનાવેલું છે, અરેરે ! જન્મમર્ણાન્ત સુધી દુઃખરૂપી વરસાદ ! ! હાય, હાય.

વનવીર—હે બાઇ ! તમે આવા સમયમાં જરા ધૈર્ય ધરો,–ને હિંમતથી તેને સતેજ કરો, બુદ્ધિનો ઉદય કરો, દગ્ધ થયેલા વપુને સંસારરૂપ સમુદ્રમાં ધૈર્યરૂપી નાવિકાથી તારો, જુઓ ! ધૈર્યતાથી શૂર લોકોએ પણ જળ મથન કરી વિષને ન ગણકારતાં અમૃત પ્રાપ્ત કર્યું. હોય ? વિપત્તિ સમય પણ જશે.

વિશાલાક્ષી—રે, રે, પ્રાણનાથ ! તમે ક્યાં હશો, આ, મારી શી સ્થીતિ ? ? અરે દૈવ ! તેં શું કરવા ધાર્યુંછે.

વનવીર—અરે બાઇ ! તમે ચિંતાને પરિ કરો આમ આવો નીરર્થક શોક કરવાથી શું ફળ પ્રાપ્ત થશે તે તમે જાણોજ છો ?

વિશાલાક્ષી—અરે ! હા, એ સર્વ સત્ય છે કહ્યુંછે કેઃ—

*सुखंवायदिवादुःखं, प्रियंवायदिवाप्रियं।
प्राप्तंप्राप्तमुपासीत, हृदयेनापराजिताः ॥

---

* ટીકા—સુખ અથવા દુઃખ તથા પ્રિય અથવા અપ્રિય જે પ્રાપ્ત થાય તે અપરાજીતથી સેવવું.

મોહમિશ્રરાય—હે દુષ્ટા ? આ પ્રસંગે જેમ અગ્નિ સાથે ઘૃતનો સંયોગ થતાં અગ્નિ પ્રજ્વલિત થાયછે તેમ, તારાં કટુ વચન મારા હૃદયને ઘણીવાર થયાં ભેદ્યાં કરેછે, હવે અત્યુગ્ર પ્રત્યુત્તર ફરીથી સાંભળવાનો નથી ? જો કહેલું માન્ય નહીં કરે તો હવે પછી તારૂં જીવીત આ દુનિઆમાં ક્ષણીકજછે (દીર્ઘસ્વરે) દાશી ? જો હવે માન્ય કરે તો સમજાવ ?

દાશી—રાજાજી ! આ કૃતઘ્નપણાની પ્રેરણા મારી પાસે ક્યાં કરાવો છો, જો કૃપાનિધાન ! આપનો અભ્યુદય ઇચ્છતા હોયતો આ કાર્યનો પરિત્યાગ કરો, જોકે મેં આપનું અન્ન ખાધુંછે તદપિ હું આવા નીચ કર્મમાં જરાપણ યત્ન કરવાની નથી ! આવા દુરાચરણથી વંશનો નાશ થાયછે નિર્મૂલ થાય છે, જીવીત પણ અનર્થ રૂપ થઈ પડેછે ને વૃથા પાપભાગી થાય છે, કારણકે:—

આર્યા.

***पश्यतिपरस्ववृ[ध]ांसकाममपितन्मनोरथंकुरुते।**
ज्ञात्वैवतदप्राप्तिंव्यर्थंमनुजोहिपापभाग्भवति ॥

મોહમિશ્રરાય—ચાલ ! જવા દે બધો તારો મિથ્યાવાદ ! તારી પણ આ સમયે દૂર્મતિ થઇ છે, ને અપ્રીયકર શબ્દોનું ઉચ્ચારણ કરી રહી છે?

---

* ટીકા. પારકી સ્ત્રીની અપ્રાપ્તી જાણવા છતાં પણ જે પુરૂષ તેને જૂવે છે તથા તે વિષે ઇચ્છા પ્રમાણે મનોરથ કરે છે તે વૃથા પાપ ભાગી થાય છે.

(મ્યાનમાંથી કટાર કહાડેછે) પ્યારી ! તું તારી આડાઈ હવે છોડ ? જોજે હોં !! આમાં કાંઈપણ સારૂ પરિણામ આવવાનું નથી નક્કી યાદ રાખજે કે સંકલ્પ સિદ્ધિ કર્યા વિના રહેવાનો નથી, મારા પંજામાં ફસાયલી પતંગવત્ અબળા ! આ સમયે ક્યાં જઈશ ? ને જો તું તારૂં હીત ઇચ્છતી હોય તો મારી સાથે ચાલ ? તારા ખલજેવા પતિના કરતાં વિષેશ કીમતી વસ્ત્રાલંકાર આપીશ, તારી માગેલી વસ્તુ વગર વિલંબે લાવીશ ને આપણે બંને અંતઃપુરમાં સુખેથી વૈભવ ભોગવીશું.

વિશાલાક્ષી—અરે દુષ્ટ ! જરા બોલતાં અટક ? તારા રંગભુવનમાં લ્હાયલાગો ? ને તારાં વસ્ત્રાભુષણ બળી જાઓ ? ફટ્ ? છીટ્ ? તારી જનુનીની કૂખને ? કે આવા કલંકને ઉછેર્યું. તારા જેવા દુરાગ્રહીને ભૂંડાની ઉત્પત્તિથી આ નગ્રમાં સર્વથા આપત્તિ કાલજ છે ! શરમ છે તને ? આવું ભાષણ કરતાં તારી રસના જરા પણ અટકતી નથી ?

મોહમિશ્રરાય—(પૂર્ણાવેશે) પ્રીય ? તું અદ્યાપિ પર્યન્ત મારૂં કહેવું જરા પણ માન્ય કરતી નથી ને નજરમાં આવે તેમ લવ્યા કરે છે; હવે મારી આ કટારી તારૂં રક્ત પીવા તલપી રહીછે, નક્કી સ્મૃતિ રાખજે કે આવો નિરર્થક ક્રોધ કરી પ્રતી પક્ષ ધારણ કરી આવી તારી અનર્થ હઠીલાઇમાં તું સત્વર પ્રાણ ખોઇશ ?

વિશાલાક્ષી—અરે સ્વાર્થી ! તું ક્ષત્રી ધર્મ જાણતો નથી કે શું ? ? તારા જેવાના હાથમાં ફશાવું તેના કરતાં દેહનો ત્યાગ કરવો એ અત્યુતમ છે.

મોહમિશ્રરાય—(પૂર્ણક્રોધે) અને હઠીલી! અદ્યપિ પર્યન્ત મેં તને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો તદપિ તે તેં સઘળું નીષ્ફળ કર્યું, હવે તું નક્કી યાદ રાખજે કે તેનું ફળ ચાખ્યા સિવાય રહીશ નહીં. (જરાપાસે જાયછે)

દાશી—રાજાજી! તમે આ નીંદીત કર્મ કયાં કરોછો? ને રજપૂત પુત્ર થઈ સ્રીહત્યાનું પ્રાયશ્ચિત કયાં લોછો?

મોહમિશ્રરાય—ચાલ દુષ્ટા! વિમૂખ થા! એકદમ પરિક્રમણ કર! તું પણ પ્રાણાંતસાનીધ્ય છે એમ જાણી ઉભીછું?

દાશી—નૃપતિ! આવું અનર્થરૂપ કાર્ય કયાં કરોછો? આમાંતો પૂર્વજોના નામને કલંક લાગેછે, ને કૂડા કલંકનો અપવાદ આપને શીર બેસશે?

મોહમિશ્રરાય—(ક્રોધયુક્ત) આ કર્તવ્યમાં અટકાવનાર તુંજછે, આ તારા વિરૂદ્ધ શબ્દો સાંભળી મારૂં રૂદય અતી ક્રોધયુકત થાયછે; હવે તું દૂર થા! મારી ધારેલી મનકામના બરલાવવાદે! નહીંતો! તારૂં મર્ણ સમિપછે એમ જાણ?

દાશી—ભલે! આ ક્ષણભંગુર જગત્‌માં આથી વિષેશ કીર્તિ બીજી સેમાંછે જન્મીમર્ણાધિન થવું એકજ વારછે?

મોહમિશ્રરાય— લે ત્યારે દૂષ્ટા! આ હવે તેનાં ફલ! (એમ કહી કટાર મારેછે.)

ત્રિશાલાક્ષી—(રૂદન કરતી)(ઓધવજી સંદેશો કેજો સ્યામને)

દાશી મારી, શાંણી સલુણી કયાં ગઈ,
મુજને મેલી, એકલડી આ ઠારજો;

ઘટે નહીં આ, જાવું તજીને એકલું;
સુન્ય દીસેછે, તુજવણ મારૂં ધામજો, દારશીમારી.
વિયોગ સાલે, વ્હાલી મુજને આ સમે,
તુજવિણ મારી, છાતી ફાટે છેકજો; દારશીમારી.
બાઇતણુ તેં, શિયલ સુભ સચવાવવા,
શાણી મારી, કીધા ઉપાય અનેકજો, દારશીમારી.
હું હીણ ભાગી, દૈવે દુઃખ દીધું ઘણું,
તુજવણ મારો, જીવ અતી અકળાયજો, દારશીમારી.
કીયારે ભવનાં, પાપ મને આવી નડયાં,
મરણ તુંજનું, કષ્ટ નહી સે'વાયજો. દારશીમારી.

(ગદગદ કંઠે) અરે મારી પ્રીય દારશી,

(લલીત)

અરરર આ સમે શું પ્રભુ થયું, રતન રાંકનું કેમ તેં હર્યું.
ફિકર દારશીને મારી તો હતી, નિસકલંકીને પાપીએ હણી;
તજી જવું તને, રે ઘટે નહીં, નથીજ માહરૂં, કોઇરે અહીં,
દિવસ દુઃખના, શી રીતે જશે, તુજવિના અરે, શી વલે થશે;
મનની વાત હું, કોણુને કહું, નશિબ હીણહું, દોષશો દઉં,
તુજ વિયોગથી, દુઃખ થાયછે, જીવન એકને, જૂદી કાયછે;
વચન પ્રહાર તો મૂર્ખરે કરે, લગીર શોક આ, ના રૂદે ધરે,
જગતમાં થયું જાણ સર્વને, કરમ આ કયે કાઢીઆવને,

અરે મારી વ્હાલી દારશી ? જે મને દુઃખના સમયમાં પ્રથમાશ્રય રૂપ થઈ પડી હતી, તે પણ આ સમયે મને તજી ચાલી ગઇ ?

શાબાશછે કે આવા પાપીના નિર્દય કાર્યમાં ફસાયા છતાં તેં ત્હારા શિયળને જરાપણ ચલીત થવા દીધું નથી. અહો ધન્યછે તને ! કે અબળા છતાં પણ તારી રાજ્યવંશી પુરૂષના જેવી મહા ધૈર્યતા, ધન્યછે ત્હારા હૃદયને કે ત્હારી યુવાવસ્થામાં ત્હારો પ્રાણ જતા સૂધી પણ નિર્દયના હાથમાં ફસાઈ નહીં? ધન્યછે ત્હારા મ્હારાપરના અગાધ પ્રેમને??

વિશાલાક્ષી—(જરા લજીત થઇ) હે વિલાશીચંદ્ર! એમાં તે મેં શું કીધું? એતો ક્ષત્રાણીનો ધર્મ જ છે.

જગદેકચંદ્ર—હે મીત્ર! હવે મારે તમને વિનય પૂર્વક સૂચવવાનું કે "**આતતાયી**" તેમજ એ કાર્યમાં સહાય ભૂતને સાથે લેઇને તમારે થોડા દિવસમાં રાજ્ય નગ્રે પધારવું. હવે મારે એ વિષે વધારે વિચાર કરવાની જરૂર નથી; કારણકે—

+**યस्मिन्यथावर्ततेयोमनुष्यः,**
स्तस्मिंस्तथावर्तितव्यंसधर्म ॥

વનવીર—આપની જેવી આજ્ઞા?

વિશાલાક્ષી—હેચંદ્રસમ! હવે એ વાતનો પરિત્યાગ કરો! પણ આપણા લઘુભ્રાત ક્યાંછે?

જગદેકચંદ્ર—હે સુવદને! હું દેશેદેશ અને જંગલે જંગલ ફરી વળ્યો તદપિ ભ્રાતનો પત્તો કાંઇ પણ લાગ્યો નહી, પૂર્વના સંયોગે આપણ બંને મલ્યાં પરન્તુ હવે બન્ધુના દર્શન ક્યાં થશે? (વનવીરને) મિત્ર વનવીર! તમે મારે માટે ઘણું દુઃખ સહન કર્યુંછે. ને નિઃસંશય

+ **વિદુરનિતિમાં—ટીકા.** જેને વીષે જે મનુષ્ય જેવી રીતે વર્તે તે પ્રમાણે તેણે તે મનુષ્ય પ્રત્યે વર્તવું એ ધર્મછે.

પણે તમે મારી સેવા સારી બજાવીછે, માટે હું મારા પ્રાણાન્ત સુધી તમારો કરેલો ઉપકાર કદી પણ ભૂલનાર નથી. હવે અમારા તમને છેલ્લા પ્રણામછે.

(ગજલ)

પ્રણામ હર્ષથી કરૂં, હું આપને આવાર,
પ્રણામ બન્ધુ વીરને, પ્રણામ છેલ્લીવાર;
પ્રણામ વ્હાલા આર્યને, પ્રણામ ક્ષત્રી જાત,
વેષને પ્રણામ આજ, પ્રણામ પૃથ્વીમાત;
મિત્રને પ્રણામ, સુભ દેશને પ્રણામ,
પ્રણામ રૂપસિંહને, જઇ શુરેસ્વધામ; (જાયછે).

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—માર્ગ.

કુસુમરાય—ભાઇ નીતિભાનું ? કદાચ મારા બન્ધુએ મને દગો દેવાનો તો વિચાર નહીં કીધો હશે ?

નીતિભાનુ—ના ? ના ? નહી આપણે પેલા પથીકને પૂછ્યું હતું ? ત્યારે તેણે કહ્યું હતું કે તેઓ તમારી સોધમાં નીકળ્યાં છે.

કુસુમરાય—(સખેદ) અરે રે ? બાન્ધવ ? તારા વીના હું એકલો ! ક્યાં રહયો તું ! ક્યાં રહયો ! હું ક્યાં આપણી નગરી ? મારા જેષ્ટ ભ્રાત આપણે ક્યાં મળીશું ? ભાઇ નીતિભાનુ ! હવે તો તૃષા ને ક્ષુધા ઘણી પીડે છે, માટે બનતા પ્રયાસ કરો તો સારૂં.

નીતિભાનુ—હે મહાભાગ ! તમે અત્રે બેસો ! હું સત્વર લેઈ આવું છું. (જાય છે)

કુસુમરાય—મમતાળુ ને દયા પાત્ર **નીતિભાનુ** તો ગયા પણ ભાવ હવે હું આ વૃક્ષ તળે જરા નિંદ્રાધિન થાઉં (એમ કહી ઝાડ તળે સૂએ છે ઘણેક વખતે ઝાડના મૂળમાં છુપાયલો સર્પ ડંસ કરે છે ને એટલામાં **જગદેકચંદ્ર ને વિશાલાક્ષી** પ્રવેશ કરે છે.)

જગદેકચંદ્ર— બારમાસી.

મેં અપરાધિ આ શું રે કીધું, ભ્રાત તજ્યો પ્રીય પ્યારોરે,
દુષ્ટ દયાહીણુ થઇ ને રે હું તો, પાપીએ કીધો જ ન્યારો રે, મેં.
કોમળ કાયા બંધુજી તારી, વાત વિચારી ન સારી રે,
જોયા વગર આ આજ્ઞા રે આપી, માઠી દશા થઈ મારી રે, મેં.
રાજ્ય તજીને વગડામાં રઝળ્યો, તોએ મળ્યો નહીં ભ્રાતા રે,
હાથ ગૃહીને કાડયો રે મેં તો, હવે વળે કયાંથી સાતા રે, મેં.
અંગ મહી આ વરશે અંગારા, સળગે ચિતા શરીરે રે,
દયા, ક્ષમા, તું દીલમાં ધરીને, ભ્રાતાને મલજે તું હવે રે, મેં.

અરે! દૈવ? **હવે હું કયાં જાઉ**! **કયો** રસ્તો લેવો! કઇ દીશાએ જવું? **શો ઉપાય** કરવો, **કોને** શરણે થવું, **શી રીતે** ચાલવું, કઇ યુક્તી શોધવી, **કોનો** આશ્રય લેવો, કઇ ચતુરાઈથી, કયે પ્રકારે, કઈ બુદ્ધીથી, મારો ધારેલો સંકલ્પ હવે પૂર્ણ થાય! **શીવ! શીવ! શીવ!** હવે શું કરૂં કયાં જાઉ રે! રે! ભ્રાતા તું કયાં મળીશ

માલિની.

શીવ, શીવ, શીવ, નામુ આપને હસ્ત જોડી,
સકલગુણ તમે છો, બાળની સ્તુતી થોડી;
નરમ કથન મારૂં, સુણુજો હે દયાળુ,

તમ વિણુ જગમાંહી, આશરો કોન ભાળું.

વિશાલાક્ષી—પ્રાણનાથ! એમ શું કરોછો!

જગદેકચંદ્ર— (નસાંભળતાં) શીખરણી.

અરે વ્હાલો મારો, હૃદય મમ ભેદી વન ગયો,
થયો પાપી જાતે, લઘુવય મહી બંધુ તજીઓ;
હજૂ સાલે બન્ધુ, પ્રીય વચન તારાં રૂદયમાં,
હવે હુંતો થાકયો, રઝળી રઝળીનેજ વનમાં.

અપીચ-અરે ભ્રાતે મારે, સરવનીજ **શાન્તિ** તજી અને,
થયો ન્યારો એતો, વન મહી ગયો ત્યાગી મુજને;
થયો વિધિ વાંકો, સુલભ પણુ થાયું દુર અતિ,
દયા પ્રીતી છોડી, વિરત મન કીધું મમ થકી.

વિશાલાક્ષી—આમ શું છેક ધૈર્ય રહીત થઇ જાઓછો! જૂઓ જૂઓ પેલા વૃક્ષ તળે શ્રગીન થઈ કોણ સુતેલો માલમ પડેછે. (વૃક્ષ પાસે જાયછે).

જગદેકચંદ્ર—(આશ્ચર્યપામી) **અહો!!** આ કોની દિવ્ય **પ્રસન્ન** વિનય સાળી મૂર્તિ નજરે પડેછે,! અરે હાય! એજ! એજ! એ મારા નિર્દોષ બન્ધુ? તું શું આમ નિંદ્રાધિન થયેલો છે? (નિકટ જઇ) અરે! જાણે પોતાના ભ્રાતની પુનઃદરકાર જ નથી! આમ કેવો હર્ષમાં સુતો છે! મારા જીવીતા ધીક ભ્રાત! તેં આ પૃથ્વી રૂપી શૈયા ક્યાં કરી! શું તારી કોમળતા આ સમગ્રે દુર થઈ? (એમ કહી ઉઠાડેછે પણ ન ઉઠવાથી) રે! ભાગ્ય! આ શો ફેર-ફાર! પ્રીય ભ્રાત! તારા વદનાંમ્બુજથી શબ્દોચ્ચાર કર! મેં તને

પણ શું કરૂં આપત્કાલમાં ધૈર્યતા ચાલી ગઈ, (વનવીરના શરીરપર નજર પડવાથી) રે! મારા પ્રાણનાથની ગુંથણીની શુભ દર્શક "કુસુમ માલા" આપના કંઠમાં કયાંથી?

વનવીર—ઉદાર, અને દયાળુ, મહારાજા "જગદેકચંદ્ર" અમારી સાથેજ નગ્રમાં આવેલ છે, ને તેમની અજ્ઞાનું સાર હું નીરંતર તેમની પ્રીયા વિશાલાક્ષીની શોધમાંજ ભ્રમણા કરૂં છું.

વિશાલાક્ષી—હેં, હેં શું? આ મારા પાપી દેહને જ માટે આટલું બધું? શીવ, શીવ, આ તે શું મારે માટે??

વનવીર—અમે જેને માટે અતીપરીશ્રમ કરતા તે શું આપજ?

વિશાલાક્ષી—ધીક, ધીક, સર્વને દુઃખરૂપ થઇ પડનાર તે હું જ!? ઓ નયનાનંદ?? તમે કયાં છો! હે વનવીર! તેમની સાનીધ્ય મને સત્વર લેઇ જા. (જાય છે).

પ્રવેશ ૯ મો.

સ્થળ—વનવીરનું ગૃહ.

જગદેકચંદ્ર—(સ્વગત) પ્રીયા! તારે માટે મેં કેટલી બધી ધૈર્યતા ધારણ કરી કીન્તુ અદ્યપિ પર્યન્ત તુ તારા જીવીતાધિક વલ્લભને મળી નહીં. ત્હારે અને ભ્રાતને માટે અનેક પ્રકારની વિચીત્રતા જોઇ! વનોપવન ફર્યો! અનેક અસહ્ય દુઃખ, જે સ્વપ્નાવસ્થામાં પણ કદી પ્રાપ્ત કીધું ન હતુ તે મેં સહન કર્યું, તો પણ હવે તે અફળું નિષ્ફલ ગયું, રે! મીત્ર વનવીરને ગયે પણ ઘણો કાળ વ્યતીત થયો, તદપિ તેણે પણ દર્શનાભિલાષિને પ્રીયાનું મુખ દર્શન ન કરાવ્યું! ખરે! મેં મારી અદભૂત રીતે ગુંથેલી કુસુમ માળા એના કંઠમાં

આરોપી છે. (એટલામાં રૂપસિંહ પ્રવેશ કરેછે)

રૂપસિંહ—હે નરાધિપ? તમે અત્રે એવા શા ઉંડા વિચારમાં ગરક થયા છો?

જગદેકચંદ્ર—મિત્ર! અત્રે તો કાંઇ પણ અન્ય વિચાર નથી; પરન્તુ ભ્રાતા ને પ્રીયાને માટે અતી સંતાપ થાયછે રે! શું તેઓ વનમાં ભ્રમણા કર્યા કરતાં હશે! કે પરાધિનતામાં રહી દીન નિર્ગમન કરતાં હશે કે હાય! કેમ હશે.

રૂપસિંહ—હે નરેશ! આવો નિરર્થક સોચ માં કરો! જે થવાનું હોય તે થાય ને થયું તે ખરૂં; કહ્યું છે કે:—

*सन्तापात्भ्रश्यतेरुपं, संतापात्भ्रश्यतेबलं।
सन्तापात्भ्रश्यतेज्ञानं, संतापाद्व्याधिमृच्छति ॥

(વનવીર સહ વિશાલાક્ષી પ્રવેશ કરેછે ને એકદમ સહર્ષથી જગદેકચંદ્રને વળગે છે).

માલિની.

વિશાલાક્ષી—પિયુ પિયુ પતિ મારા, સર્વથા નેન તારા,
અતિ અતિ દુ:ખ વેઠયું, નાથજી પ્રાણ પ્યારા,
રઝળી વન મહીં હું, આપદા વેઠી ભારે,
પતિ વીણ જગમાંહી, પ્રેમદા કો ઉગારે.

---

* ટીકા—સંતાપથી રૂપ જાયછે, બળ જાય છે, જ્ઞાન જાય છે, ને વ્યાધિ પ્રાપ્ત થાય છે.

માલિની

જગદેકચંદ્ર—પ્રિય તજી ઉઠ વ્હાલી! શોક આ સર્વ એવા,
દુઃખ મહીં દીન કાઢ્યા, પ્યારી! આ તુજ જેવા.
સરવ દુઃખ નથી એ, ધારતું આ રસીલી,
કમલ નયન વાલી, ઉઠ તું ગર્વ ઘેલી,

વિશાલાક્ષી—હે! ગુણી લોચનાનંદદાયક? આ દગ્ધ વપુ ઉપર આપના દર્શનની અમૃત વૃષ્ટિ થઇ ત્યારેજ અંતરાગ્નિ પ્રદીપ્ત થતો શાન્ત થયો, અરે! પુનઃ આવાં અસહ્ય દુઃખ દીન દાશી સ્વપ્ને પણ દર્શન કરવા ઇચ્છતી નથી.

જગદેકચંદ્ર—હે! મધુરભાષીણી! હવે લાંબા વખત સુધી એ વિષે તુ ચિંતવન કરવું મુકી દે?

વિશાલાક્ષી—અરે! રે! આપણા વિયોગના દુઃખની શી વાત કહું?

(કોયલસુરદિલને લાગે આનંદકારી, એ રાહ)

શીરછત્ર સુણો મહારાજ વાત એક સાચી,
હું હતી વનની માંહ્ય દુઃખમાં રાચી. ૧
તમે ગયા ફળને કાજ ખોળવા પ્યારા,
હું થઇ ઘણી નિરાશ પ્રાણ આ મારા. ૨
જ્યાં વસે વાઘને સિંહ વરૂઆ ભારી,
હું થઈ ઘણી હેરાન જીંદગી દુઃખીઆરી. ૩
ત્યાં આવી દાશી કો કહે આલોઓ નારી,
હું ગઇ તેહની સાથ મન વિચારી. ૪

મને મુકી બાગની માંહ્ય થઇ તે ન્યારી,
જ્યાં દીઠી નાર કુળવાન પાપની બારી. ૫
મને ગઇ તેડીને સાથ મરવાને માટે,
જ્યાં સહ્યાં અતિસે કષ્ટ શિયળને સાટે. ૬
ભૂપતિ નગ્રનો **મોહમિશ્રરાય** નામે,
તે બની અતિસે ક્રૂર થયો મુજ સામે. ૭
ત્યાં થયું દાશીનું મર્ણુ વળી મુજ કાજે,
હું થઈ પડી બેહોસ જોઇ દીલ દાઝે. ૮
મુજ રાખ્યો ટેક કીરતાર ઉમંગે પ્યારા,
હું આવી સાથ **વનવીર** આપની દારા. ૧૦

જગદેકચંદ્ર—હેં? હેં? આ શું કહેછે આ મહાન કૃતઘ્નિએ આ શું કીધું! (ક્રોધમાં) ખરે! એ શમસેરને સ્વાધિન થવા ઇચ્છી રહ્યો છે? હવે એ સિંહણના સુતને છેડી શું ફળ કાઢનારછે? માટે એ +**આતતાયી**, મારા સુરવીરહાથ જોયાવિના રહેનારો નથી! એણે આ શું કર્યું?

વિશાલાક્ષી—પ્રાણુરક્ષક! ક્ષમા રાખો! એમાં દુર્જન આખરે શું ફાવ્યો?

†"क्षमाखड्गंकरेयस्यदुर्जनःकिंकरिष्यति"

જગદેકચંદ્ર—હે! સુવદને! ત્હારૂં કહેવું યોગ્યછે તદપિ તને

+ સ્ત્રીહત્યાનું પાપ કરનાર.

†જેના હાથમાં ક્ષમારૂપી તરવાર છે તેને દુર્જન શું કરવાનોછે.

લઘુ વયે તજ્યો! એજ પાપનું કામ કીધું; વીરા! ઉઠ! ઉઠ! આમ શું કરે છે? અહો ભાનુ દેવ? તમે તો આદૃષ્ય થાઓ તદપિ મારો ભ્રાત ઉઠેતોજ સારૂં! નહીંતો સતકોટી ધિક્કાર છે.

વિશાલાક્ષી—એમ શું કરોછો? જરા શાન્ત થાઓ, ઓ વિધાના? તારીતો પરીસિમા! તેંતો હદ ભાગ્યને બહુએ, રઝળાવ્યાં! અલ્પકાર્યે છતાં ગિરિરૂપ થઈ પડયું! મારા દેવ! આતે તમે શું કર્યું? આ અશ્રુપાત જોઈ જરાએ દયા નથી લાવતા? તમે તો અનુપમ વાકય વદી હર્ષમાં રાખતા; પરન્તુ આતો તમે વિપરિત કર્યું! ખરે વિધિએતો મને છેતરી! આ અપુન્યવતી ભ્રાતૃ ભાર્યા ને ભ્રાતની દયા કાંઈ લાવો તમે મારા વચનને કદીએ પણ ઉલંઘન 'કીધું નથી તેમ છતાં આમ શું કર્યું! કયાંગઇ તમારી ધર્મઘના! કયાંગયો તમારો સદ્‌ગુણ! કયાંગયો તમારો સ્નેહ? કયાંગઇ તમારી નીતિરીતિ? આતો તમે કૂપમાં અધવચ વરત્ કાપવા જેવું કીધું! આજતો અમારે મન પૃથ્વીનો અંત આવ્યો.

જગદેકચંદ્ર—(ઢંઢોળીને) ઓ મારા **નયનાનંદ**?

(બેડો બાઇ બુડતો તારોરે અંબેઆઇ પાર ઉતારોરે. એ રાહ)

પ્યારા લઘુ બાન્ધવ બોલોરે, ઉત્તર આપી હૈયું ખોલોરે,
વચન સુણી આ દીન તણુંનો, નેત્ર ઉઘાડ આ વાર,
ઉત્તર વીરા તું દેનેરે જલદી, જીવનના આધાર, પ્યારા લઘુ.
મંદ વદન આ જોઇને વીરા, ઉરમાં ઉપજે ત્રાસ,
શોક સાગરમાં ડુબતો મેલી, તેંતો કર્યો છે નીરાશ, પ્યારા.
દાટ વાળ્યો શો દેવે અમારો, આ શું કર્યું હો ભ્રાત,

અંતર દુઃખ હું કોને કેવાનો, સુણુને મારૂં કલ્પાંત, પ્યારા.
બન્ધુ સ્નેહ આ કેમ તજ્યો તેં, આ શોરે વાળ્યો દાટ,
હાય ? વિત્રિ તેં આ શું રે કર્યું, બેઠાં પડયો શો ઘાટ, પ્યારા.
તારા વિના સુખ ક્યાંથીજ વીરા, ચેન નહીરે લગાર,
વિનોદ વધારી બોલવું વીરા, મનરંજન કરનાર, પ્યારા.

(ઘોંઘાટ સાંભળવાથી સર્પ જવા માંડેછે તે જોઇ)

વિશાલાક્ષી—પ્રાણનાથ ! જૂઓ, જૂઓ, આ પેલો સર્પ કેવા તીવ્ર વેગથી ચાલ્યો જાય છે. (ગદ્દગદકંઠે) ખરે ! એમને સર્પ દંશ થયેલો માલુમ પડે છે, માટે એના ઉપચારાર્થે જઈ કાંઈ જંગલમાંથી શોધી લાવો ?

જગદેકચંદ્ર—(સખેદ) તું અત્રે અલ્પવાર બેશ ? હું સત્વર કોઇ યોગ્યાશ્રમથી યા અન્ય સ્થળેથી "**સર્પ દંશ નીવારણ ગુટીકા**" લેઇ આવું. આ તું લે મારી કટાર ? ને નિર્ભયપણે રહે, હું ત્વરીત આવુંછું. (જાયછે).

પ્રવેશ. ૧૧ મો.

સ્થળ—સરોવર સમિપ દેખાવ.

નીતિભાનુ—આ ધાડા જંગલમાં હું "કુસુમને" એકલો મુકીને આવ્યો તોપણ ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત ન થઇ; હવે મારે શો ઉપાય કરવો ? તેતો કાંઇ સુઝતું નથી આ રાજયવંશી પુરૂષની કેટલી બધી હિંમત ? **ઓ હિંમત** ! તારીતો અગાધ શક્તિ ? ઓ વીર પુરૂષના **હૃદયમાં રહેનારી ઉગ્રદેવી** ! તુંતો સર્વમાં પ્રાધાન્ય છે ! તારી

કીર્તિતો આલ્હાદજનક, વિચિક્ષણ, ને ચમત્કારીક છે, જો; મનુષ્યના હૃદયમાં તું વસતી ન હોયતો આવાં કઠીણ કાર્ય કદાપિ પણ પરિપૂર્ણ ન થાય? (ધ્વની આવતો હોય એમ અભિનય કરી) ખરે આ કાક શબ્દ સંભળાયછે માટે ત્યાં સરોવર હશે ચાલ! ત્યાંથી પાણી, ફલાહાર ઇત્યાદિ લેઇ જાઉં. (જાયછે).

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—પર્ણ કુટી.

(યોગી સમાધિમાં બેઠાછે ને શીષ્ય સમિપ ઉભોછે ત્યાં "જગદેકચંદ્ર" ગાતો પ્રવેશ કરેછે)

(રાગ, સોંહાનો કનરો)

જગદેકચંદ્ર—શંકર જોગી? સમાધિ તજીને, અર્જ સુણોને મારી પ્રભુતો,
વિનતું ગુરૂ હું પાણીરે જોડી, થયો દુઃખીઆરો (૨) શંકર,
બન્ધુ પડયોછે વનમાં વળીરે, કરી દુઃખીઆરો (૨) શંકર.
થયું અતી બુરૂ વિશ્વવિષે આ, બન્ધુતણું તો મર્ણ થયુંછે.શંકર.
એના મુઆથી રાજ્યછે સુન્ય, નહી અન્ય આરો (૨) શંકર.

શિષ્ય—અબે! ઇધર કાયકે બાસ્તે ગરબડ કરતાહે!

જગદેકચંદ્ર—ગુરૂજી? હું રંક ઉપર ક્રોધ ના કરો (ગુરૂ ગડબડ સાંભળી સમાધી મુક્ત થાયછે) યોગી કયાહૂય બચ્ચા?

જગદેકચંદ્ર—કૃપાળુ યોગેન્દ્ર? મારા બન્ધુનું સર્પદંશથી મર્ણ થયું છે માટે જો કાંઇ ઉપાય હોય તો બતાવો?

યોગી—(શિષ્યને) બચ્ચા ! ઇરકુ ઓ અપની સર્પદંશ નિવારણ ગુટિકા દે ?

શિષ્ય—જેવી આજ્ઞા ? (આપેછે ને લેઇ જાયછે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—માર્ગ.

(વિશાલાક્ષી કુસુમનું માથું પોતાના ખોળામાં લેઇ બેઠીછે)

વિશાલાક્ષી—હે! સ્વયં પ્રકાશા અધમોદ્ધારણ વિશ્વપિતા! આ દુઃખ સમુદ્રમાં બુડેલી અનાથ અબળાના સામું પ્રેમમય દ્રષ્ટિથી જો. અરે હજુ સુધી મારા પ્રાણરક્ષક, હૈયાના હાર, ચંદ્રસમગુણી લોચનાનંદદાયક કેમ ન આવ્યા? શું થયું? માર્ગમાં કાંઇ વિઘ્ન નડયું કે કેમ ?? (જરાવિચારી ક્રોધથી) ફટ્, ગોઝારા દૈવ ! હવે તારે જેમ કરવું હોય તેમ કર ! તારી નિર્દયતા વાપર ! હવે મને જરા પણ ભય નથી. હે ભગવતવિશ્વંભરે, તને આ સમયે જરાએ દયા વસતી નથી? હે કરૂણાર્ણવગિરિજા વલ્લભ આ તેં શો ગજબ કર્યો? આ હતભાગ્યેણુ અને અપુન્યવતીનું શું ગિરિરૂપ દુઃખ ? (એકદમ કટાર કાઢેછે) હવે અંતસમયે પ્રચંડ કર્મના ઝપાટા વેઠવાની શું જરૂર છે ? હે માતુ વસુંધરા ત્હારામાં મ્હારૂં પવીત્ર વપુ સમાવ ? હે ભગવાનગિરિ સુતાપતિ ! હવે પછી આ ભવાબ્ધીમાં મને આજ આશ્રમ વર્ગમાં પુનરાવતાર આપજે. (એમ કહી કટાર લેઇ એકદમ મારવા તૈયાર થાય છે).

(એટલામાં જગદેકચંદ્ર પ્રવેશ કરેછે)

જગદેકચંદ્ર—પ્રીયા ! આશું ! સહસા ન કર ! એ સ્નેહ-મયી મહીલા ! જરા વિચાર કર; લે આ ગુટીકા ! એને સુંઘાડ; હમણાંજ અલ્પ કાળમાં સર્પ દંશમાંથી મુક્ત થશે, (સુંઘાડેછે ને તરત નેત્ર ઉઘાડેછે થોડીવારે શુદ્ધીમાં આવેછે.)

જગદેકચંદ્ર—મ્હારા રણધીર લઘુ ભ્રાત ! મારા અપરાધને માટે તને ક્ષમાની યાચના છે !

કુસુમરાય—શિરછત્ર ! અયોગ્ય વચનથી આ લઘુ બાંધવને દોષિત ન કરો ! (વિશાલાક્ષીને) હે ભગવતીરૂપ દેવી તમને મારા શિર્ષાભિવંદનછે. (ત્રણે પરસ્પર અતી હર્ષીત થાય છે ને એટલામાં નીતિભાનું પ્રવેશ કરેછે)

નીતિભાનું—ભાઈ ! લ્યો આ ફલાહાર ને પાણી (એમ કહી આપેછે ને રાજાને જુએછે)

જગદેકચંદ્ર—ભૂદેવ ! તમે અમારા ઉપર અતી કૃપા કરીછે, (સર્વે મળી ઇશ્વરોપાસના કરેછે)

(રાગ પરજ.)

વિશ્વ પિતા તું મંગલકારી, તું વીણ કોણ થશે સ્હાયકારી;
શક્તિ સૃષ્ટિમાં સૌથી છે ભારી, હવે અર્જ તો લોને સ્વીકારી,
તારી કૃતિ તણો નહીં પાર, સાચો જગત વિષે વિશ્વાધાર;
માત તાત તમે છો મોરારી, વિશ્વ વિષે રહો ઉપકારી,
પ્રણામ કરીએ અમે ત્રીપુરારી, ભક્ત જાણી પ્રભુ લો ઉગારી.

(સર્વે જાયછે)

श्री त्रतीयान्क समाप्त.

श्री चतुर्थान्क प्रारंभ.

પ્રવેશ ૧ લો.

સ્થળ—નગ્રમાર્ગ, વિષ્કુમ્ભક.

પ્રમતીસેન—ખરે ! રાજાજીના પધારવાથી ઘણા દીર્ઘ કાળથી ગ્રહાયલો, સાન્તીચંદ્ર હવે મુકત થયો ! પૂર્ણ પ્રકાશી થયો ! ચંદ્રની આલ્હાદકશક્તિ તો હવે પ્રસરી ! અંધકારનો પડદો ખસ્યો ! નગ્રમાં શનૈઃ શનૈઃ સુખનો પ્રવેશ થયો, રાજ્યનો ઉદય થયો, ચક્રવૃતિના પૂર્ણોદય સમયે સર્વ માંડલીકરાજાઓ તથા રાજ્યકારભારીઓ ઇત્યાદિ અનેક અપૂર્ણ યશ ને તેજથી શોભા રહ્યાછે. અહો ! નૃપતિરાજ્ઞીનો શો પ્રભાવ ! શો ભ્રાતૃસ્નેહ ! સ્મીત વદન વાળા કુસુમરાયનો પ્રભાવતો અલૌકીક ! ખરે ! નૃપતિની સ્વારી વૈકુંઠ દ્વાર જવા નગ્રદ્વારમાં પ્રવેશ કરતી હોય એમ દેખાવા લાગી. ચાલ ! હવે વિશેષ વિલંબ ન કરતાં ત્વરીત હું અન્નદાતાની સમક્ષ જાઉં. (જાયછે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—યોગ્યાશ્રમ.

(શીષ્યો સહીત ઉદયાશીલ પ્રવેશ કરે છે.) **અલખ નિરંજન, લોચન ખંજન અજ્ઞાન અંજન ષડરીપુ ગંજન, ભવ ભય ભંજન ઉમયા રંજન, અલખ નીરંજન (૨)**

શિષ્ય—અલ્યા ! ગુરૂને માટે દર્ભાસન લાવ ? (શિષ્ય લાવે છે ને ગુરૂ બેસે છે)

ઉદયાશૈલ—શંતોખદાસ; દર્ભ સમિધો લેવા ગયો છે તે હજી આવ્યો કે નહીં ?

શિષ્ય—હાં, ગુરૂજી મહારાજ ! ગયા ને તો ઘણો કાળ વ્યતીત થયો પણ અધપિ પર્યન્ત આવ્યા નહીં.

ઉદયાશૈલ—ત્યારે ત્યાં સુધી ઇશ્વરનું સ્તવન કરી લ્યો ! (સર્વ સંગીત સાહીત્ય વડે ઇશ્વર સ્તવન કરે છે.)

લાવણી.

ધરો **શીવકા** ધ્યાન સદા તુમ, ધરો **શીવકા ધ્યાન**;
શીખલો સભી **બ્રહ્મ કે જ્ઞાન**, કરો નહી જરા તુમ ગુમાન;
જગત્‌કી માયા બોત નાદાન, કરેગા સદા તુમકુ હેરાન; સદા.
પ્રપંચો તજી ચલ અભિમાન, રૂપકું હજા નહી ગુલતાન;
નિરંજન નિરંજન લે નામ, દેતા હું શિખ રાખ તું ભાન;
શીખલો સમાધિકા તું જ્ઞાન, રટોતુમ **સદ્દગુરૂ** જ્ઞાનીકા નામ. સદા.

(એટલામાં સંતોખદાસ પ્રવેશ કરેછે)

સંતોખદાસ—ગુરૂજી મહારાજ ? શિર્ષાભીવંદન કરૂ છું.

ઉદયાશૈલ—**कल्याणमस्तु** સંતોખદાસ ?

સંતોખદાસ—આજ્ઞા મહારાજ ?

ઉદયાશૈલ—જુઓ ભાઇ! આજ મારે નગ્રમાં જવું છે, ને તમે સર્વ સ્વસ્થાને બેશી સ્વપાઠ તૈયાર કરજો. હું ત્વરીત આવીશ (જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—વિચારભુવન.

મોહમિશ્રરાય—(સ્વગત) આહા ! સંકલ્પ સિદ્ધિ કેવી અનર્થ રૂપ થઇ પડી ! કયાં વનવીરનું આવવું ! ને કયાં આ કાર્યનો પ્રારંભ થવો ! ખરે ! એ ધાટતો કાંઇ જુદોજ થયો, ને એનું તો હૃદયમાં ભારે સાલ થયું. આ કરતાં હું મારી મર્યાદામાં રહી આ લજ્જીત કાર્યનો મેં પરિત્યાગ કીધો હોત તો કેવું સારૂં થાત ? અરે ! તે સમયે એનું વિજલી વત્ ચક્ષુમાંથી નીકલતું તેજ મારા મનને કેવું વ્યગ્ર કરનારૂં હતું ! તેમજ એનું સ્મિત વદન હૃદયાલ્હાદકજ હતું (વનવીરને પ્રવેશ કરતો જોઇ) અત્રે આવવાનું કાંઈ પ્રયોજન ?

વનવીર—કૃપાનીધાન ! સાર્વભૌમ જગદેકચંદ્રરાયે આપને રાજ્ય નગ્રે પધારવાને આમંત્રણ કીધું છે.

મોહમિશ્રરાય—(સ્વગત) નૃપેન્દ્રની આજ્ઞા માન્ય કર્યા સિવાય છુટકોજ નથી ! (પ્રકાશ) વારૂ ભાઇ ! ઠીક છે ત્યારે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—ઉદ્યાન.

શેઠાણી—હૃદયના પ્રબળ શોકને નીવારણ કરનાર, રાજ્ય પ્રમદા સમુહના ચિતહર, ને જનમંડલને અતી પ્રીયકર, મારા નયનાનંદ અદ્યાપિ પર્યન્ત કેમ નહીં આવ્યા હોય ? ખરે મારા હૃદયમાં પ્રેમાગ્નિનો તણખો નાખી રહ્યોછે, (રાજા પ્રવેશ કરેછે) રાજાજી ! આપનું મન આજ ઉદાશ વૃત્તિમાં કેમછે ?

મોહમિશ્રરાય—પ્રીયા ! કાંઇજ નહીં

શેઠાણી—ના, ના. કોહોતો ખરા ! એવું તે શું છે?

મોહમિશ્રરાય—પ્રીયા ! હું શું કહું ! મહારાજાધિરાજ "જગદેકચંદ્રનું" તેડું આવ્યું છે, માટે ત્યાં જવું પડશે, કોણ જાણે ત્યાં શુએ હશે.

શેઠાણી—(જરા વિચારી) એમાંતે તમે શું ભયભીત થાઓછો?

મોહમિશ્રરાય—પ્રીયા ! અંતર પાપના સાક્ષિ વનવીરે મને કંઈ પણ બાબતથી વિદીત ન કીધો !

શેઠાણી—નિઃશંશય પણે, જાઓ ! પણ સત્વર પધારજો, (રાજા જાયછે ને શેઠ પ્રવેશ કરેછે)

શેઠ—અલી, શાંભળે છે કે ?

શેઠાણી—કેમ, બોલો શેઠજી !

શેઠ—લેજો ! આ કોઈ અનુચર કાગળ લેઈ આવ્યો છે ?

શેઠાણી—ત્યારે એમાં શું લખ્યું છે તે વાંચો (શેઠ વાંચેછે)

શેઠ—એ રાંડ આ શું ! આ તો **જગદેકચંદ્ર** રાજાનું તેડું આવ્યું ? ત્યાં તે આપણું શું કામ હશે વારૂ ?

શેઠાણી—(જરા સંદેહમાં પડી) કોણ જાણે, બળ્યું હું તો મારે કાંઇએ જાણુતી નથી ?

શેઠ—(જરા વિચારમાં પડી) તેડું આવ્યું એટલે કાંઈ ગયા વીના છુટકોછે ?

શેઠાણી—(સ્વગત) અરે ! પ્રભુ આતે શું હશે ? "અમને પણ એકદમ તેડું આવ્યુ ? અને રાજાજીને પણ જવાનુ ઠર્યું ! અરે

ભગવાન, હવે તો તું કરે તે ખરૂં ! અરે ! એનું કંઇ પણ કારણ હોવું જોઇએ (પ્રકાશ) શેઠજી ! ત્યારે હવે ચાલો, આપણે ગયા વગર કાંઈ છુટકોછે ? (જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—અંતઃપુર.

ઉદયાશૈલ—અલેખ, મૈયા, અલેખ !

વિશાલાક્ષી—દાશી, બારણે કોણ પોકાર કરેછે ?

દાશી—બા સાહેબ, કોઈ યોગી ભીક્ષા માગેછે.

વિશાલાક્ષી—(દ્વાર બહાર આવી) યોગીરાજ કેવી ભીક્ષા માગોછો ?

ઉદયાશૈલ—હે સુંદર ભાગ્યવાન ! તારી નજરમાં આવે તેવી આપ.

વિશાલાક્ષી—દાશી, સત્વર ભીક્ષા લાવ? (યોગીને) યોગેંદ્ર આપ કોણછો ? આપની કાન્તિ કોઈ રાજ્યવંશી જેવી માલુંમ પડેછે.

ઉદયાશૈલ—પુત્રી ! સાંભલ; હું પ્રથમ નરાધિપ હતો, મારે વિશાલાક્ષી નામે પુત્રી હતી, અને તેની અતિ ગુણ ગ્રાહી "માતાના" મર્યું પછી મેં વૈરાગ્ય પદ ગ્રહણ કીધું. (વિશાલાક્ષી એકદમ ભયભીત થઈ જાયછે ને ગદગદ કંઠે) શું ત્યારે મ્હારા યોગેન્દ્ર પિતા તમે જ કેશું ? અરરર ! આ તમે શું કીધું ? બાપુ શા કારણે આભેખ ! ! (ડુસકાં ભરતી)

(રાહુ ગોપીચંદન)

બાપુ મારા ભેખ લીધોરે; શાને કારણે.

એલી, શૃગી, ક્યાંથી લીધી, કોને ફુકયો કાન;
રાજ્ય તજીને ભેખજ લીધો, કોણ ગુરૂ નાદાન. બાપુ મારા૦
ઘર ઘર અલેખ જગાવો પોતા, કીધો ભગવો વેશ;
મુને મૂકીને આ શું રે કીધું, કોણે દીધો ઉપદેશ. બાપુ મારા૦

ઉ૦—પુત્રી મારી; નવ કર અતી કલ્પાંતરે,
છાની રહેતું પુત્રી મારી, વિલાપથી શું થાય,
સદ્ગુરૂને શરણેજ જાતાં, અનેક દુઃખ પલાય. પુત્રી મારી૦
રૂદન તારૂં સાંભળી બેટા, હૈયું મારૂં ભરાય;
દુઃખ લખ્યું જે નશીબ માંહી, તે તો નવ ટલાય. પુત્રી મારી૦

વિ૦—દંડ, કમંડલ, લીધાં ક્યાંથી, લીધી ક્યાં મૃગ છાલ;
ભેખ ઉતારો બાપુ મારા, રાખી ઉરમાં વ્હાલ. બાપુ મારા૦
અંગ વીભુતી કયાંથી લગાવી, ઉરમાં ઉપજે ત્રાસ;
અંતર જંવાળા ઉઠે બાપુ, કીધો જંગલ વાસ, બાપુ મારા૦
આપ વીના કોણ લાડ લડાવે, સાચું કહોને તાત;
આવીશ સંગે આપની હુંતો, માનો સાચી વાત. બાપુ મારા૦

ઉ૦—ખાઓ પીઓ ને મોજ કરોને, વિપ્રને દોને દાન;
બ્રહ્મા વિષ્ણું મહાદેવ પુજો, જેથી થાયે કલ્યાણ. પુત્રી મારી૦

વિશાલાક્ષી—અરે રે ! મારાં યોગેન્દ્ર પિતા તમારી આ આત્મજાને તજી ગયા ! ? હાય ! હાય ! આ શું કર્યું ?

ઉદયાશેલ—છાની રહે બેટા ! આમ શું કરેછે ?

વિશાલાક્ષી—મ્હારા શિર છત્ર પિતાજી! આ ભગવો વેશ ઉતારો ને સુખેથી આ રાજ્યભુવનમાં પધારો!

ઉદયાશૈલ—હે સુંદર ભાગ્યશાળી પુત્રી! આ સૃષ્ટી સૌંદર્યતાનિરક્ષણ કરવાની મારી પુન: અભિરૂચી થાય એમ નથી. જે અંતે સર્વ વૃથા છે; તેનાપર ફરીથી પ્રેમ રાખવો એ અનુચીતછે.

વિશાલાક્ષી—ત્યારે પિતાજી, જ્યારે સર્વ વસ્તુ વૃથાછે ત્યારે અખંડિત્ અસ્તીત્વ કોનું છે?

ઉદયાશૈલ—બ્હેન, *सत्यं ज्ञानमनंतमानंदं ब्रह्म

વિશાલાક્ષી—"कतरः सब्रह्म" ત્યારે તે બ્રહ્મ કોણ છે"

ઉદયાશૈલ—

×यतोवाइमानिभूतानिजायंतेयेनजातानिजीवन्ति।
यत्प्रयन्त्यभिसंविशान्तितद्ब्रह्म ॥

---

* અથર્વ વેદના સર્વોપનિષદ્ સારમાંથી,

ટીકા "સત્ય, જ્ઞાન, અનત, તથા આનંદ રૂપ બ્રહ્મ છે" હવે એ આત્મા માયાથી જૂદો પરમાત્મા રૂપ છે. આકાશ, વાયુ અગ્નિ ઇત્યાદિનું ઉત્પત્તિ સ્થાન છે. એ અંતર બહીશ્ચ તત્સર્વવ્યાપ્ય નારાયણ છે.

× "કૃષ્ણ યજુર્વેદના તૈત્તિરીય ઉપનિષદ્માં" "જે થકી આ પ્રાણી માત્ર ઉત્પન્ન થાયછે, ને ઉત્પન્ન થઇ જેની સત્તાવડે જીવેછે; ને વિનાશ સમયે જેમાં જઇ રહે છે, તે બ્રહ્મ છે."

વિશાલાક્ષી—જ્યારે પિતાજી એને અખંડીત માનીએ, તો આ જગત્ નાશવંત કેમ મનાય? કારણકે એના વડેજ આ જગત્ થયેલું છે,

ઉદયાશૈલ—[1]द्रव्याणिसर्वाणिविनश्वराणि॥

વિશાલાક્ષી—જો! જગત્ નાશવંત્ માનીએ, તો તેનો કર્તા પણ નાશવંત માની શકાય. કારણકે, [2]एषयोनिःसर्वस्यप्रभवाप्ययौह्निभूतानाम्॥

ઉદયાશૈલ—બ્હેન! ત્હારૂં કહેવું સ્તુતીપાત્ર છે; પણ [3]वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्॥ તેમ જગત્નું ઉપાદાન બ્રહ્મ તે સત્ય છે.

વિશાલાક્ષી—ત્યારે એકલા બ્રહ્મથી આ જગત્ ઉત્પન્ન થઈ શકે નહીં?

ઉદયાશૈલ—[4]सत्यानृते मिथुनी करोति.

---

૧ "સર્વ દ્રવ્ય પદાર્થ નાશવંત છે."

૨ નૃસિંહોત્તરતાપિની ઉપનિષદ્માં "એજ પરમાત્મા સર્વનું કારણ અને પ્રાણીઓની ઉત્પતિ તથા નાશ થવાનો હેતુ છે."

૩ શ્રુતિ—"ઘટનાં નામ, રૂપ, મીથ્યા છે, કેવળ મૃતીકાજ સત્ય છે."

૪ "સત્ય, અજ્ઞાન મળીને આ સૃષ્ટીની ઉત્પત્તિછે"

"હવે બ્રહ્મ નિર્વીકારછે ને અજ્ઞાન જડછે, તો એ કારણ કેમ

વિશાલાક્ષી—ત્યારે તમે દેહ અને આત્માની ઐક્યતા કહેતાં કેમ અટકોછો ?

ઉદયાશૈલ—જેમ કનકને કુંડળ કહેછે, તેમ અવિવેકી આ દેહને આત્મા કહેછે; પણ આ કલ્પીત શરીરનોજ દ્રષ્ટા *બ્રહ્મછે.

વિશાલાક્ષી—જો બ્રહ્મ દેહના દ્રષ્ટાછે; તો પાપબંધાદિ કયાં રહ્યું ?

ઉદયાશૈલ—જેમ વાદળાંને લાવનાર વાયુછે; ને વિખેરનાર પણ વાયુછે, તેમ બન્ધને કલ્પનાર પણ મનજછે; ને તેજ મન સઘળા પ્રપંચનુ મુલસ્થાનછે ને જ્ઞાન વડે વૈરાગ્ય ઉપજાવી પુરૂષને બન્ધમાંથી મુક્ત કરેછે.

વિશાલાક્ષી—ત્યારે મનને બ્રહ્મ કહી શકાય કે નહીં ?

ઉદયાશૈલ—ના. કારણ કે,

×मनोपिनात्माकरणात्वहेतो,
मनोमदीयंगतमन्यतोभूत् ।
ईतीप्रतीतेर्व्यभीचारीताया,

સંભવે ! દ્રષ્ટાંત, જેમ માટી ઘડાનુ ઉપાદાનછે, પરંતુ એકલી માટીથી ઘડો બને નહીં ને એકલા જળથી પણ ન બને પણ બંનેના સંયોગથી, મૃતિકાનો ઘડો બનેછે, તેમ બંને કારણ રૂપછે."

*"શરીર પણ ચૈતન્ય રૂપ બ્રહ્મ કહી શકાય છે. માત્ર અવિવેકી પુરૂષજ બંનેને ભિન્ન ગણેછે; વિવેકીનો તો આ ભેદ વ્યર્થ છે. જેમ સુવર્ણમાંથી ઉત્પન્ન થનાર કડાં, કુંડલાદી ભુષણ સુવર્ણછે તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયલું સર્વ બ્રહ્મજછે"

सुषुत्पौचर्ता ःन्मनक्षो ॥

વિશાલાક્ષી-ત્યારે યોગેન્દ્ર પિતા,એ બ્રહ્મ પ્રાપ્તથવાનો રસ્તો શો ?

ઉદયાશૈલ—

¹यदानकुरुतेपापंसर्वभूतेषुकार्हिचित् ।
कर्मणामनसावाचाब्रह्मसम्पद्यतेसहा ॥

વિશાલાક્ષી—પિતાજી, ત્યારે એ બ્રહ્મનું અસ્તીત્વ ક્યાં?

ઉદયાશૈલ— ²सर्वंखल्विदंब्रह्मएकमेवाद्वीतीयम् વલી તે દરેક મનુષ્યના હૃદયમાં પણ છે.

વિશાલાક્ષી—બાપુ, જો સર્વ જગત્ બ્રહ્મમય હોય તો સર્વને તે પ્રમાણે ભાન કેમ નથી થતું ?

×શંકરદીગ્વીજય—"મન પણ આત્મા નથી. કારણ કે મન પણ એક જાતનું વિશેષ જાણવાનું સાધન છે અને મારૂં મન બીજે ઠેકાણે ગયું હતું, એમ સ્પષ્ટ રીતે તેને આત્માથી ભીન્નપણું દેખાયછે. સ્રષ્ટીમાં આત્મા રહેછે, અને મન રહેતું નથી. તેમ આત્માને મનનું ભીન્નપણુંછે એમ સિદ્ધ થાયછે"

૧ સ્મૃતિ—જ્યારે મનુષ્ય કોઇ પણ પ્રાણીને પ્રતી કર્મથી, મનથી, વાક્યથી, કદાપી પાપાચર્ણ કરતો નથી, ત્યારે તે બ્રહ્મને પ્રાપ્ત થાય છે, અર્થાત, મન શુદ્ધ થવું જોઈએ.

૨ આ સર્વ જગત્ બ્રહ્મ છે તે એક અથવા અદ્વીતીય છે.

૭૦—[1]अनवगतकाञ्चनानां भूषणधीरेवभूषणेहेमे।
एवमविवेकज्ञानांजगतिजनानांनतात्विकीधिषणा।

વિશાલાક્ષી—પિતા, જો બ્રહ્મને આપણે સર્વવ્યાપક મા-
નીએ તો એને નિંદીત્ કાર્યનો દોષ લાગે?

ઉદયાશૈલ—ના, એમ કહી ન મનાય કરણ કે,

[2]जलेवापिस्थलेवापिलु[illegible]रात्मकः।
नाहंविलिप्येतद्धर्मैर्घटधर्मैर्नभोयथा ॥

વિશાલાક્ષી—ત્યારે મ્હારા યોગેન્દ્ર પિતા, આ સૃષ્ટિની ઉત્પત્તિ
પહેલાં શું હતું?

ઉદયાશૈલ—[3]आत्मावा इदमेकएवाग्र आसीत् ॥

---

૧ સ્વાત્મનિરૂપણ-જેમ બાળક વીગેરે સુવર્ણને ઓળખતાં નથી તેમને કેવળ સુવર્ણના અલંકારમાંજ બુદ્ધી હોય છે. તે સુવર્ણનો છે છતાં તેમાં સુવર્ણ બુદ્ધી નથી તેમ આ લોકમાં આત્માસ્વરૂપને જાણતો નથી તેવા જનોને આ સંપૂર્ણ જગત્ બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થતું નથી.

૨ વિવેક ચુડામણી—આ જડ પદાર્થમય દેહ સ્થલમાં ભલે લોટે પણ જેમ ઘટના ધર્મોથી, આકાશ લોપાતું નથી તેમ એ બ્રહ્મ દેહના ધર્મથી લોપાતો નથી.

૩ રૂગ્વેદના ઐત્તરેયારણ્યકના ઉપનિષદ્માં.

ટીકા—સૃષ્ટિની પૂર્વે આ જગત્ એક આત્મા રૂપજ હતું.

વિશાલાક્ષી—જ્યારે પિતાજી પૂર્વે આત્મરૂપજ હતું ત્યારે સૃષ્ટિ ક્રમ સી રીતે થયો ?

ઉદયાશૈલ—

×एतस्माज्जा तप्राणोम :सर्वेंद्रियाणिचा ।
खंवा ज्योतिरापःपृथिवीविश्वस्यधारिणी ॥

વિશાલાક્ષી—ત્યારે આ સ્થુલ દેહ ક્યાંથી ઉત્પન્ન થયું ?

ઉદયાશૈલ—

*२ ण्व्यास्त्राविनाशिन्यादशाधानां याःस्मृताः।
ताभिःसार्धमिदंसर्वंसंभवत्यनुपूर्वशः ॥

(એટલામાં સાત્વીકી એકદમ પ્રવેશ કરેછે.)

સાત્વીકી—(વિશાલાક્ષીને) બ્હેન ! આપને જોગી સાથે વાત કરવાનું શું પ્રયોજનછે ?

વિશાલાક્ષી--અરે ! મ્હારી વ્હાલી એ ન હોય યોગી ? એજ

×ટીકા—એ પરમાત્માથી પ્રાણ, મન, સર્વ ઇંદ્રીય, આકાશ, વાયુ, તેજ, જલ, તથા, વિશ્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થઈછે.

મનુસ્મૃતિ ટીકા—અણુ એટલે ઝીણાં રજકણોરૂપી પંચ મહાભૂત (આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી,) તેમાંથી થયેલા ભાગ તેના થકી આ સર્વ જગત્ અનુક્રમે ઉત્પન્ન થયુંછે. (એટલે સુક્ષ્મ પદાર્થમાંથી સ્થુળ એ પ્રમાણે બ્રંહ્માની સૃષ્ટિછે.

આપણા પિતા; જે લઘુવયે છોડીને ચાલ્યા ગયા હતા તેજ ?

સાત્વીકી—હેં ? હે ? બાપુ તમે આ. શું કર્યું ? (ગદગદકંઠે)

પીતાજી આજ, ઉઠેછે ડાઝ, જોઈ જોગી રૂપ,
તજો આ તાત, સુણીને વાત, માનો સાચું ભૂપ. પીતાજી.
ઉઠે ચીંતાય, હૃદેનીમાંહ, બાપુ માહરા,
જોગીનો વેશ, ધારી નરેસ, આવ્યાછો અહીંઆં. પીતાજી.
મુકીને તાત , મરી ગઇ માત, કયાં જાઓછો,
ઉછેરી સાર, લડાવી લાડ, ન્યારા શું થાઓછો. પીતાજી.

દાશી—(પ્રવેશ કરી) યોગી રાજ ! લ્યો ભીક્ષા ! (ભીક્ષા આપેછે ને તે લેઇ જાયછે. બંને મૂર્છા ખાઇ પડેછે). (જાયછે).

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાજ્ય દરબાર.

પ્રતિહાર—અખંડ પ્રૌઢ પ્રતાપિ મહારાજાધિરાજ પ્રજાપ્રીય નરેન્દ્રને ઘણી ખમા ?

જગદેકચંદ્ર—પ્રતીહાર—આજ્ઞા કૃપાનાથ?

જગદેકચંદ્ર—પ્રધાનજી ? પેલા મોહમિશ્રરાય તથા પેલી બાઈકયાં છે ? આવ્યા કે નહીં ? ને જો આવ્યાં હોય તો સત્વર બોલાવ ?

પ્રતિહાર—પૃથ્વીનાથની જેવી આજ્ઞા (જાયછેને બોલાવી લાવેછે)

(**મોહમિશ્રરાય**—શેઠાણી—શેઠ—પ્રવેશ કરેછે).

જગદેકચંદ્ર—કેમ મોહમિશ્રરાય ? જાણુતા નથી કે દુષ્ટ કર્મનું ફળ ભોગવવું પડશે ?

મોહમિશ્રરાય—(લજ્જીત થઇ) કૃપાનિધાન ? હું કલંક રહિત છું.

જગદેકચંદ્ર—(ક્રોધમાં) અરે ! તુ કરેલી નીચ કૃતિ અમાન્ય કરેછે? નક્કી સમજજે કે હવે ત્હારી દશા વિપરીત થવા બેઠીછે !

મોહમિશ્રરાય—(નીશ્વાસ યુક્ત) ભૂપતિ ! મે એવું કાંઇ પણ કીધું નથી જે આપને ક્રોધનું કારણ થઇ પડે ?

જગદેકચંદ્ર—અરે ઓ અધમ ?? વિયોગી થયેલી ત્રીયાને વિ-વિધ કૃતિથી ફંદમાં ફસાવવાને અનેક યત્ન નથી કીધા કે શું ?

મોહમિશ્રરાય—(છેક લજ્જીત થઇ) હું નિર્દોષીછું ને મેં એ-વું કાંઈ પણ કાર્ય કીધું નથી.

જગદેકચંદ્ર—અરે ઓ દુષ્ટ !તું શું કાળાં વચનો વદીને મારી પાસે ત્હારાં કર્મની માફી માગેછે? નિચ બુદ્ધિના ત્હારૂં કાર્ય જોતાં મને જરા પણ શાન્તિ વળતી નથી ! ત્હારૂં નિંદીત કર્મ મ્હારા હૃદ-યને ભેદી નાખેછે (સક્રોધ) કયાં ગઇ પેલી નીચ કર્મ કરનારી શેઠાણી?

શેઠાણી—કૃપાનીધાન ! નમન કરૂછું.

જગદેકચંદ્ર—ચાલ ! સાચે સાચું બોલ તું આ કાર્યમાં સ્હાયભૂ-ત હતી કે નહી ? જો અસત્ય બોલીશ તો સ્મૃતિ રાખજે કે હું ત્હા-રો પ્રાણાન્ત આણ્યા સિવાય રહેનાર નથી.

શેઠાણી—(થરથર ધ્રુજતી) ના, ના, કૃપાનાથ ? હું કાંઈ પણ જાણતી નથી.

જગદેકચંદ્ર—(પૂર્ણાવેશે) અરે ! ચંડાલણી, પાપીણી, આ તું શું બોલેછે ? યાદ રાખજે કે ત્હારો શીરચ્છેદ ઝટ કરવામાં આવશે.

શેઠાણી—(સ્વગત) ખરે ! હવે જો હું આ વિષે નહીં કહું તો

નહી મ્હારો પ્રાણ જશે; જે થવાનું હશે તે થશે; પણ બીજાને માટે મારે મારો જીવ શા માટે જોખમમાં નાખવો, લાવને કહીજ દઊં? (પ્રકાશ) "કૃપાનિધાન"! એક કોઇ સુંદર પતિથી વિયોગી થયેલી સ્ત્રી રાજ્ય દાશી સાથે મારા બાગમાં આવી હતી, ને "મોહમિશ્રરાય પણ મારા બાગમાં હમેશ આવતા હતા, અને તેને ચારૂ સર્વાંગી જોઈ તેના પર મોહીત થયા ને એ વિષે મને કહ્યું ત્યારે હું તેને સમજાવી એમના રાજ્ય ચોકમાં ગરબા ગાવા સારૂં તેડી ગઈ, જ્યાં આ નિંદિત્ કાર્યનું પ્રકરણ થયું.

જગદેકચંદ્ર—(મોહમીશ્રરાય તરફ જોઇ) અરે! શાંભળ, આ શું બોલેછે, એ ખરૂંછે કે ખોટું?

(મોહમિશ્રરાય લજ્જીત થઈ નીચું જુએછે ને રાજા એકદમ જોરથી શમશેર ખેંચેછે).

(ક્ષત્રીકલંક, રાહ)

લે લે દુષ્ટ હવે આ તેના ફલ, મુરખ પાપી આશું કીધુરે;
કેમ જન્મ્યો તુ ક્ષત્રીઓને કુળ. મુરખ.
વચન બોલી તું મુખથી મધુર; મુરખ.
તેં તો ગુમાવ્યું ક્ષત્રી કેરૂ નુર. મુરખ.
ધરી જરા નહી તેં શર્મ; મુરખ.
તેં તો તજ્યાંછે નીતિ, રીતિ, ધર્મ. મુરખ.
કુળની ધરી નહી તેં લાજ; મુરખ.
જોઇ ઉઠેછે અંતર દાઝ. મુરખ.

શિરચ્છેદ કરૂં આ ઠાર; મુરખ.

જોઈ જોય મારી આ તરવાર. મુરખ.

(મારવા જાયછે ને સર્વે સભાસદો અટકાવેછે).

(રાગ કલ્યાણ.)

(રાઠ! હાડાજી શું કરો સહાસ આ)

સભાસદો—રાજાજી આવા ક્રોધી બનો નહીં

સહસા કરો નહીં આવુંરે. રાજાજી,

નીતિ, રીતિ, એ પૂર્ણ દીઠીછે;

તેથી કરો નહીં આવુંરે. રાજાજી.

ઉર વિચારો હવે રાણાજી;

થયું હવે જે થનારૂં રે. રાજાજી.

કરોને શિક્ષા રાય તપાસી;

ધર્મ રૂએ તે છે સારૂં રે. રાજાજી.

કુસુમરાય—(જગદેકચંદ્ર તરફ જોય)

*सहसाविदधीतनक्रियां,

मविवेकःपरमापदांपदं ।

वृणतेहिविमृश्यकारीणं,

गुणलुब्धाःस्वयमवसंपदः ॥

---

*(કીરાટમાં) ટીકા—કોઇ પણ કાર્ય અતી ઉતાવળે (સહસા)

માટે જ્યેષ્ટ ભ્રાત! એ સર્વં બાબત હવે જવાદો ?

જગદેકચંદ્ર—(મોહમિશ્રરાયને) અરે! ઓ દુષ્ટ! પાપી, નિર્લજ, અધમ, બોલ સાચું ?

કુસુમરાય—ભ્રાતા; આમ કદી આવો ક્રોધ કરો નહીં, ભાવી કોઇથી ટાળી શકાય એમ નથી, તોપછી આવું કરવામાં શું ફળ. ? કારણકે—

+गजभुजङ्गमयोरपिवन्धनं,
शशिदिवाकरयोर्ग्रहपीडनम् ।
मतिमतांचविलोकयदरिद्रतां,
विधिरहोबलवानितिमेमति ॥

(આથી રાજા શાન્ત થઇ જાયછે)

જગદેકચંદ્ર—પુરોહીતજી, એને માથે, ‡આતતાયીનો દોશ લાગેછે માટે ધર્મ શાસ્ત્ર પ્રમાણે જે શિક્ષા થતી હોય તે કરો ? જેથી પુનઃ આવું કાર્ય ન કરે.

કરવું નહીં કારણકે ઉતાવળું કરવા રૂપ જે અવીવેક છે તે ઉગ્ર આપત્તિનું સ્થાનછે પણ વિચાર રૂપ કાર્ય કરનારને ગુણોથી લોભાયલી સંપતિ પોતાની મેળેજ મળેછે.

+**ભતૃહરી નિતી સતક-ટીકા**—હાથીને સર્પ બંધાયછે, સુર્યને ચંદ્ર રાહુથી પીડાયછે, બુદ્ધિમાન દરીદ્રતા ભોગવે છે તે જોઇ મને તો નીશ્ચય થાયછે કે પ્રારબ્ધજ બળવાનછે.

‡પારકી સ્ત્રીનું હરણ કરનાર.

મોહમિશ્રરાય—(દિન,વદને) **આર્યજનો ?** આવું નિંદીતકાર્ય કોઇ પણ માણુસે કદી ન કરવું, પરસ્ત્રીયાના શંસર્ગથી કેવાં ફળ પ્રાપ્ત થાયછે, તે મેં ચાખ્યાં ? પરસ્ત્રીની પ્રીતથી હમેશ માઠાં ફળ ઉત્પન્ન થાયછે, ને અણી વખતે સ્વહીત ઇચ્છી, પોતાના દીર્ઘકાળ સુધીના પ્રેમનો પરિત્યાગ કરતાં જરાપણ અટકતી નથી. માટે **આર્ય બન્ધુઓ** જેને દુનિઆમાં દીર્ઘકાળ સુધી જીવવાની ઇચ્છા હોય, તેને કદી પણ પરદારા સેવન ન કરવું. **સ્ત્રી કોઇની થઇ નથી ને થનારી નથી** એ નીર્વિવાદ વાક્ય હમેશ સ્મૃતિમાં રાખજો ? (પુરોહીતજી ધર્મસાસ્ત્ર પ્રમાણે શિક્ષા કહેછે. ને વારાંગનાઓ પ્રવેશ કરેછે).

(મુલતાની ઠુમરી)

ધન્ય સભાને, શી આ શોભેછે,
દીવ્ય અલૌકીક, દીશે હે રાજા. ધન્ય સભાને.
પ્રતાપી પૂરા, રણમાંહી શૂરા,
નીતિ, રીતિ, એ પૂર્ણ હે રાજા. ધન્ય સભાને.
પ્રતાપ પામો, કિર્તિ જ જામો,
કષ્ટ સૌ વામો, રાય હો રૂડા. ધન્ય સભાને.
જ્ઞાન તણો તો, માર્ગ તમે છો,
પ્રજા પાલન હો, તમે મહારાજા. ધન્ય સભાને.
ન્યાય અદલ આ, સર્વથી રૂડો,
કુળ તારણ છો. તમે હે રાજા. ધન્ય સભાને

રીદ્ધિ, સિદ્ધિ સૌ વૃદ્ધિજ પામો,

જીવો ઘણું હું, કહું ઓ રાજા,.. ધન્ય સભાને.

(રાજા સીરપાવ આપેછે ને સભા બરખાસ્ત થાયછે.)

श्रीजंबुपुर निवासि
श्रीगोड मालवी
विरचीतं
"जगदेक चंद्र" नाटकं

समाप्तं.

પ્રથમથી આશ્રય આપનાર સદ્ગ્રહસ્થોનાં નામ.

પ્રત.		નામ. (ભરૂચ.) ગામ.
૨૫	રા. રા.	પ્રાણશંકર ઘેલાભાઈ. ભટ્ટ.
૧	,,	ત્રંબકલાલ ત્રીકમદાસ. શાહ.
૧	,,	સીતારામ હરીપ્રસાદ. દ્વીવેદી.
૧	,,	હરગોવનદાશ કલ્યાણદાશ. મેહેતા.
૧	,,	દુર્ગાશંકર બાપુભાઇ. વૈદ્ય.
૧	,,	નવનીતલાલ મગનલાલ. વકીલ.
૧	,,	બાલાશંકર મંછાશંકર. ભટ્ટ.
૧	,,	સાકરલાલ ગોપાલદાશ. સ્ટેઈટતલાટી.
૧	,,	છગનલાલ જગંનાથ,
૧	,,	નેમચંદ દલપતભાઈ. દલાલ,
૧	,,	બાલકૃષ્ણ છોટાલાલ મજમુદાર,
૧	,,	નાથાભાઇ લાલભાઈ
૧	,,	બદ્રીલાલ રતનલાલ
૧	,,	મણીલાલ ભક્તીદાશ.
૧	,,	ઇચ્છાલાલ અમૃતલાલ.
		(નવસારી.)
૧	રા. રા.	મણીલાલ જગાભાઇ
૧	,,	છગનલાલ લક્ષ્મીદાશ
		(સુરત.)
૫	રા. રા.	મનસુખરામ ભોલાનાથ વૈદ્ય.
૧	,,	હરસતરામ મણીરામ. યાજ્ઞીક,
૧	,,	ચંદ્રશંકર ઘેલાભાઇ
૧	,,	અમથારામ મણીરામ.

(અમદાવાદ.)

૫ રા. રા. કૃષ્ણુરામ રાજારામ
૧ ,, રણુછોડલાલ ઉતમરામ
૧ ,, માણેકલાલ ધીરજલાલ
૧ ,, મુકુટરામ નારાયણુ. શાસ્ત્રી.
૧ ,, મણીલાલ સુંદરભાઇ

(ખંભાત.)

૧ રા. રા. લક્ષ્મીનારાયણુ મયાનાથ શુકલ
૧ ,, હીરાલાલ મોતીલાલ. શાહ.
૧ ,, અંબાશંકર કીલાભાઈ પુરોહીત.

(વડોદરા.)

૧ રા. રા. સીતારામ સવીતાનારાયણુ ડેરપોન્ડે.
૧ ,, ઓચ્છવલાલ હરીલાલ.
૧ ,, દેવશંકર દામોદર
૧ ,, મોતીલાલ નરશીરામ

(સુકલતીર્થ.)

૧ રા. રા. મણીલાલ દેવશંકર

(ભાલોદ.)

૧ રા. રા. દલસુખરામ જગજીવન

(સારોદ.)

૧ રા. રા. છોટાલાલ મોતીરામ, દરબાર પુરોહિત.

(કેરવાડા.)

૧ રા. રા. મુલશંકર અમથાભાઇ. મહેતાજી

(ડાકોર.)

૧ રા. રા. ગંગાશંકર પરભુજી દેશાઇ

૧ રા. રા. શોમેશ્વર ગટરભાઈ જોશી.
૧ ,, શોમેશ્વર નાથજી જોશી.

(ઉચ્છદ.)

૧ રા. રા. ધનેશ્વર નાનાભાઇ મહેતાજી
૧ ,, કરૂણાશંકર ગણપતરામ ભટ્ટ.
૧ ,, આશાભાઈ ઇશ્વરભાઇ

(વેરમ.)

૧ રા. રા. મોતીલાલ ત્રીકમદાશ. શોની

(જંબુશર.)

શ્રી જંબુપુર નિવાસિ શ્રી ગોડસ્થાપીત;

૩૦ શ્રી આર્યધર્મોત્તેજક્ વિદ્યા પ્રસારક "સભા"

૨૫ રા. રા. મગનલાલ મોતીરામ. ભરૂચી.
૨૦ ,, નાગેશ્વર અમથા ભાઈ. ઉપાધાય.
૧ ,, રાવસાહેબ. નારાયણ શંકર મણીશંકર. મામલતદાર
૫ ,, સુર્યરામ ભાઉભાઈ દેશાઇ.
૩ ,, વરજીવનદાશ કૃષ્ણાવલભદાશ.
૧ ,, જાગેશ્વર વિધારામ ભટ્ટ.
૧ ,, કાલીદાશ હરી ભાઇ. વૈધ.
૧ ,, હરગોવનદાશ દુર્લભદાશ વકીલ,
૧ ,, ભગુભાઇ પ્રાણવલભદાશ પરી,
૧ ,, હરીરતનરામ આત્મારામ. નાજરસાહેબ.
૧ ,, ખરસેદજી નવરોજજી. એલીફ.
૧ ,, દલપતરામ તુલજારામ. એલીફ.
૧ ,, નાનાલાલ જેશંકર. ભટ્ટ.

૧ રા. રા. જમનાદાશ ભગવાનદાશ. જંત્રાણીઆ.
૧ ,, લક્ષ્મીનારાયણ મંછારામ. તલાટી.
૧ ,, કૃષ્ણાવલભ ભાઇજી. મુનસફ કોર્ટના કારકુન.
૧ ,, હીરાલાલ વીજવલભ. શેઠ.
૧ ,, જીભાઇ બહેચર ઉધરાદાર.
૧ ,, મથુરાંદાશ ગોકલભાઇ. કારકુન
૧ ,, ત્રીભોવનદાશ રણછોડદાશ ડાકટર.
૧ ,, ગોકલેશ્વર વિષ્ણુશંકર ભટ્ટજી.
૧ ,, દેશાઇ પ્રાણુશંકર હીમતરામ સ્ટામ્પવેંન્ડર.
૧ ,, જગમોહનદાશ પ્રાણજીવનદાશ.
૧ ,, ઘેલાભાઈ મોતીરામ તલાટી.
૧ ,, નંદકીશોર લલુભાઈ બેલીફ.
૧ ,, હીમતરામ વિધારામ ભટ્ટ.
૧ ,, મગનલાલ અમથાભાઇ ભટ્ટ.
૧ ,, મુલશંકર નાનાભાઇ દેશાઈ.
૧ ,, છગનલાલ અમથાભાઈ પુરોહીત.
૧ ,, પરસોતમ અંબારામ પુરાણી.
૧ ,, ધનેશ્વર ગિરિજાશંકર પ્રરાણી.
૧ ,, અમૃતરામ અમથારામ ભટ.
૧ ,, રેવાશંકર જગંનાથ દવે.
૧ ,, અમૃતરામ પ્રેમાનંદ દેવગરા તલાટી.
૧ ,, મુલજી પરજારામ જોશી.
૧ ,, પ્રભાશંકર જગજીવન તલાટી.
૧ ,, કૃષ્ણાવલભ કાલીદાશ
૧ ,, જગંનાથ હરીભાઈ વૈધ.

૧ રા. રા. ત્રીભોવનદાશ માણેકલાલ. તલાટી.
૧ રા. રા. ગણપતરામ અભેરામ. પટેલ.
૧ રા. રા. અમૃતરામ દોલતરામ દેશાઈ
૧ ,, ફકીરભાઈ લક્ષ્મીનારાયણ પટેલ
૧ ,, દામોદર મોતીરામ. યાજ્ઞીક
૧ ,, ગિરીજાશંકર નરશીરામ યાજ્ઞીક
૧ ,, શુકલ હરીશંકર પરભુશંકર તલાટી
૧ ,, શોમેશ્વર શિવશંકર વૈદ્ય
૧ ,, છોટાલાલ જગમોહનદાશ શાહ
૧ ,, અમૃતરામ પ્રેમાનંદ
૧ ,, ગિરિજાશંકર કાશીનાથ શુકલ
૧ ,, નાનાલાલ મોહનલાલ પાનવાલા
૧ ,, જગમોહન કૃષ્ણવલવ શાહ
૧ ,, અંબાલાલ કુબેરજી ભટ્ટ
૧ ,, છગનલાલ કેશવલાલ ચોકશી
૧ ,, મણીશંકર વિશ્વનાથ
૧ ,, છોટાલાલ અમથાભાઇ પટેલ
૧ ,, પરભુદાશ જગજીવનદાશ પટેલ
૧ ,, મગનલાલ દ્વારકાંદાશ શાહ
૧ ,, ત્રીભોવનદાશ નાથાભાઈ શાહ
૧ ,, અમૃતરામ ઘેલાભાઇ દીક્ષિત
૧ ,, જેશંગ રૂપશગ ઠાકોર
૧ ,, મોતીલાલ જાદવજી
૧ ,, છોટાલાલ લાલદાશ શાહ
૧ ,, છોટાલાલ મુલચંદ નગરશેઠ

૧ રા. રા. ચુનીલાલ દલપતરામ
૧ ,, છોટાલાલ જીભાઇ ઉપાધ્યાય.
૧ ,, મગનલાલ મંછારામ શૌની
૧ ,, ચીમનભાલ કાલીદાશ ગજેરાવાલા
૧ ,, મગનલાલ મોતીલાલ શાહ
૧ ,, ભાઇશંકર પ્રાણુશંકર ત્રવાડી
૧ ,, હરીલાલ છોટાલાલ પંડ્યા.
૧ ,, મગનલાલ દામોદર
૧ ,, જગમોહન અમૃતલાલ
૧ ,, નાથાભાઇ અભેશંગ
૧ ,, ત્રીભોવનદાશ ભાઇચંદ
૧ ,, અંબાલાલ મગનલાલ વ્યાસ.
૧ ,, મુલજીભાઈ જાદવભાઇ
૧ ,, મગનલાલ રણછોડદાશ
૧ ,, મુલજી ભાઇજી કડીઆ
૧ ,, મોતીલાલ કાલીદાશ બારોટ
૧ ,, ધીરજરામ અનુપરામ
૧ ,, ગીરધર અંબાલાલ ખરાદી
૧ ,, ત્રીભોવનદાસ મગનલાલ શાહ
૧ ,, માણેકલાલ છોટાલાલ શાહ
૧ ,, દુર્ગાશંકર સૂર્યરામ શુકલ

(ગજેરા.)

૧ રા. રા. રણછોડ ત્રીકમ

(દેગામ.)

૧ રા. રા. જેશંકર ગીરધર

વિચાર.

આર્ય બન્ધુઓ..

પરમ કૃપાલુ પરમાત્માના પરીપૂર્ણ પ્રતાપથી આ રળિઆમણો પ્રાંત, ઇશ્વરની વાડી, લક્ષ્મીનું ધામ, તથા સદ્‌ગુણનું સ્થાન અડગ પ્રયત્ને કરેલા શ્રમનો લાભ લેઈ સકશે એમ સમજી કલ્પનારૂપ એક લઘુ પુસ્તક યોજી આર્યોની સેવામાં મુકવા વૃતિ હતી તે આજ ઇશ્વરેચ્છાથી પરીપૂર્ણ થઈ.

વલી પ્રથમ પ્રયાશ હોવાથી એમાં ખામીઓતો હશેજ તેને માટે સુજ્ઞ વાંચનારાઓ તરફથી માફી મલવાની આશા છે.

જો આ પુસ્તકથી વાંચનારાઓને આનંદ માત્ર થયો હશે તો-એ લખવાની મતલબ ઘણે દરજ્જે પાર પડી એમ અમો સમજીશું.

જંબુશર. વિક્રમાર્કે ૧૯૫૦ શ્રાવણમાસ. તા. ૬ અગસ્ટ ૧૮૯૪	લી. પ્રસિદ્ધ કર્તા.

બનાવનાર

અંબાશંકર મોતીરામ ભરૂચી.

તથા

મોહનલાલ અમથાભાઇ ઉપાધ્યાય.

જંબુશર.